વર્ષ : ૪૦ ✦ અંક : ૧
જાન્યુઆરી - ૨૦૧૬

Retail Price Rs. 10/- Each


શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

## ચાલો, પાઠશાળા જઈએ...





ઉચ્ચ પુણ્યાર્જનનું નિમિત્ત

સમયનો સદુપયોગ

તત્ત્વોનો બોધ

ઉચ્ચ ચારિત્ર ઘડતર

સંસ્કારપ્રેરક વાતાવરણ

સંતોના સાન્નિધ્યનો લાભ

સદ્‌ગુણોની ખીલવણીનું નિમિત્ત

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## રાષ્ટ્રસંત પૂજ્ય આચાર્યશ્રી પદ્મસાગરજી મહારાજ સાથે સત્સંગની વેળાએ



## પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજ સાથે ધર્મવાર્તાની વેળાએ





ઈડર આશ્રમના અમૃત મહોત્સવ અંતર્ગત કૃપાળુદેવની જન્મજયંતિ નિમિત્તે શોભાયાત્રા

## સંસ્થા સંચાલિત ગુરુકુળમાં સંસ્કૃતના વર્ગના ઉદ્‌ઘાટનની વેળાએ (તા. ૨૦-૧૨-૨૦૧૫)





-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ............. શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૫

(૨) સમ્યક્ચારિત્રનું મહત્ત્વ ........ પૂ.શ્રી આત્માનંદજી ...... ૬

(૩) કામનાનો કાર્ડિયોગ્રામ ...... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૦

(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન ........................ પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૩

(૫) શ્રી ભક્તામર સ્તોત્ર ....... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૧૬

(૬) સમ્યક્જ્ઞાન ................. બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૦

(૭) વિભુત્વ શક્તિ ............. શ્રી વલભજી હીરજી .... ૨૩

(૮) સમ્યક્ જીવન ............. શ્રી વિભાબેન મહેતા .... ૨૪

(૯) ચાલો, શિબિરમાં જઈએ ....... શ્રી નિરુપમાબેન ડગલી ..... ૨૬

(૧૦) સાધર્મિક ભક્તિ ..... શ્રી ગુણવંતભાઈ બરવાળિયા .... ૨૮

(૧૧) આપણે ધર્મને જીવનમાં વણી લીધો છે ખરો ? ... .......................... શ્રી જયશ્રીબેન શાહ .... ૩૧

(૧૨) દુઃખનો સનાતન પ્રશ્ન ......... શ્રી ધૂની માંડલિયા .... ૩૨

(૧૩) કેમ જીવવું ? ............... શ્રી છીતુભાઈ ભક્ત .... ૩૪

(૧૪) પરિગ્રહ ..................... શ્રી રવિલાલ વોરા .... ૩૫

(૧૫) બાળવિભાગ ............... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૬

(૧૬) Yuva Times ........................................ ૩૮

(૧૭) સમાજ-સંસ્થા દર્શન ................................ ૩૧

**વર્ષ : ૪૦ જાન્યુઆરી, ૨૦૧૬ અંક - ૧**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

શ્રી આત્મસિદ્ધિની પ્રથમ ગાથામાં આપે લખ્યું છે,

“જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.”


આપશ્રીએ આપના દિવ્યનેત્રોથી જોઈને પૂર્વભવોના અનુભવના નિચોડરૂપે આમ કહ્યું છે. તેથી અમને પણ સમજાયું છે કે અનાદિકાળથી અમારા આત્માએ આત્મસ્વરૂપ નહીં સમજવાના કારણે, અનંત દુઃખોનો જ અનુભવ કર્યો છે તેથી સાચું સુખ શું છે તે અમે કદી સમજ્યા નથી. આ ભવમાં આપનું શરણ અને પ્રત્યક્ષ સદ્ગુરુદેવના ચરણાશ્રય પછી જે પણ સુખ, શાંતિ અને આનંદનો અનુભવ થયો છે તેથી અનુમાન થાય છે કે ક્યાં બળબળતા બપોરની ગરમી અને ક્યાં પૂનમના ચંદ્રની સૌમ્યતા ! ક્યાં જ્વાળામુખીનો ઉતાપ અને ક્યાં મલયગિરીના ચંદનની શીતળતા ! ક્યાં બાવળનું કાંટાળું ઝાડ અને ક્યાં કલ્પવૃક્ષની કરામત ! ક્યાં એની કમનીયતા !

હે પ્રભુ ! અમારે હવે આ ક્લેશમય સંસારથી વિરામ પામવું છે. અનંત દુઃખોથી મુક્ત થવું છે અને તેથી જેમણે એ અનંત દુઃખમાંથી મુક્ત થવાનો ઉપાય બતાવ્યો છે તે સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી અમે નમસ્કાર કરીએ છીએ. કારણ કે આપે કહ્યું છે કે પ્રત્યક્ષ સદ્ગુરુદેવ જેવો બીજો કોઈનો ઉપકાર નથી એવો લક્ષ થાય ત્યારે આત્મવિચાર અંતરમાં ઉદ્ભવે છે અને “જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન; જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.” તેથી અમે હવે તમારું, તમારા મુનિનું, તમારા ધર્મનું શરણ ગ્રહીએ છીએ. એક પળ પણ તમારા કહેલા તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર અમે રહીએ એ જ અમારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ. એવું માગીએ છીએ તે સફળ થાઓ, સફળ થાઓ.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક - ૧૭૬

**મુંબઈ, કાર્તિક વદ ૯, શુક્ર, ૧૯૪૭**

જીવન્મુક્ત સૌભાગ્યમૂર્તિ સૌભાગ્યભાઈ

મોરબી.

મુનિ દીપચંદજી સંબંધી આપનું લખવું યથાર્થ છે. ભવસ્થિતિની પરિપક્વતા થયા વિના, દીનબંધુની કૃપા વિના, સંતના ચરણ સેવ્યા વિના ત્રણે કાળમાં માર્ગ મળવો દુર્લભ છે.

જીવને સંસારપરિભ્રમણનાં જે જે કારણો છે, તેમાં મુખ્ય પોતે જે જ્ઞાન માટે શંકિત છીએ, તે જ્ઞાનનો ઉપદેશ કરવો, પ્રગટમાં તે માર્ગની રક્ષા કરવી, હૃદયમાં તે માટે ચળવિચળપણું છતાં પોતાના શ્રદ્ધાળુને એ માર્ગ યથાયોગ્ય જ છે એમ ઉપદેશવું, તે સર્વથી મોટું કારણ છે. આમ જ આપ તે મુનિના સંબંધમાં વિચારશો, તો લાગી શકશે.

પોતે શંકામાં ગળકાં ખાતો હોય, એવો જીવ નિઃશંક માર્ગ બોધવાનો દંભ રાખી આખું જીવન ગાળે એ તેને માટે પરમ શોચનીય છે. મુનિના સંબંધમાં આ સ્થળે કંઈક કઠોર ભાષામાં લખ્યું છે એમ લાગે તો પણ તેવો હેતુ નથી જ. જેમ છે તેમ કરુણાર્દ્ર ચિત્તે લખ્યું છે. એમ જ બીજા અનંતા જીવ પૂર્વકાળે રખડ્યા છે, વર્તમાનકાળે રખડે છે, ભવિષ્યકાળે રખડશે.

જે છૂટવા માટે જ જીવે છે તે બંધનમાં આવતો નથી આ વાક્ય નિઃશંક અનુભવનું છે. બંધનનો ત્યાગ કર્યે છૂટાય છે, એમ સમજ્યા છતાં તે જ બંધનની વૃદ્ધિ કરવી, તેમાં પોતાનું મહત્ત્વ સ્થાપન કરવું, પૂજ્યતા પ્રતિપાદન કરવી, એ જીવને બહુ રખડાવનારું છે. આ સમજણ સમીપે આવેલા જીવને હોય છે, અને તેવા જીવો સમર્થ ચક્રવર્તી જેવી પદવીએ છતાં તેનો ત્યાગ કરી, કરપાત્રમાં ભિક્ષા માગીને જીવનાર સંતના ચરણને અનંત અનંત પ્રેમે પૂજે છે, અને જરૂર તે છૂટે છે.

દીનબંધુની દૃષ્ટિ જ એવી છે કે છૂટવાના કામીને બાંધવો નહીં; બંધાવાના કામીને છોડવો નહીં. અહીં વિકલ્પી જીવને એવો વિકલ્પ ઊઠે કે જીવને બંધાવું ગમતું નથી, સર્વને છૂટવાની ઇચ્છા છે, તો પછી બંધાય છે કાં ? એ વિકલ્પની નિવૃત્તિ એટલી જ છે કે, એવો અનુભવ થયો છે કે, જેને છૂટવાની દૃઢ ઇચ્છા થાય છે, તેને બંધનનો વિકલ્પ મટે છે; અને એ આ વાર્તાનો સત્સાક્ષી છે.

એક બાજુથી પરમાર્થમાર્ગ ત્વરાથી પ્રકાશવા ઇચ્છા છે, અને એક બાજુથી અલખ 'લે'માં સમાઈ જવું એમ રહે છે. અલખ 'લે'માં આત્માએ કરી સમાવેશ થયો છે, યોગે કરીને કરવો એ એક રટણ છે. પરમાર્થનો માર્ગ ઘણા મુમુક્ષુઓ પામે, અલખ સમાધિ પામે તો સારું અને તે માટે કેટલુંક મનન છે. દીનબંધુની ઇચ્છા પ્રમાણે થઈ રહેશે.

અદ્‌ભુત દશા નિરંતર રહ્યા કરે છે. અબધુ થયા છીએ; અબધુ કરવા માટે ઘણા જીવો પ્રત્યે દૃષ્ટિ છે.

મહાવીર દેવે આ કાળને પંચમકાળ કહી દુષમ કહ્યો, વ્યાસે કળિયુગ કહ્યો; એમ ઘણા મહાપુરુષોએ આ કાળને કઠિન કહ્યો છે; એ વાત નિઃશંક સત્ય છે. કારણ, ભક્તિ અને સત્સંગ એ વિદેશ ગયાં છે, અર્થાત્ સંપ્રદાયોમાં રહ્યાં નથી અને એ મળ્યા વિના જીવનો છૂટકો નથી. આ કાળમાં મળવાં દુષમ થઈ પડ્યાં છે, માટે કાળ પણ દુષમ છે. તે વાત યથાયોગ્ય જ છે. દુષમને ઓછા કરવા આશિષ આપશો. ઘણુંય જણાવવાની ઇચ્છા થાય છે, પણ લખવાની કે બોલવાની ઝાઝી ઇચ્છા રહી નથી. ચેષ્ટા ઉપરથી સમજાય તેવું થયા જ કરો, એ ઇચ્છના નિશ્ચળ છે.

વિ. આજ્ઞાંકિત રાયચંદના દંડવત્.

# સમ્યક્ચારિત્રનું મહત્ત્વ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



ભિન્ન ભિન્ન દર્શનોમાં કર્મનો અર્થ જુદો - જુદો કરાયેલ છે, પરંતુ અહીં કર્મનો અર્થ સત્ પ્રવૃત્તિના અર્થમાં સમજવો. Enlightened character. Awareness of one's duty towards one's own self towards the family, towards the city, towards the nation, towards the universe.

કર્તવ્યનિષ્ઠા, કર્મઠતા (Appropriate Enlightened conduct)

સ્વામી શિવાનંદજી એમ કહેતા કે ભાઈ ! ઉત્તમપદની પ્રાપ્તિ કરવી હોય તો ત્રણેય વસ્તુઓને એટલે કે ભક્તિ, જ્ઞાન અને કર્મને જીવનમાં બરાબર ન્યાય આપજો.

અહીં હેન્ડની વાત છે. હાથ કે કર્મઠતા કાર્યનિષ્ઠાનું પ્રતીક છે. ધ્યેયનિષ્ઠા, સરફરોશીની ભાવનાનું પ્રતીક છે. ગંગાસતી પણ એક પદમાં કહે છે કે

''શિર તો કર્યા છે કુરબાન રે''

''सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।''

— શ્રી તત્ત્વાર્થસૂત્ર

સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન અને સાચું આચરણ તે યોગ્ય રીતે કાર્યાન્વિત બને તો આપણને ઉત્તમ પદની પ્રાપ્તિ થાય. મોક્ષમાર્ગને દુનિયાના લોકો જાણતા નથી એટલે ડરે છે. તેઓ એમ માને છે કે ધર્મ કરવાથી વર્તમાન ભવમાં (જન્મમાં) આપણા ઉપર ઘણા દુ:ખ પડે છે અને મૃત્યુ બાદ સ્વર્ગમાં જઈએ ત્યારે તે ધર્મના ફળરૂપ સુખની પ્રાપ્તિ થાય છે, પરંતુ જ્ઞાની ભગવંતો આ વાત સાથે સહમત થતા નથી. તેઓ તો કહે છે કે ધર્મનું સુખ તો રોકડિયું છે. ધર્મ કરો કે તુરંત સુખની પ્રાપ્તિ થાય છે. અંતરંગમાં શાંતિ, નિરાકુળતાનું વેદન થાય છે. જેણે પરમધર્મરૂપ આત્માનો અનુભવ કર્યો નથી તેને ઉત્તમ આનંદની પ્રાપ્તિ ક્યારેય પણ થતી નથી. સંતો કહે છે.

''ધરમ કરત સંસારસુખ, ધરમ કરત નિર્વાણ;
ધરમ પંથ સાધે બિના, નર તિર્યંચ સમાન.''

આ કળિકાળમાં, બુદ્ધિવાદના યુગમાં ધર્મ વિશે ઘણી ભ્રાંત માન્યતાઓ ચાલે છે. સાચા ધર્મની એટલે કે સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની કેમ આટલી બધી અનિવાર્યતા છે તેને આપણે એક દૃષ્ટાંતના માધ્યમથી સમજીશું.

એક મોટું જંગલ છે અને તેમાં ભયંકર આગ લાગી છે માટે વનમાંથી નાસીને નગર તરફ જવું જીવન બચાવવા માટે જરૂરી બન્યું છે, પણ તે નગર તરફ જવું કેવી રીતે ? તો સર્વ પ્રથમ તો આપણે રસ્તાને બરાબર જોઈ શકતા હોવા જોઈએ એટલે કે સર્વપ્રથમ દૃષ્ટિ હોવી તે આવશ્યક છે. વળી, આગળ ચાલીએ અને ત્રણ-ચાર કેડીઓ આવે તો તેમાંથી કઈ કેડી નગર તરફ જાય છે તેનો જો ખ્યાલ ન હોય અને જો ઊંધી વાટે ચડી જઈએ તો ફરી પાછા ફરીને તે જ જંગલમાં આવી જઈશું. માટે જ્ઞાનની પણ જરૂર છે. પરંતુ જો હાથ-પગ ન હલાવીએ, દોડીએ નહીં તો આપણે જંગલમાં જ રહી જઈશું અને બળી જઈશું. માટે હાથ-પગ અને સાથે દોડવાની ગતિ પણ જોઈએ કેમ કે ''ગતિ કરે તો પ્રગતિ થાય''.

લોકોને ભલે તે ગતિ દેખાય કે ન દેખાય પણ અંદરથી તે ગતિ તેજસ્વી અને ઓજસ્વી હોવી જોઈએ. નિરંતર જાગૃત જ્યોતિવાળી હોવી જોઈએ. આમ, આ ત્રણેયની જરૂર છે. કારણ કે ભક્તિ દ્વારા દૃષ્ટિ મળે છે, જ્ઞાન દ્વારા જાણકારી મળે છે અને આચરણ દ્વારા ઈષ્ટ સ્થાને પહોંચવાની શક્તિ અને પ્રક્રિયા પ્રાપ્ત થાય છે. આમ, આપણા જીવનમાં સર્વાંગીણ વિકાસ માટે આચરણની પણ જરૂર છે. આપણે જેને કર્મ કહીએ છીએ તે કર્મ દ્વારા જીવનની ઉન્નતિ ત્યારે જ થઈ શકે કે જ્યારે તે કર્મ પ્રબુદ્ધ અને સત્ હોય. અહીં ખોટા કર્મ કરવાની તો વાત જ નથી તથા એકલા સારા કર્મોમાં પણ રોકાઈ જવાનું નથી; કારણ કે આપણા જીવનનું મુખ્ય ધ્યેય મોક્ષ પ્રાપ્ત કરવાનું છે. ભગવાન મહાવીરે જે દિવ્ય બોધ આપ્યો તેનું સંકલન ગણધર ભગવાને કર્યું; જે બાર અંગના રૂપમાં માનવામાં આવે છે. તે ૧૨ અંગ પૈકી પહેલું અંગ છે આચારાંગ અને આપણી ભારતીય સંસ્કૃતિનું પ્રસિદ્ધ સૂત્ર પણ છે કે,

**आचारः प्रथमो धर्मः ।**

ભગવાન ઋષભદેવ હોય, ભગવાન મહાવીર હોય કે ભગવાન રામ હોય તેમણે પ્રથમ ઉપદેશ આપ્યો નથી, પરંતુ પોતે પોતાના આચરણથી સિદ્ધ કરીને આ સર્વોત્તમ માર્ગને પ્રયોગાત્મક રીતે પ્રગટ કરીને બતાવ્યો છે. આ પરંપરા વર્તમાનમાં છેક મહાત્મા ગાંધીજી સુધી ચાલી. મહાત્માજીને કોઈએ પૂછ્યું કે આપના સમગ્ર જીવનના અનુભવના નિચોડરૂપે આપ અમને એવો કંઈક બોધ આપો કે જેથી અમે પણ તે બોધનું અનુકરણ કરી અમારા જીવનનો વિકાસ સાધી શકીએ ત્યારે ગાંધીજીએ માત્ર એટલું જ કહ્યું,

"My life is my message."

चारित्तं खलु धम्मो ।

ચારિત્ર છે તે ખરેખરો અથવા સાચો ધર્મ છે. માટે ગમે તેટલી અંદરમાં શ્રદ્ધા હોય, જ્ઞાન હોય પરંતુ જો ચારિત્ર કે આચરણ ન હોય તો જીવન-પરિવર્તન થતું નથી. ચારિત્ર વિનાની શ્રદ્ધા તે સાચી નથી, પણ ઉપલક છે. માટે આત્મકલ્યાણનો માર્ગ તે જીવનનું Sublime transformation છે. સંતો પણ કહે છે કે,

કેટલી સુધારી વૃત્તિ ? કેટલી બગાડી ?
કયા પાટે ચાલી રહી જિંદગીની ગાડી ?
પ્રભુ પંથ પામવાને પાટા બદલાવજો,
આ જિંદગીના ચોપડામાં સરવાળો માંડજો.

આ પાટા બદલાવવા તેને સત્કર્મ કહે છે. વ્યવહારમાં પણ આપણે જેટલી ઊંચી ઈમારત બાંધવી હોય તેટલો જ ઊંડો અને મજબૂત પાયો નાખવો પડે, તેમ આપણે પણ આપણા જીવનમાં જો સારા કાર્યો કરવા હોય, જીવનને સુધારવું હોય, જીવનને કર્તવ્યનિષ્ઠ તથા ધ્યેયનિષ્ઠ બનાવવું હોય તો આપણા જીવનમાં આચારરૂપી પાયાને મજબૂત કરવા માટે ચોરી, જુગાર, માંસાહાર, શિકાર, દારૂ, વેશ્યાગમન, પરસ્ત્રીગમન - આ સાત વ્યસન કરવા જોઈએ નહીં કારણ કે વ્યસન તે આપણને પરાધીન બનાવી દે છે. વ્યસન તે આપણો ક્રમશઃ નાશ કરે છે. વ્યસન સહિત જો સત્કાર્ય કરવામાં આવે તો તે સત્કાર્ય પણ નિષ્ફળ થઈ જાય છે; જેવી રીતે ડોલમાં જો ચાર-પાંચ મોટા કાણા હોય અને તેને જો નળ નીચે ભરવા મૂકીએ તો તે ક્યારેય ભરાતી નથી. આચરણ માટે બીજી મૂળભૂત પાયારૂપ આવશ્યકતા તે આપણા અંતરંગ વ્યક્તિત્વમાં ચાર ભાવના- મૈત્રી, કરુણા, ગુણપ્રમોદ અને માધ્યસ્થભાવના હોવી જરૂરી છે.

**૧. મૈત્રી :**

પ્રેમ તે પરાકાષ્ઠા છે, જેની શરૂઆત મૈત્રીથી

થાય છે. તે મૈત્રીભાવ પ્રાણીમાત્રમાં ફેલાય ત્યારે તે પ્રેમ પરાકાષ્ઠારૂપ બને છે. આ ભાવનાને "वसुधैव कुटुम्बकम्" કહે છે, જેને વાસુદેવ શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે,

यो मां पश्यति सर्वत्र, सर्वम् च मयी पश्यति ।

અથવા મહાવીર ભગવાન તેને કહે છે કે તું જેને હણે છે તે તું પોતે જ છે. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક - ૩૦૧માં કહે છે કે "જગત આત્મરૂપ માનવામાં આવે."

**૨. ગુણપ્રમોદ :**

અત્યારે કળિયુગ ચાલે છે એટલે સર્વગુણસંપન્ન કોઈ ધર્માત્મા આપણને મળે એવા કોઈ અણસાર અત્યારે જણાતા નથી. કોઈ મહાત્મા એવા જરૂર હોય કે જેમનામાં ઘણા ગુણો હોય, પણ તેઓ સર્વગુણસંપન્ન તો ન જ હોય. માટે જો આપણે આપણા સંપર્કમાં આવતા વ્યક્તિઓનાં જો માત્ર દોષો જ જોઈશું તો આપણો કોઈ દિવસ ઉદ્ધાર થશે નહિ. માટે આપણે ગુણપ્રમોદ ભાવનાને જીવનમાં ઉતારવી.

"ગુણથી ભરેલા ગુણીજન દેખી,
હૈયુ મારું નૃત્ય કરે,
તે સંતોના ચરણકમળમાં
મુજ જીવનનું અર્ધ્ય વહે."

આપણા અંતરમાં તો ગુણિયલજનોને જોઈને સામાન્ય રાજીપો પણ થતો નથી ! માટે હૃદયને ભાવનાથી ભીનું રાખવું. સિદ્ધ ભગવાનના સ્વરૂપને જાણીને જેઓ એવી શ્રદ્ધા કરે છે કે તેઓ અનંતકાળ સુધી અનંત આનંદ નવો નવો ક્ષણે ક્ષણે અનુભવે છે, તો તેમને મોક્ષતત્ત્વની શ્રદ્ધા થઈ જાય છે. આવા જીવ સમ્યક્દૃષ્ટિ છે - સાચા ધર્માત્મા છે; જેઓ થોડા સમયમાં પરમાત્મા થઈ જશે. આમ, આપણે આપણા સંપર્કમાં આવતા દરેક વ્યક્તિના ગુણોને જોવાં અને ગ્રહણ કરવાં.

**૩. કરુણા :**

કરુણા તે મૈત્રીભાવનાનું ફળ છે. જો આપણને જગતના સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ હોય તો આપણે તેમના સુખ-દુઃખના ભાગીદાર બનીએ છીએ અને તેમના દુઃખને ઓછું કરવા માટે, તેમને શાતા ઊપજે, સુખ ઊપજે, સગવડ રહે તે માટે આપણે આપણી સગવડ જતી કરીને પણ તેમને મદદરૂપ થવાનો પ્રયત્ન કરીએ છીએ તે કરુણાભાવ છે.

**૪. માધ્યસ્થભાવના :**

માધ્યસ્થભાવનાને બધા જ આર્યદર્શનોએ સ્વીકારી છે. મહર્ષિ પતંજલિએ યોગદર્શનમાં એનો વિસ્તાર કર્યો છે. બુદ્ધ તથા મહાવીર ભગવાને પણ તેનો વિસ્તાર કર્યો છે. સામાન્યરીતે આ કળિકાળમાં ધર્મ કરવાની, આત્મકલ્યાણ કરવાની અનુકૂળતા ઓછી હોય છે. બહારના બધા પ્રસંગો, પ્રકારો, દેશ, કાળ, શરીર, સ્વજનો, પૂર્વ સંસ્કાર વગેરે ઓછું અનુકૂળ છે. તેથી આપણે જ્યારે ધર્મ કરીએ ત્યારે અન્ય લોકો આપણી નિંદા કરે છે. આપણે જ્યારે કોઈને સત્ય કહીએ ત્યારે તેઓ માનતા નથી અને આપણને ઠપકો ઈત્યાદિ આપે છે એવા સમયે આપણે સમતા રાખવી. તેમની ઉપેક્ષા આદિ કરવી એટલે કે તે સમયે આપણે ક્રોધ ઈત્યાદિ કરવા નહિ અને કેમ તેઓ મારી સાચી વાત માનતા નથી એવા ભાવ અંદરમાં કરવા નહીં તે માધ્યસ્થભાવના છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ મહારાજે જે અનાસક્ત કર્મયોગની વાત કરી છે તેમાંના થોડા મુખ્ય સૂત્રોની અહીં આપણે વિચારણા કરીશું :

**(૧) योगः कर्मसु कौशलम् ।**

પોતાનું જે કર્તવ્ય હોય તે કુશળતાપૂર્વક

બજાવવું તેને યોગ કહે છે.

(૨) **स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिम् लभते नरः ।**

પોતાના ભાગમાં જે કાંઈ પણ યોગ્ય કાર્ય કરવાનું આવ્યું હોય તે કાર્ય રૂડી રીતે કરતાં મનુષ્ય સિદ્ધિને પામે છે.

દુનિયામાં કોઈ પણ સફળતા મળે તે તો સિદ્ધિ છે, પણ આત્મા નિર્મળ થાય અને સમાધિનો આનંદ મળે તે સંસિદ્ધિ છે. અને તેનાથી મોટી સિદ્ધિ આ વિશ્વમાં બીજી કોઈ છે જ નહિ. આપણે જીવનમાં સત્કાર્યો કરવાના છે તથા કોઈપણ મનુષ્ય જીવનમાં સત્કાર્યો કર્યા વિના રહી શકતો નથી કારણ કે સાતમા ગુણસ્થાન પછી નિર્વિકલ્પ સમાધિ વિશેષ રહે છે કે જેમાં બહારથી કાંઈ કરવાનું રહેતું નથી. માટે આપણે અત્યારે સાતમા ગુણસ્થાને નથી તેથી ખાસ લોકોત્તર દિવ્ય પદ્ધતિથી સત્કાર્યો કરવાં. ભગવાને ચારિત્રને મોક્ષનું કારણ કહ્યું નથી, પરંતુ દિવ્ય પદ્ધતિયુક્ત સમ્યક્ ચારિત્રને મોક્ષનુંકારમ કહેલ છે, જ્ઞાન કે શ્રદ્ધાને નહિ પરંતુ સમ્યગ્દર્શન, સમ્યક્ જ્ઞાનને મોક્ષના કારણ કહ્યાં છે. જો કોઈ માત્ર કરવા ખાતર જ કાર્ય કરે અથવા રૂઢિગત રીતે કે અભિમાન કરીને કરે અથવા કર્તા બનીને કાર્ય કરે તો તે અજ્ઞાની જ છે અને તે મોક્ષમાર્ગમાં આગળ વધી શકશે નહીં. ભક્તકવિ શ્રી નરસિંહ મહેતા પણ કહે છે કે

''હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એની પરે,
જોગી જોગેશ્વરા કોઈક જાણે.''

આવી સંતોની વાણી જ્યાંથી નીકળી છે એવા દિવ્યજ્ઞાનને આપનાર એવો ગુરુગમ જો આ જીવને મળે તો જ આ જીવ સંતોની વાણીને સમજે, તે સિવાય બીજો કોઈ ઉપાય નથી.

કોઈ શેષ ગણેશ મહેશ રટે
કોઈ પૂજત પીર પયગંબર કો
સબ પંથ ગરંથ છૂડા કરકે,
એક ઈશ્વર મેં મન જોડ દિયા;
ઐસી કરી ગુરુદેવા દયા,
મેરા મોહ કા બંધન તોડ દિયા.

સત્કર્મ કરવાનું છે પણ તે કરતાં કર્તાપણુ તથા અભિમાન કરવાનુ નથી તે વાત અહીં ત્રીજા સૂત્રમાં કહી છે.

(૩) **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।**

પોતાના કર્તવ્યને સારી રીતે કરવું ત્યાં સુધી તો તમારો અધિકાર છે પણ તે કર્મને કર્યા બાદ તે કર્મના ફળરૂપે તમને સફળતા મળે કે નિષ્ફળતા મળે તે તમારા અધિકારની વાત નથી.

રામે રાવણને માર્યો નથી, તો કોણે માર્યો ? તો કહે છે કે રામે તો ન્યાયની રક્ષા કરી છે. જો રામે રાવણને માર્યો હોત તો લંકાનું બધું સોનું રામે અયોધ્યા પહોંચાડી દીધું હોત. પરંતુ એવું કાંઈ એમણે કર્યું નથી. તે ઉપરાંત પણ રામે ત્રણવાર રાવણ સાથે સમાધાન કરવા માટેના શાંતિ પ્રયત્નો કર્યા હતા. કોઈ પણ સારા કાર્ય સાંસારિક ઈચ્છા સહિત કરવા નહીં.

''પર દુ:ખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે''

આવા કર્મ (સત્કાર્યો) એટલે ચારિત્ર તે આત્મા સાથે લાગેલા કર્મોનો નાશ કરે છે.

''એક મણ જ્ઞાન કરતાં અધોળ આચરણ ચઢે.''

Duty is Diety.

Diety એટલે ભગવાન. જે પોતાની ફરજ

**(અનુસંધાન પાના નં. ૧૯ પર...)**

परमनो स्पर्श - ૭૩

# કામનાનો કાર્ડિયોગ્રામ

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

માનવચિત્તમાં ઉદ્‌ભવતી, પછી આસન જમાવતી અને અતિ ચંચળ તથા ક્રિયાશીલ બનીને પ્રવર્તતી કામનાની વૃત્તિનો કાર્ડિયોગ્રામ જોઈએ. એ વ્યક્તિમાં ક્યારે જાગે છે, એના ચિત્તમાં કઈ રીતે પ્રવર્તે છે અને ક્રમશઃ એના ચિત્ત પર ધીરે ધીરે કઈ રીતે પ્રભુત્વ જમાવે છે, એ સમજવું ભલભલા સાધકને માટે પણ કપરું કામ છે.

માત્ર એક કામનામાંથી અનેક કામનાઓ જન્મે છે. બહુરૂપીના ખેલની માફક એ વારંવાર પોતાના રસ્તા, વલણ અને રૂપ-સ્વરૂપ બદલે છે. સમય જતાં એ કામના વ્યક્તિને સંસારના બંધનથી મુશ્કેટાટ બાંધી દે છે. ધીરે ધીરે એ બંધન ગાઢ થતાં આસક્તિમાં પરિણમે છે. પછી તો એ માનવીનું જીવનધ્યેય કે જીવનધર્મ સદૈવ એ આસક્તિની આળપંપાળ બની જાય છે. એ કામના જ આયુષ્યને દોરવાં લાગશે અને એ ભવિષ્યની રચના પણ કરશે.

એ વર્તમાનમાં રહીને ભવિષ્યનું સર્જન કરશે. તમારા ચિત્તમાં એવી ધારણાઓ સ્થાપશે કે ધીરે ધીરે એ ધારણાઓને કે એ કાલ્પનિક સુખને જ પરમ સત્ય માનશે. જેમ કે અતિ ધનવાન થવાની કામના રાખી, એને માટે રાતદિવસ ખૂબ મહેનત કરી. જરૂર પડ્યે ખોટા કે અયોગ્ય માર્ગો અપનાવીને સંપત્તિ મેળવવાનો પ્રયાસ કર્યો અને આટલું બધું કરવા છતાં તમે નિષ્ફળ ગયા, તો તમે એ નહીં વિચારો કે તમારી કામના જ મૂળભૂત રીતે ખોટી હતી. તમારા અતિ લોભનું આ પરિણામ છે. તમે સતત રાખેલી આસક્તિનો આ અંજામ છે, પણ તમે એમ વિચારશો કે મારું નસીબ જ ફૂટેલું છે એટલે કશી બરકત આવતી નથી. એ પછી જીવનની દરેક બાબતનો વિચાર કરતી વખતે તમે એ ધારણા સાથે વિચાર કરશો કે તમે કમનસીબ માનવી છો ! અપશુકન સાથે સદાનો નાતો છે અને પ્રારબ્ધ તમારાથી રિસાઈને સાવ રૂઠી ગયું છે.

તમે એવું પણ વિચારવા લાગો કે આ કાપડના ધંધામાં ઘણી મહેનત કરી, પણ ફાવટ આવતી નથી. આ મારે માટે અપશુકનિયાળ વ્યવસાય છે, આથી તમે જિંદગીનાં ઘણાં વર્ષો કાપડનાં વેપારની પાછળ ગાળ્યા હશે, તેમ છતાં તમે એકાએક એ વેપાર સમેટી લેશો.

માનવીમાં જાગતી કામના આટલેથી અટકી જતી નથી. રાવણની કામના માત્ર એના પોતાના જ નાશનું કારણ નહીં, બલ્કે સમગ્ર કુળના નાશનું કારણ બની. જો પ્રેમમાં તમને નિષ્ફળતા મળશે તો તમે માનવા લાગશો કે મનપસંદ પત્ની મારા ભાગ્યમાં જ નથી. કામના રાખી, ત્યારે એવો કશો વિચાર કર્યો નહોતો, પરંતુ જેમ જેમ પ્રણયમાં નિષ્ફળતા મળતી ગઈ તેમ તેમ મનમાં કેટલીય ધારણાઓ ઊભી થતી ગઈ. પ્રણયમાં નિષ્ફળતા મળતાં તમે દુઃખી દુઃખી થઈ જશો. પોતાની જાતને દેવદાસ માનીને વધુને વધુ દુઃખમાં ડૂબેલા રહેશો. જગત આખું દુઃખથી ભરેલું દેખાશે અને આસપાસનાં વૃક્ષો અને આખી સૃષ્ટિ પણ તમારી સાથોસાથ રડતી હોય તેવો દુઃખદ અનુભવ કરશો !

આ સમયે તમે એ બાબતનો વિચાર કરતા નથી કે તમે જે કામના રાખી હતી, તે જ મૂળે ખોટી હતી. તમે એમ માનીને દોડતા હતા કે આ સ્ત્રી કે આ પ્રેયસી મળશે, એટલે જગતનું સઘળું

સુખ મળી જશે. એની પ્રાપ્તિ એ જ તમારું ધ્યેય હતું, પણ એ સમયે મનમાં એવો લેશ પણ વિચાર આવ્યો નહોતો કે આ મારા સંપૂર્ણ સુખને મારી પ્રેયસીમાં સીમિત કરીને બેઠો છું તે યોગ્ય છે ખરું ? ખરેખર એ મારા જીવનમાં સુખનું કારણ કે નિમિત્ત બને તેમ છે ખરી ? કામના જાગી ત્યારે મનમાં આવો કશોય વિચાર કર્યો નહોતો. જેવી કામના જાગી કે બસ, આંખો મીંચીને એ દિશામાં દોડ લગાવી.

એ દોડ લગાવતા પૂર્વે ચિત્તમાં એવો સહેજે વિચાર કર્યો નહોતોકે એ કામનાની પ્રાપ્તિ અને તૃપ્તિથી જીવનમાં અઢળક સુખ મળશે એ ધારણા સાચી છે ખરી ? એ સમયે કામનાનાં મૂળનો વિચાર કરવાને બદલે કામના સિદ્ધ થયા બાદ વૃક્ષ પર આવનારાં સુંદર, રમણીય અને રસમધુર ફળોનો વિચાર કરતાં હતાં ! અજાગૃત અવસ્થાને કારણે તરત જ કામનાની પાછળ આંધળી દોડ લગાવવાનું શરૂ કર્યું. કામનાના આકર્ષણથી અંજાઈને દોડ્યા ખરા, પણ મનમાં એ ખ્યાલ કર્યો નહીં કે આ આકર્ષણ યોગ્ય છે ખરું ? વિવેકપૂર્ણ છે ખરું ? મારા ઉચ્ચ જીવનધ્યેયને ઉપકારક છે ખરું ?

મન સતત ઇચ્છાઓનું ઉત્પાદન કરતી ફેક્ટરી છે. એક ઇચ્છા સર્જીને એ અટકતું નથી. માનવી સત્તાવાન થયા પછી ધનવાન થવાની કામના કરે છે. ધનવાન થયા પછી એ સત્તાધારી બનવાની મહત્ત્વાકાંક્ષા રાખે છે. પૈસો મેળવવા માટે રાત-દિવસ એક કરે છે, પરંતુ પૈસો મળતાં એની કામના સમાપ્ત થતી નથી. હવે એ પૈસાથી કીર્તિ રળવાની કામના સેવે છે.

આ રીતે ચિત્ત કામના જગાડે અને માનવી ફેરફુદરડી ફરતો રહે, ફેરફુદરડી ફરતી વખતે જેમ બીજું કશું ન દેખાય તેમ એને પણ બીજું કશું દેખાતું નથી અને માત્ર ભમરડાની પેઠે ભમતો જ રહે છે. સ્થિર થાય તો કેન્દ્રનો વિચાર કરે ને જરા ઊભો રહે તો થોડી શાંતિ મળે, પરંતુ ઊભા રહેવાનું એ નામ જ લેતો નથી. એક કામના પૂરી થાય ત્યાં એ બીજી કામનાની ફેરફુદરડી ફરવા લાગે છે અને સતત ભમવા લાગે છે.

સુંદરી મેળવવાની ઇચ્છા કરી અને એ પ્રાપ્ત થઈ, પરંતુ એ કામનાની સાથોસાથ એવી પણ કામના જાગે કે હવે કોઈ વૈભવશાળી બંગલો બનાવું. અહીંથી એ કામના અટકતી નથી. સુંદર સ્ત્રી અને આલિશાન બંગલો બન્યા પછી એમ થાય કે ચોતરફ મારો મહિમા થવો જોઈએ. હવે મહિમા, કીર્તિની કામના એનામાં નવી નવી ઇચ્છાઓ જગાડશે અને એને પરિણામે વળી કામનાઓના એક નવા વિશ્વમાં એ પ્રવેશી જશે.

કામનાની કૅમેસ્ટ્રીનો જરા વધુ ઊંડાણથી વિચાર કરીએ. કોઈએ સત્તા મેળવવાની કામના રાખી. એને માટે અવિરત પુરુષાર્થ કર્યો. અરે ! બાળકોનાં સંસ્કાર કે કેળવણી પર પણ ધ્યાન ન આપ્યું. કુટુંબજીવનની પરવા ન કરી. આટલું બધું કર્યા પછી એ સત્તા પ્રાપ્ત કરશે, ત્યારે શું મેળવશે ? એના મનમાં સત્તાની કામના પહેલીવાર જાગી, ત્યારે તો એણે માન્યું હતું કે આટલી સત્તા મળતાં ચોતરફ સુખની છોળો ઊછળતી હશે ! આનંદનો સાગર લહેરાતો હશે ! જીવનમાં માત્ર મોજ અને મસ્તી હશે અને પોતે ચરમ અને પરમ સુખનો સ્વામી હશે, પરંતુ સત્તા મળતા હવે ઉજાગરા કરવા માંડશે કે પ્રતિસ્પર્ધીઓ એની સત્તા આંચકી લેવા કોઈ ષડ્યંત્ર તો કરતાં નથી ને ? ક્યાંક પોતાના જ પક્ષના લોકો વિરોધનો સૂર ઉઠાવશે, તો એ વિચારશે કે આ નાની ચિનગારી ભવિષ્યમાં આગ પણ બની જાય, તેથી એને અહીં જ દાબી દેવી જોઈએ. એ અવાજને મૂંગો કરવા માટે એણે પેંતરાઓ રચવા પડશે. પાંચ વર્ષે આવનારી ચૂંટણીને

કારણે એ ઉજાગરા સેવે છે. આમ, સત્તાની કામના કરી હતી ત્યારે જે સુખ મેળવવાની કલ્પના રાખી હતી તે સુખ તો એને ક્યાંય દૂર - દૂર પણ દેખાતું નથી, બલ્કે એ વિચારે છે કે એવા સુખથી એ ઘણો દૂર નીકળી ગયો છે અને સતત ચિંતા, ઉદ્વેગ, કાવાદાવા અને પ્રપંચમાં ડૂબી ગયો છે.

આનો અર્થ એ થયો કે સત્તાની કામના સિદ્ધ થઈ, છતાં સુખ ન મળ્યું. જો એ સિદ્ધ ન થાય તો તો વ્યક્તિ જીવનભર પારાવાર દુઃખી રહેશે, તેવું આપણે સત્તાની ખુરશી ગુમાવનારા નેતાઓને જોઈને સહેજે સમજી શકીએ. આ રીતે તમારી કામના સિદ્ધ થાય તો કોઈ ચીજ, પદાર્થ કે વ્યક્તિ તમે મેળવો છો ખરા, પરંતુ 'પેલું ધારેલું કે માનેલું સુખ' તો તમને ક્યાંય દેખાતું નથી.

કામનાનો કાર્ડિયોગ્રામ જોતાં ખ્યાલ આવે કે સત્તામાં સુખ ન દેખાતા વ્યક્તિ સંન્યાસી બની જાય છે. અપાર ધનવૈભવ ધરાવનારા એકાએક બધું છોડીને સાધુ બની જાય છે. આવી ઘટનાઓ સમાજમાં બનતી હોય છે, પરંતુ ત્યારે વિચાર એ કરવો જોઈએ કે કામનાના સંતાપને કારણે આવી પરિસ્થિતિનું સર્જન થયું છે કે પછી ચિત્તમાં રહેલી એ કામનાના મૂળ સુધી પહોંચીને એને જડમૂળથી ઉખેડી નાખી છે. એ ત્યાગ ભગવાન બુદ્ધ કે ભગવાન મહાવીરનો ત્યાગ છે ખરો ?

જો કામનાને જડમૂળથી ઉખેડી નાખી હશે તો તો ફરી એ પ્રવર્તશે નહીં, પરંતુ પેલી કામનામાંથી સુખ નથી મળ્યું તેથી આ બીજી કામના તરફ જાઉં છું એવું વિચારશો તો એ પણ ભવિષ્યમાં દુઃખનું કારણ બનશે, કારણ કે એના મૂળમાં કામના રહેલી છે. આથી એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે,

**'यस्य चित्तं निर्विषयं हृदयं यस्य शीतलम् ।**
**तस्य मित्रं जगत्सर्वं तस्य मुक्तिः करस्थिता ॥'**

'જેનું ચિત્ત વિષયાસક્ત નથી અને જેનું હૃદય શીતળ અર્થાત્ હર્ષશોકાદિરહિત છે; સમગ્ર જગત એનું મિત્ર છે અને મુક્તિ તો એના હાથમાં જ છે.'

આ સુભાષિત મુક્તિની પ્રાપ્તિ કોને થઈ શકે એની વાત કરે છે. એ એવા ચિત્તની વાત કરે છે કે જે ચિત્ત વિષયાસક્ત ન હોય. કામનાઓ માનવીને વિષયાસક્ત બનાવે છે અને પછી એ વિષયાસક્તિ માનવીના જીવનની મંઝિલ બની જાય છે.

મુક્તિની પહેલી શરત એ છે કે ચિત્તને વિષયોની ઇચ્છાથી મુક્ત કરવું. વળી, જેનું હૃદય હર્ષ શોકાદિથી રહિત હોય અર્થાત્ જે વ્યક્તિ સુખ અને દુઃખની ભાવનાથી, રાગ અને દ્વેષથી મુક્ત હોય, પ્રાણીમાત્રની મિત્ર હોય તે વ્યક્તિને માટે મુક્તિ સરળ છે. ■ ■ ■

## શ્રી કુંદકુંદ મહિમા

**રચયિતા : બા.બ્ર.અલકાબેન**

**જો કુંદકુંદ ઋષિવર કી મહિમા કો ગાવે,**
**પરમતિ ભાગે નિજમતિ જાગે, સ્વપર વિવેક લખાવે.**
**સુખ દુઃખ દોનોં સમ કરી જાને, કરમન કી ગતિ ભાખે,**
**સમતા ભાવ સદા ચિત્ત રાખે, માન અપમાન ન ધ્યાવે.**
**જો કુંદકુંદ...**

**આત્મ સમાન લખે જગવાસી, જ્ઞાન વિરાગ બઢાવૈ,**
**હંસ કલાવત્ રહત જગત મેં, અંતર જ્યોતિ જગાવે.**
**જો કુંદકુંદ...**

**દાસ બની નિત સેવું ચરણ વે, જો કુંદકુંદ વચન સુનાવે,**
**ઐસે મહાતમ કો શિરનાઉં, જો સદ્ગુરુ મહિમા બઢાવે.**
**જો કુંદકુંદ...**

श्री पूज्यपाद आचार्य विरचित

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૩૨)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

વૈરાગ્યવારિધિ, અધ્યાત્મ આગમનિધિ, સત્યના સાગરમાંથી પ્રગટ થતી વિધિના દાતા પરમકૃપાળુદેવની સમાધિભાષા છે, "આત્મજ્ઞાન ઉત્પન્ન થયું અથવા તો આત્મજ્ઞાન થયું, એ વાત અનુભવગમ્ય છે. તે આત્મજ્ઞાન ઉત્પન્ન થવાથી આત્મઅનુભવ થવા ઉપરાંત શું શું થવું જોઈએ એમ જે કહેવામાં આવ્યું છે તે બુદ્ધિબળથી કહેલું, એમ ધારી શકાય છે.... ઈન્દ્રિયના સંયોગથી જે કંઈ દેખવું જાણવું થાય તે જો કે અનુભવગમ્યમાં સમાય છે ખરું, પરંતુ અહીં તો અનુભવગમ્ય આત્મતત્ત્વને વિશે કહેવાનું છે; જેમાં ઈન્દ્રિયોની સહાયતા અથવા તો સંબંધની જરૂર છે નહીં. તે સિવાયની વાત છે. કેવળજ્ઞાની સહજ દેખી જાણી રહ્યા છે અર્થાત લોકના સર્વ પદાર્થને અનુભવ્યા છે એમ જે કહેવાં આવે છે તેમાં ઉપયોગનો સંબંધ રહે છે; કારણ કે કેવળજ્ઞાનીના તેરમા અને ચૌદમાં ગુણસ્થાનક એવા બે વિભાગ કરવામાં આવ્યા છે, તેમાં તેરમા ગુણસ્થાનવાળા કેવળજ્ઞાનીને યોગ છે એમ સ્પષ્ટ છે, અને જ્યાં એ પ્રમાણે છે ત્યાં ઉપયોગની ખાસ રીતે જરૂર છે અને જ્યાં ખાસ રીતે જરૂર છે ત્યાં બુદ્ધિબળ છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી; અને જ્યાં એ પ્રમાણે ઠરે છે ત્યાં અનુભવ સાથે બુદ્ધિબળ પણ ઠરે છે." આત્મજ્ઞાન થયું તે અનુભવગમ્ય છે એ વિષય સાધકને પ્રયોજનભૂત છે.

દેવો દ્વારા પૂજાયેલા શ્રી પૂજ્યપાદ સ્વામી આત્મસમાધિને સિદ્ધ કરતાં 'સમાધિતંત્ર' ગ્રંથમાં કહે છે. શુદ્ધ આત્મસ્વરૂપ અગ્રાહ્યને અર્થાત્ ક્રોધાદિ સ્વરૂપને ગ્રહણ કરતું નથી. ગ્રહણ કરેલા અનંત જ્ઞાનાદિ ગુણોને છોડતું નથી. બધા જ પદાર્થોને સર્વથા જાણે છે તેવું જે સ્વ સંવેદ્ય આત્મચેતનસ્વરૂપ તે હું છું એમ અનુભવે છે. અંતરાત્મા આત્માને અનુભવે છે ત્યારે સ્વાનુભવમાં શું આવે છે એવો વિચાર થતાં ગ્રાહ્ય અને અગ્રાહ્યથી ભિન્ન દ્રવ્ય-ગુણ-પર્યાય સંપન્ન હું ચેતન્યદ્રવ્ય છું એમ જ્ઞાની સ્વદ્રવ્યને અનુભવે છે. ટીકામાં શ્લોકમાં બંને સ્થાને સ્વસંવેદ્ય શબ્દ છે.

**વિશેષાર્થ :**

આત્મસ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટ થાય ત્યારે આત્માનો જ્ઞાનગુણ પણ કેવળજ્ઞાન રૂપે પ્રગટે છે. આ કેવળજ્ઞાનનો એવો અનંતમહિમા છે કે તે અનંત દ્રવ્યોના અનંત ગુણોને અને તેમની ત્રિકાળવર્તી વિકારી તેમજ અવિકારી અનંત પર્યાયોને સંપૂર્ણપણે એક જ સમયમાં સર્વથા પ્રત્યક્ષ જાણે છે. જ્ઞાન પર પદાર્થોને જાણે છે એમ કહેવું તે વ્યવહારનયનું કથન છે. ખરેખર તો આત્મા પોતાને જાણતાં સમસ્ત પર પદાર્થો જણાઈ જાય છે. એવી જ્ઞાનની નિર્મળતા - સ્વચ્છતા છે. ખરેખર જાણનાર જણાય છે, પર જણાતું નથી.

**૧. સ્વસંવેદ્ય :** આ આત્મસ્વરૂપ સ્વસંવેદ્ય છે. પોતાના આત્માના અનુભવમાં આવે એવું છે. સદ્ગુરુની વાણી કે તીર્થંકર ભગવાનની દિવ્યદેશના આત્માનુભવ કરાવી શકે તેમ નથી. જીવ સ્વાનુભવ સાધે છે ત્યારે સદ્ગુરુ, દિવ્યદેશના નિમિત્ત રૂપે કહેવાય છે. જો દિવ્યદેશનાથી અનુભવ થાય તો સમવસરણમાં જે દિવ્ય દેશના સાંભળી રહ્યા છે. તે સહુને સ્વાનુભવની લહેર આવે, પણ એવું બનતું

નથી. માટે આ પ્રકારના કથનો વ્યવહારનયના છે. આ શ્લોકના સંદર્ભમાં શ્રીઆચાર્યદેવ નિશ્ચયનયથી કથન કરે છે.

અનંતગુણોથી સભર અખંડ પિંડરૂપ દ્રવ્ય છે. તે પોતાના અનંત ગુણોનો ત્યાગ કરતું નથી તેમજ પોતાના સિવાય અન્ય ગુણને ગ્રહણ કરતું નથી કારણ વસ્તુ સ્વભાવ જ આ પ્રમાણે છે. દરેક દ્રવ્યમાં અગુરુલઘુ સાધારણ ગુણ વ્યાપક છે. અગુરુલઘુ એટલે શું ? જે શક્તિને કારણે દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે એટલે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ ન થાય, એક ગુણ બીજા ગુણ રૂપ ન થાય, દ્રવ્યમાં રહેલા અનંતગુણો વિખરાઈને અલગ અલગ થઈ ન જાય તે શક્તિને અગુરુલઘુત્વ ગુણ કહે છે. પુદ્‌ગલનું લક્ષણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, રૂપીપણું છે. તે પુદ્‌ગલમાં સદા વ્યાપ્ત છે. આત્મામાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ વિશેષગુણ છે. તે સદા સર્વદા જીવમાં રહે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્ય રૂપ બની જાય તો પદાર્થનો નાશ થઈ જાય.

આ વિષયમાં શાસ્ત્રોમાં વર્ણન આવે છે. ઉદાહરણ છે કે એક તોલો સુવર્ણ હોય તેમાં દસ તોલાં ચાંદી-રૂપું નાખવામાં આવે અને કોઈ આભૂષણ બનાવે તો રૂપાની વિશેષતા લાગે. સુવર્ણ ઢંકાઈ જાય પણ સોનાપણું જે રહ્યું છે તે તે રૂપ જ રહે છે. બંને પદાર્થોને ભિન્ન કરી શકાય છે. બીજું ઉદાહરણ છે કે દૂધમાં પાણી મેળવવામાં આવે ત્યારે બંને એક જેવા લાગે ખરા, પણ દૂધ પાણી રૂપ થયું નથી. પાણી દૂધ રૂપ થયું નથી. બંને સ્વતંત્રપણે એકક્ષેત્રાવગાહે રહ્યા છે.

આત્મા અને દેહ એકક્ષેત્ર અવગાહે છે, પણ બંને ભિન્ન છે. અનાદિકાળથી કર્મથી બંધાયેલ આત્મા છે તો પણ દેહ અને આત્મા સદા ભિન્ન જ છે. સ્વસ્વભાવને છોડતા નથી. પરભાવને ગ્રહતા નથી. વસ્તુ સ્વરૂપ એવું છે. હું સર્વને જાણવાવાળો છું, તે અનુરૂપ થવાવાળો નથી. સર્વને સર્વ પ્રકારે જાણે છે. દરેક આત્માની અનંતીપર્યાય-ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળની સમય સમયની અવસ્થાને કેવળી ભગવાન જાણે છે અર્થાત્ આત્મા અનંત શક્તિમય પદાર્થ છે. અપૂર્વ શક્તિધારક છે સ્વસંવેદ્ય છે. સ્વાનુભવગમ્ય છે. પોતે પોતાનું સંવેદન પામી શકે તેવો પદાર્થ છે.

આત્મા અસંખ્યાતપ્રદેશી છે. સર્વ પ્રદેશો અનંત શક્તિસંપન્ન છે. ભૂતાર્થ-અભૂતાર્થને સમગ્રપણે આત્મા જાણે છે. ક્રમ અને અક્રમ પરિણતિથી આત્મા ભીતર-બહાર પૂર્ણ પ્રકાશમાન સ્વયંને જાણે છે. સ્વસંવેદ્ય-અનુભવે છે. સર્વ વિકલ્પથી રહિત છું. એવું અનુભવે છે અભેદ રત્નત્રયધારક જ્ઞાનીઓને આત્મા સ્વસંવેદ્ય છે.

ગ્રંથાધિરાજ સમયસારના રચનાકાર આચાર્યપ્રવર શ્રી કુંદકુંદ સ્વામી 'પ્રવચનસાર' ગ્રંથમાં ગાથા ૩૭, ૩૮, ૩૯, ૪૭, ૪૮, ૪૯ તથા ૫૧માં આ વિષયને પ્રસ્તુત કરે છે. પંડિતશ્રી હિંમતભાઈ શાહે જે હરિગીતની રચના કરી છે તે હરિગીતને વિચારીએ.

"તે દ્રવ્યના સદ્‌ભૂતઅસદ્‌ભૂત પર્યાયો સૌ વર્તતા,
તત્કાળના પર્યાય જેમ વિશેષપૂર્વક જ્ઞાનમાં. – ૩૭
જે પર્યાયો અણજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,
તે સૌ અસદ્‌ભૂત પર્યાયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. –૩૮
જ્ઞાને અજાત-વિનષ્ટ પર્યાયો તણી પ્રત્યક્ષતા,
નવ હોય જો, તો જ્ઞાનને એ 'દિવ્ય' કોણ કહે ભલા ?– ૩૯
સૌ વર્તમાન - અવર્તમાન, વિચિત્ર વિષમ પદાર્થને,
યુગપદ સરવતઃ જાણ તું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે.–૪૭
જાણે નહીં યુગપદ ત્રિકાળિક ત્રિભુવનસ્થ પદાર્થને,
તેને સપર્યય એક પણ નહીં, દ્રવ્ય જાણવું શક્ય છે.– ૪૮
જો એક દ્રવ્ય અનંત પર્યય, તેમ દ્રવ્ય અનંતને,
યુગપદ ન જાણે જીવ. તો તે કેમ જાણે સર્વને. – ૪૯

નિત્યે વિષમ, વિધવિધ સકળ પદાર્થગણ સર્વત્રનો,
જિનજ્ઞાન જાણે યુગપદે, મહિમા અહો તે જ્ઞાનનો.—૫૧

પ્રસ્તુત ગાથાના જ્ઞાનને સવિસ્તર પ્રવચનસાર ગ્રંથમાં સમજાવ્યું છે. સર્વ પદાર્થને યુગપદ જાણે છે તે કેવળજ્ઞાન તેનો અપૂર્વ મહિમા છે. સવિસ્તર સ્વરૂપ દર્શાવ્યા પછી જ્ઞાની સત્પુરુષો એક વાતને સતત કહે છે કે પૂર્ણ સુખ સ્વરૂપ હું છું.

**૨. अहम् अस्मि :** કેટલીક રીતે કહેવામાં આવે કે આત્મા નિરંજન, નિરાકાર છે, શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ, સુખધામ સ્વરૂપ છે. અજર, અમર, અવિનાશી, આનંદઘન, શુદ્ધ સ્વરૂપી આત્મા છે. ત્યારે સાધક તેમાં ત્રીજા પુરુષની વાત સમજે તો अहम् अस्मि બોલાય ખરું પણ વેદાય નહિ. અહીં શ્રી આચાર્યદેવ स्वसंवेद्य अहम् अस्मि કહ્યું છે. સ્વ સંવેદનરૂપ હું છું. અર્થાત્ ત્રીજા પુરુષની વાત નથી. પ્રથમ પુરુષ એકવચનની વાત છે. પ્રયોજનસિદ્ધિ પ્રથમ પુરુષ એકવચનમાં જ શક્ય છે.

કોઈનું એટલે ક્રોધાદિ જે કર્મોદય નિમિત્તે થયેલા છે, જે વિભાવભાવો છે તે આત્મા માટે અગ્રાહ્ય છે અને અનંતગુણોના સ્વરૂપને આત્મા છોડતો પણ નથી. આવી ચેતના જે સર્વને દ્રવ્ય, ગુણ, પર્યાય રૂપ સર્વથા જાણે એ ચૈત્ન્યધારામય હું છું. જ્ઞાની આ રીતે ચિંતવે છે. તેથી જ્ઞાનાત્મક સ્થિતિને જાળવી શકે છે. જ્ઞાનમયતાના ધારક બની આનંદને માણે છે. સતત પુરુષાર્થમયતા જાળવી રાખે છે.

જ્ઞાની શું કરતાં હશે ? અરે, જે સ્વસંવેદન પામ્યા છે તેને ચિંતવે છે. પ્રયોગમાં સતત રહે છે. આત્માના આસ્વાદી - ભાવની ગટાગટીમાં વર્તે છે. સ્વસંવેદનની વાત પં. બનારસીદાસે લખી છે,

जबहीतें चेतन विभावसों उलटि आपु,
समै पाई अपनो सुभाव गहि लीनो है;
तबहींते जो जो लेने जोग सो सो सब लीनो,
जो जो त्यागजोग सो सो सब छांडी दीनो है।
लेवेकों न रही ठोर, त्यागी को नाहीं और,
बाकी कहा उबर्योजु कारज नवीनो है;
संगत्यागी अंगत्यागी वचन-तरंगत्यागी,
मनत्यागी बुद्धित्यागी आपा शुद्ध कीनो है।

જ્ઞાનીનું ચિંતન અપૂર્વ પદાર્થનું છે. સતત આત્મતત્ત્વને ચિંતવે છે. પુરુષાર્થની ઉગ્રતામાં અભેદને અનુભવે છે.

પૂ. બેનશ્રી ચંપાબહેન આત્મભાવને દર્શાવે છે, "જેને ઘર મળ્યું નથી એવા માણસને બહાર ઊભા ઊભા બહારની ચીજો ધમાલ જોતાં અશાંતિ રહે છે, પણ જેને ઘર મળી ગયું છે તેને ઘરમાં રહ્યાં રહ્યાં બહારની ચીજો, ધમાલ જોતાં શાંતિ રહે છે; તેમ જેને ચૈતન્યઘર મળી ગયું છે, દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે. આ શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ બધાથી જુદો હું છું. અંદરમાં વિભાવ થાય તે હું નથી. ઊંચામાં ઊંચા શુભભાવ તે હું નથી. બધાથી જુદો હું જ્ઞાયક છું."

પદ્ય જોઈએ :

ગ્રહે નહીં અગ્રાહ્યને, છોડે નહીં ગ્રહેલ,
જાણે સૌને સર્વથા, તે હું છું નિજવેદ્ય.

**— પૂ. બ્રહ્મચારીજી**

અગ્રાહ્યને ગ્રહે ના જે, ગ્રહેલું મૂકતો નથી;
સર્વથા સર્વને જાણે, તે સર્વ-સંવેદ્ય હું નકી.

**— પૂ. વિદ્યાસાગરજી મહારાજ**

चैतन्य को पर कभी तजता नहीं है
अग्राह्य को ग्रहण भी करता नहीं है ।
जो जानता निखिलको निज ज्ञान से ही
विज्ञान पूर्ण वह चेतन जीव मैं ही ॥

● ● ●

**(ક્રમશઃ)**

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૧૪)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## લૌકિકદેવો કરતા જિનેશ્વર પ્રભુની મહાનતા

● **મૂળ શ્લોક : ગાથા - ૨૦** (વસંતતિલકા)

**ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं,**
**नैवं तथा हरिहरादिषु नायकेषु ।**
**तेनः स्फुरन्मणिषु याति यथा महत्त्वं,**
**नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥२०॥**

● **શબ્દાર્થ :** ज्ञानं - જ્ઞાન, યથા - જે રીતે,જેવું, त्वयि - તમારામાં, विभाति - શોભે છે, પ્રકાશે છે, कृत - કરાયેલો છે, अवकाश - પ્રકાશ, कृतावकाशं - પ્રકાશને કરનારું, नैवं (न एवम्) - એ પ્રમાણે નહિ( નથી પ્રકાશતું), तथा - તે રીતે, हरि - વિષ્ણુ, हर - શંકર, મહાદેવ, हरिहरादिषु - હરિહર આદિ (અન્ય દેવો)માં, नायकेषु - પ્રમુખ (લૌકિક અન્ય) દેવોમાં, तेजः - તેજ, स्फुरत् - પ્રકાશવંત એવા, मणिषु - રત્નોમાં, याति - પામે છે, महत्त्वं - મહત્ત્વ, મહત્તા, પ્રબળતા, પ્રભાવ, तु - તો, काच - કાચ, शकले - ટુકડામાં, किरणाकुले - કિરણોના સમૂહથી વ્યાપ્ત, अपि - (હોવા) છતાં, પણ.

● **સમશ્લોકી અનુવાદ** (મંદાક્રાંતા) :

જેવું ઊંચું પ્રભુમહીં રહ્યું જ્ઞાન ગાંભીર્યવાળું,
બીજા દેવો મહીં નવ દીસે જ્ઞાન એવું રૂપાળું;
જેવી કાંતિ મણિમહીં અહા ! તેજના પુંજ માપી,
તેવી કાંતિ કદી નવ દીસે કાચની રે ! કદાપિ.(૨૦)

● **ભાવાર્થ :** (હે નાથ !) પ્રકાશને કરનારું (લોકાલોકના અનંત પર્યાયયુક્ત અનંતાનંત પદાર્થોને પ્રકાશનાર) જ્ઞાન જેવું તમારામાં શોભે છે, તેવું હરિ - હર વગેરે (અન્ય લૌકિક) દેવોમાં શોભતું નથી. તેજનો સમૂહ (પ્રકાશ) મહારત્નોમાં જેવું મહત્ત્વ (પ્રબળતા, પ્રભાવ) પામે છે, તેવું કિરણમય કાચના ટુકડામાં પામતો નથી (હરિ-હર આદિ પ્રમુખ લૌકિક દેવોમાં અને આપનામાં કાચ તથા મણિ જેવું અંતર છે.)

● **વિશેષાર્થ / પરમાર્થ :** સ્તોત્રકાર મહર્ષિ કહે છે કે હે ભગવન્ ! તમે રૂપમાં જેમ અદ્વિતીય છો (ભક્તામર શ્લોક ૧૧, ૧૨, ૧૩, ૧૮), તેમ જ્ઞાનમાં પણ અનન્ય અનુપમ છો. (ભક્તામર શ્લોક ૧૯). ક્યાં તમારું જ્ઞાન અને ક્યાં અન્ય લૌકિક દેવોનું જ્ઞાન ! તમારા વચનો અવિરોધ અને અનેકાંતમય છે કે જે તમારા પૂર્ણજ્ઞાન(કેવળજ્ઞાન)ની પ્રતીતિ કરાવે છે, જ્યારે અન્ય દેવો (દર્શનો)ના વચનો પરસ્પર વિરોધી જણાયા છે, જે અપૂર્ણ જ્ઞાનના સૂચક છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે વીતરાગ દર્શનમાં જેવી બંધ- મોક્ષની યથાર્થ અને અવિરોધ વ્યવસ્થા છે તેવી અન્ય દર્શનોમાં નથી.

પ્રભુ ! તમારા જ્ઞાનમાં વસ્તુ (પદાર્થ, તત્ત્વ) નિરૂપણનો અતિ સુંદર પ્રકાશ છે, તેથી તે પરમ શોભા (પ્રભાવ) પામે છે, જ્યારે અન્ય લૌકિક દેવોના જ્ઞાનમાં તે પ્રકારનો પ્રકાશ નહીં હોવાથી તે તેવી શોભા પામતું નથી. તેજ-કિરણોનો સમૂહ ઈન્દ્રનીલ, પદ્મરાગ, વૈડૂર્ય વગેરે મણિરત્નોમાં જેટલો શોભી ઉઠે છે તેટલો કાચના ટુકડામાં શોભી ઉઠતો નથી, પછી ભલે તે ગમે તેટલો ચમકતો હોય !

જિનેશ્વર પ્રભુના (પૂર્ણ વીતરાગતા સાથેના) કેવળજ્ઞાનમાં એક સમય, એક પ્રદેશ અને એક પરમાણુ જણાય છે. જગતના કોઈ પણ જીવને તે કર્મથી લેપાયેલો હોય ત્યાં સુધી આટલી સૂક્ષ્મતાથી જ્ઞાન થઈ શકતું નથી, તેને કર્મસમૂહની અશુદ્ધિ આડખીલી બને છે. એ કર્મસમૂહ દૂર થાય તો જ ત્રણે લોક અને ત્રણે કાળનું સૂક્ષ્મજ્ઞાન અવિરોધપણે થાય. તેથી જ માનતુંગસૂરિજી કહે છે કે હે પ્રભુ ! તમારું સંપૂર્ણ ગાંભીર્યવાળું જ્ઞાન જેવું સુંદર લાગે છે તેવું દેવેન્દ્ર કે અન્ય કોઈ પણ લૌકિક દેવોનું જ્ઞાન સુંદર લાગતું નથી. દેવલોકના ઇંદ્રને સામાન્ય જીવોની અપેક્ષાએ ઘણું જ્ઞાન છે, પરંતુ તેને પણ મર્યાદા છે. તેમનું જ્ઞાન તીર્થંકર પરમાત્માના (કેવળ)જ્ઞાન જેટલું સૂક્ષ્મ કે સચોટ નથી. પ્રભુના જ્ઞાનને કોઈ મર્યાદા (અવરોધ, અંતરાય, આડખીલી) નથી.

સામાન્ય રીતે કાચને એકલો જોઈએ ત્યારે તે પ્રકાશિત લાગે છે, પણ તેની બાજુમાં શુદ્ધ મણિરત્ન હોય તો તેનું તેજ કાચ કરતા અત્યંત વધારે લાગે છે. મણિ અને કાચ બંને તત્ત્વો (પૃથ્વીકાય, જડ પુદ્‌ગલ) તો સમાન છે, પણ કાચમાં અશુદ્ધિઓ રહેલી છે તેથી તે મણિ જેટલો તેજસ્વી લાગતો નથી. જો એ અશુદ્ધિ દૂર થાય તો તે મણિ જેવો તેજસ્વી બની શકે. એ જ રીતે ઇંદ્રાદિ અને લૌકિક દેવોમાં જ્ઞાન તો છે પણ તે જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોથી લેપાયેલા હોવાથી તેમનું તેજ અવરાયેલું છે. જેમ જેમ એ કર્મોનો નાશ થાય, અશુદ્ધિઓ દૂર થાય, તેમ તેમ જ્ઞાન વિશુદ્ધ થતાં પૂર્ણ જ્ઞાન (કેવળજ્ઞાન)માં પરિણમે છે. આથી વિશુદ્ધ (કેવળ)જ્ઞાનની તોલે અશુદ્ધ જ્ઞાન ક્યાંથી આવે ?

અહીં પરમાર્થ એમ છે કે જીવ જો પોતામાં રહેલ કર્મરૂપી અશુદ્ધિ દૂર કરે તો તેનું જ્ઞાન પણ પ્રકાશી ઊઠે અને પરંપરાએ પૂર્ણતાએ પહોંચીને પામરમાંથી પ્રભુ અને સાધકમાંથી સાધ્ય (પૂર્ણજ્ઞાની પરમાત્મા) બની શકે. અશુદ્ધિ દૂર કરવાના (કર્મ નિર્જરાના) અનેક ઉપાય જિનેશ્વર પ્રભુના ઉપદેશ પર રચાયેલ આગમો અને શાસ્ત્રોના આધારે જ્ઞાની ગુરુ ભગવંતો અને આચાર્યો પોતાના અનુભવથી આ પ્રમાણે કહે છે : સદ્‌ગુરુના આશ્રયે પાપનિવૃત્તિ, પુણ્યપ્રવૃત્તિ, સદાચાર, સાંસારિક નિવૃત્તિ, સેવા, સત્સંગ-સ્વાધ્યાય સત્‌દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા (ભેદરત્નત્રય), પોતાના ભાવોની ચોકી, સ્વભાવની જાગૃતિ, સુવિચાર, પરિણામ વિશુદ્ધિ, અંતર્મુખતા, ઉદાસીનતા, અનાસક્તબુદ્ધિ, વૈરાગ્ય, કષાયોની મંદતા, ઉપશમ, ભાવશુદ્ધિ, શુદ્ધ ઉપયોગ, સ્વાનુભૂતિ (આત્માનુભૂતિ, અભેદ રત્નત્રય)... કાળક્રમે પરંપરાએ પૂર્ણતાની પ્રાપ્તિ.

આ શ્લોક -૨૦માં વીતરાગી તથા સરાગી દેવની સરખામણીમાં વીતરાગ પરમાત્માના જ્ઞાનની શ્રેષ્ઠતા બતાવેલ છે. જિનેશ્વર પ્રભુ પાસે પૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાન છે, જેના દ્વારા એક સમયમાં ત્રણે લોક અને અનંત અલોકના પ્રદેશો, અનંત ભૂતકાળ, અનંત ભવિષ્યકાળ તથા વર્તમાન એક સમયને તથા પુદ્‌ગલ પદાર્થોના સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરમાણુઓને યુગપત્ (એક સાથે) હસ્તામલકવત્ (હથેળીમાં રહેલ બોર- આમળાની માફક) જુએ - જાણે છે (જણાય છે, તેમના જ્ઞાનમાં ઝળકે છે). હે પ્રભુ ! આપનું આવું સંપૂર્ણ લોકાલોક પ્રકાશક જ્ઞાન જેવું છે તેવું જ્ઞાન ઇંદ્ર, ચંદ્ર, નરેન્દ્ર, નાગેન્દ્ર, દેવેન્દ્ર કે હરિ-હર-બ્રહ્મા-વિષ્ણુ- મહેશ(શંકર) આદિ કોઈ સરાગી દેવોમાં નથી. દેવલોકના સ્વામી ઇન્દ્રાદિનું મતિ-શ્રુત-અવધિજ્ઞાન, કેવળજ્ઞાનના સિંધુ પાસે બિંદુ સમાન છે.

જિનેશ્વર પ્રભુનું જ્ઞાન પૂર્ણ, શુદ્ધ, અતીન્દ્રિય, અકષાયી, સચોટ અને અનેકાંત પ્રરૂપક છે. અહીં પ્રભુનું જ્ઞાન એટલે પ્રભુના સિદ્ધાંતો, આત્મવાદ,

નિત્યવાદ, અકર્તુત્વવાદ, સ્યાદ્‌વાદ, અનેકાંત અને યુક્તિયુક્ત ન્યાયયુક્ત પ્રરૂપણા. અન્ય લૌકિક દેવોનું જ્ઞાન અપૂર્ણ, અશુદ્ધ, એકાંતિક અને પર(પુણ્ય)ને આધીન છે. અહીં કોઈ વ્યક્તિની વાત નથી, અન્ય દેવોની અશાતના નથી, અન્ય દર્શનો પ્રત્યે દ્વેષ નથી. માત્ર જેમ છે તેમ વસ્તુસ્વરૂપનું યથાર્થ નિષ્પક્ષ નિરૂપણ છે. ઇંદ્રો તથા લૌકિક દેવો રાગવાળા (સ્ત્રી,શસ્ત્ર વગેરે) છે અને જ્યાં રાગનો એક અનંતાંશ પણ હોય ત્યાં પરિપૂર્ણ કેવળજ્ઞાન કદાપિ પ્રગટે નહીં. શાસ્ત્રોમાં આદિ ગુરુ ગૌતમસ્વામી અને મહાતપસ્વી બાહુબલીજી વગેરેના સૂક્ષ્મરાગ (તથા માન)થી કેવળજ્ઞાન અટકી રહ્યાના દૃષ્ટાંતો છે.

જિનેન્દ્ર ભગવાનના અતીન્દ્રિય જ્ઞાન પ્રકાશનો મહિમા કરતા કહે છે કે હે ભગવાન ! અનંતભાવોથી ભરેલા આપના કેવળજ્ઞાન (પરમકૃપાળુદેવ મોક્ષમાળા શિક્ષાપાઠ-૧૦૭માં અનંત અનંત ભાવ ભેદ અને અનંત અનંત નય નિક્ષેપ કહે છે) માં જેવી ઉત્કૃષ્ટતા અને સૂક્ષ્મતા છે તેવી લોકના અન્ય દેવોમાં નથી. તેઓનું જ્ઞાન તો ઇન્દ્રિયોને આધીન તથા ક્રોધાદિ કષાયોથી મલિન છે. ચમકદાર કાચનો ટુકડો સૂર્યકિરણોથી ચમકે છે, પણ તેની ચમક પોતાની નથી - પરાધીન છે, બહારના કિરણોથી થયેલી છે.

હે સુદેવ ! આપના અતીન્દ્રિય જ્ઞાન પાસે અન્ય સરાગી (કુ)દેવો તો કાચના કટકા જેવા લાગે છે. ભલે કદાચ તેમનામાં પુણ્યનો થોડો ચળકાટ દેખાતો હોય ને કોઈ વ્યંતર દેવો પણ તેમને પૂજતા હોય. પરંતુ ત્રણ લોકના ઇંદ્રો જેને પૂજે એવું મહાન કેવળજ્ઞાન તો આપનામાં જ શોભે છે. આપના જેવી પવિત્રતા કે આપના જેવા પુણ્ય બીજાને હોતા નથી. અન્ય રાગી જીવોને ભલે લાખો લોકો પૂજતા હોય, પણ અમારા ચિત્તમાં તો વીતરાગ એવા આપ જ વસ્યા છો. સાચો મણિ કોઈકને જ મળે છે, પણ કાચના કટકા તો ચારેકોર હોય છે.

પૂ. કાનજીસ્વામી કહે છે કે જુઓ આ જ્ઞાન અને રાગ વચ્ચે સાધક જીવોનો વિવેક ! સુદેવ અને કુદેવના તફાવતની પરીક્ષા ! અજ્ઞાની જીવો સાચા દેવની પરીક્ષાને નહીં જાણતા હોવાથી કાંઈક પુણ્યવંતને કે વ્યંતરાદિ દેવને ભગવાન માની લે, પણ કુશળ મુમુક્ષુ તો વીતરાગ - સુદેવ અને સરાગ - કુદેવ વચ્ચેનો ભેદ તરત પારખી લે.

વીતરાગ જૈન દર્શનમાં સુદેવ - સાચા દેવના ત્રણ લક્ષણો આ ક્રમમાં કહ્યાં છે : વીતરાગતા, સર્વજ્ઞતા અને હિતોપદેશકતા. સુદેવ જ આપણા પરમગુરુ હોવાથી (પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ મહામંત્ર યાદ કરો) સુગુરુના ત્રણ શાસ્ત્રોક્ત ક્રમિક લક્ષણો પણ સુદેવમાં હોય : આત્મજ્ઞાન, નિર્ગ્રંથતા, માર્ગદર્શકતા. તેથી જ મહાન આચાર્ય અમિતગતિ તેમના સુપ્રસિદ્ધ 'અમિતગતિ સામાયિક' સ્તોત્રમાં વારંવાર કહે છે કે "તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં" (શ્લોક ૧૨-૧૭) અને "તેવા સુદેવ સમર્થનું સાચું શરણ હું માગતો" (શ્લોક ૧૮-૨૧).

આત્માની સુંદરતા અને પૂજ્યતા રાગ વડે નથી, પણ સર્વજ્ઞતા અને વીતરાગતા વડે જ આત્માની શોભા અને પવિત્રતા છે. જેને રાગ-દ્વેષ હોય, જે ક્રોધ વડે દુશ્મનોનો સંહાર કરતા હોય, જેને સ્ત્રીનો સંગ હોય તેવા જીવો દુનિયામાં ભલે મોટા ગણાતા કે પૂજાતા હોય, પણ વીતરાગદર્શન જૈન ધર્મમાં તે (સુ)દેવ તરીકે ગણાતા કે પૂજાતા નથી. પ્રભો ! પુણ્ય વડે નહીં, પણ વીતરાગતા સાથેની સર્વજ્ઞતા વડે જ આપ અમારા પૂજ્ય અને ઇષ્ટદેવ છો.

તેથી જ દિગ્ગજ આચાર્ય સમંતભદ્ર તેમના 'દેવાગમ સ્તોત્ર' (કે જે તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિ

ટીકાના મંગલાચરણ રૂપે છે)ના શ્લોક ૧-૪માં સિંહની ખુમારીથી પણ સાધકના વિનયથી કહે છે : હે જિનેશ્વર ! અમારી દૃષ્ટિમાં તમે એટલા માટે મહાન નથી કે દેવો તમારા દર્શનાર્થે આવે છે, તમે દિવ્ય ચામર અને છત્ર (૮ પ્રાતિહાર્ય)થી વિભૂષિત છો, તમારા શરીરની અલૌકિક વિશેષતાઓ (૩૪ અતિશય) છે અને તમે ધર્મતીર્થ સ્થાપીને આગમના આધાર બનેલ છો. પરંતુ હે પ્રભુ ! તમારી મહાનતા તો પરિપૂર્ણ વીતરાગતા અને પરિણામે સર્વ વિશુદ્ધ સર્વજ્ઞતાને લીધે છે. તેથી જ તમે અમારા માટે પરમ પૂજ્ય અને વંદનીય છો. અમે તમને તમારા બાહ્ય વૈભવ (પુણ્ય)ને નમતા કે પૂજતા નથી પણ તમારા આંતરિક - આત્મિક વૈભવ (પવિત્રતા અને વીતરાગતા)ને નત મસ્તકે સવિનય વંદન કરીએ છીએ.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો ભક્ત ગુણ-પ્રધાન પંચ પરમેષ્ઠી સિવાય બીજા કોઈ સરાગી (કુ)દેવને માને (શ્રદ્ધાનો વિપર્યાસ) કે પૂજે (ચારિત્ર ગુણનો વિપર્યાસ) નહીં. પરમાત્માનો ભક્ત થયો તેને હવે જગતનો ભય હોય નહીં, કુદેવ-કુદેવીની બીક હોય નહીં, અરે ! મૃત્યુ (દેહ અને આત્માનો વિયોગ) ને પણ મોક્ષમાર્ગની (સિદ્ધશિલા તરફની) યાત્રાનું એક પાથચિહ્ન જ ગણે. તે તો નિઃશંકપણે વીતરાગમાર્ગમાં ચાલે છે. આનું નામ સાચા દેવની સાચી ભક્તિ. માનતુંગસૂરિજીના ભાવવિભોર ભક્તહૃદયને માત્ર આદિનાથ જ દેખાય છે. તે સિવાયનું બધું જ ફીક્કું અને ઝાંખુ લાગે છે. પ્રભુજીના દર્શન (અનન્ય શ્રદ્ધા અને ભક્તિ સહિત) પછી બીજો કોઈ વિકલ્પ નથી. આ ભક્તિની પરાકાષ્ઠા છે.

અંતમાં, સર્વ જીવ સાચા દેવ-શાસ્ત્ર(ધર્મ)-ગુરુના શરણે (આજ્ઞામાં) જલ્દીથી શાશ્વત સુખ (મોક્ષ) પામે તેવી મંગલ ભાવના સાથે જિન-આજ્ઞાથી કાંઈ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુ ચરણાર્પણમસ્તુ ॥

● ● ●

---

## સમ્યક્ચારિત્રનું મહત્ત્વ

(પાના નં. ૯ પરથી ચાલુ...)

બરાબર બજાવે છે એ જ બરાબર સાધના, આરાધના, ઉપાસના કરે છે. ભાવનાથી કર્તવ્ય ઊંચું છે એ વાત સત્કર્મની, આચરણની, ચારિત્રની ઉચ્ચતા બતાવે છે. શ્રી બનારસીદાસજીએ 'શ્રી સમયસાર નાટક'માં કહ્યું છે કે,

"હૈ જિનકે દૃઢ આતમજ્ઞાન,
ક્રિયા કરિકે ફલ કો ન ચહેંગે,
તે સુવિચક્ષણ જ્ઞાયક હૈ તિન કો
હમ તો કર્તા ન કહેંગે."

શ્રી પુનિત મહારાજે પણ કહ્યું છે કે,

"રહેવું સંસારમાં, મનુષ્ય અવતારમાં,
જળ અને કમળની જેમ રાખો;
પાળું મુજ ધર્મને, કરું સહુ કર્મને,
ફળ તણી આશથી દૂર રાખો."

આવા કર્મ (સત્કર્મ) જે સર્વ કર્મોનો નાશ કરે છે; જેથી ક્રમે કરીને આત્મજ્ઞાન, આત્મ સમાધિ, નિર્વિકલ્પ સમાધિ, નિર્બીજ સમાધિ અને સર્વ કર્મના નાશ દ્વારા પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે અને તે જ આ મનુષ્યભવનું અંતિમ ધ્યેય છે. આપણે સૌ ઉત્તમ જીવન જીવીએ અને સહુ સાથે પ્રેમથી રહીએ એ જ શુભભાવના.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

● ● ●

# સમ્યક્જ્ઞાન

**બા.બ્ર.શ્રી સુરેશજી**

(ગતાંકથી ચાલુ...)

★ **અંગપ્રવિષ્ટ જ્ઞાનના ભેદ :-**

અંગપ્રવિષ્ટ જ્ઞાન ૧૨ ભેદોમાં છે, જેને આપણે દ્વાદશાંગીના નામથી જાણીએ છીએ, જે નિમ્નાંકિત છે. પ્રત્યેક અંગ અનેક પદોનું છે. એક પદમાં ૧૬૩૪૮૩૭૮૮૮ અક્ષર હોય છે.

**[૧] આચારાંગ :** યત્નાપૂર્વક ભાષણ, આહાર, વિહારાદિ મુનિઓના આચારોનું આમાં વિશદ વર્ણન છે. આમાં ૮ હજાર પદ છે.

**[૨] સૂત્રકૃતાંગ :** આ અંગમાં સૂત્રો દ્વારા જ્ઞાન, વિનય આદિ અધ્યયન ક્રિયા, કલ્પ્યાકલ્પ્ય આદિ વ્યવહારક્રિયા તથા સ્વસમય અને પર સમયના સ્વરૂપનું વર્ણન છે. આમાં ૩૬ હજાર પદ છે.

**[૩] સ્થાનાંગ :** આ અંગમાં પ્રત્યેક દ્રવ્યના એક, બે, ત્રણ આદિ અનેક ભેદ-વિકલ્પોનું વર્ણન છે. જેમ કે જીવ એક છે. જીવ બે પ્રકારથી છે - મુક્ત અને સંસારી. જીવના ત્રણ ભેદ છે - કર્મમુક્ત, જીવનમુક્ત તથા સંસારી ઈત્યાદિ. આમાં ૪૨ હજાર પદ છે.

**[૪] સમવાયાંગ :** આ અંગમાં સમાન વિસ્તારવાળા, સમાન ગુણધર્મોવાળા, સમાન સંખ્યાવાળા જે-જે પદાર્થ છે તે બધાનું વર્ણન છે, જેમકે ૪૫ લાખ યોજનવાળા પાંચ પદાર્થ છે - અઢી દ્વીપ, સિદ્ધક્ષેત્ર ઈત્યાદિ. આમાં ૧ લાખ ૬૪ હજાર પદ છે.

**[૫] વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ :** આમાં ૬૦ હજાર પ્રશ્નોના જવાબ છે, જેમ કે જીવ નિત્ય છે કે અનિત્ય ? જીવ વકતવ્ય છે કે અવક્તવ્ય ઈત્યાદિ. આમાં ૨ લાખ ૨૮ હજાર પદ છે.

**[૬] જ્ઞાતૃધર્મકથાંગ :** આમાં વસ્તુઓના સ્વભાવ, તીર્થંકરોનું માહાત્મ્ય, દિવ્યધ્વનિનો સમય અને સ્વરૂપ તથા ગણધર આદિ મુખ્ય જ્ઞાતાઓની કથાઓનું વર્ણન છે. આમાં ૫ લાખ ૫૬ હજાર પદ છે.

**[૭] ઉપાસકાધ્યયનાંગ :** આમાં શ્રાવકોની પ્રતિમાઓ, આચરણ, ક્રિયાકાંડ તથા શ્રાવકોચિત મંત્રોનું વર્ણન છે. આમાં ૧૧ લાખ ૧૭ હજાર પદ છે.

**[૮] અંતઃકૃતદશાંગ :** આમાં તે મુનિઓનું વર્ણન છે કે જે ઘોર ઉપસર્ગ સહન કરીને કેવળજ્ઞાની થઈ મોક્ષે જાય છે. પ્રત્યેક તીર્થંકરના તીર્થમાં આવા ૧૦-૧૦ મુનિ હોય છે. તેમને અંતઃકૃત કેવળી કહે છે. જેમકે સુદર્શન શેઠ, ગજસુમાર આદિ. આમાં ૨૩ લાખ ૨૮ હજાર પદ છે.

**[૯] અનુત્તરોપપાદિકદશાંગ :** આમાં તે ૧૦-૧૦ મુનિઓનું વર્ણન છે કે જે પ્રત્યેક તીર્થકાળમાં થાય છે અને ઘોર ઉપસર્ગ સહન કરીને સમાધિમરણ દ્વારા અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થાય છે. આમાં ૯૨ લાખ ૪૪ હજાર પદ છે.

**[૧૦] પ્રશ્નવ્યાકરણાંગ :** આમાં અનેક પ્રશ્નો દ્વારા ત્રણ કાળ સંબંધી ધનધાન્ય તથા લાભ-અલાભ, સુખ-દુઃખ, જીવન-મરણ, જય-પરાજય આદિ ફળોનું વર્ણન છે. આમાં ૯૩ લાખ ૧૬ હજાર પદ છે.

**[૧૧] વિપાકસૂત્ર :** આમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુસાર કર્મોના ફળ-ભેદ આદિનું વર્ણન છે. આમાં

૧ કરોડ ૮૪ લાખ પદ છે.

**[૧૨]દષ્ટિવાદાંગ :** આમાં લોકસ્વરૂપ, દ્રવ્ય, મંત્ર, વિદ્યા, કથાઓ તથા ૩૬૩ મિથ્યામતોનું વર્ણન છે. આમાં ૮ કરોડ ૬૮ લાખ ૫૬ હજાર પાંચ પદ છે. આ પાંચ ભાગોમાં વહેંચાયેલુ છે :-

**[૧] પ્રથમાનુયોગ :** આમાં તીર્થંકર, ચક્રવર્તી, નારાયણ, બલભદ્ર તથા પ્રતિનારાયણોની કથાઓ તથા તેમના સંબંધિત ઉપકથાઓનું વર્ણન છે. આમાં ૫ હજાર પદ છે.

**[૨] પરિકર્મ :** આમાં ભૂલોક સંબંધી ગણિતના કરણસૂત્રોનું વિશદ વર્ણન છે. આમાં કુલ ૧ કરોડ ૮૧ લાખ ૫ હજાર પદ છે. આના પણ પાંચ ભેદ છે :

**[i] ચંદ્રપ્રજ્ઞપ્તિ :** આમાં ચન્દ્ર, ઇન્દ્ર અને તેના વિમાન, પરિવાર, આયુ, ગમન તથા પૂર્ણગ્રહણ, અર્ધગ્રહણ આદિનું વિશદ્ વર્ણન છે. આમાં ૩૬ લાખ ૫ હજાર પદ છે.

**[ii] સૂર્યપ્રજ્ઞપ્તિ :** આમાં સૂર્ય પ્રતિઇન્દ્ર અને તેનું વિમાન, પરિવાર, આયુ, ગમન તથા ગ્રહણ આદિનું વર્ણન છે. આમાં ૫ લાખ ૩ હજાર પદ છે.

**[iii] જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિ :** આમાં જમ્બુદ્વીપનું ક્ષેત્ર, કુલાચલ, હદ, મેરુ, વેદિકા, વન, અકૃત્રિમ ચૈત્યાલય, વ્યંતરોનો નિવાસ, મહાન નદીઓ આદિનું વર્ણન છે. આમાં ૩ લાખ ૨૫ હજાર પદ છે.

**[iv] દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ :** આમાં અસંખ્યાત દ્વીપ - સમુદ્રોનો વિસ્તાર, રચના, અકૃત્રિમ-ચૈત્યાલય આદિનું વર્ણન છે. આમાં ૫૨ લાખ ૩૬ હજાર પદ છે.

**[v] વ્યાખ્યા પ્રજ્ઞિપ્ત :** આમાં રૂપી-અરૂપી દ્રવ્ય, જીવ, અજીવ દ્રવ્ય, અનંતર સિદ્ધ, પરંપરા સિદ્ધ આદિ અનેક પદાર્થોનું વ્યાખ્યાન છે. આમાં ૮૪ લાખ ૩૬ હજાર પદ છે.

**[૩] સૂત્ર :** દષ્ટિવાદાંગનો ત્રીજો ભેદ સૂત્ર છે. આમાં ૩૬૩ મિથ્યામતોનું વિશેષ વિવરણ અને તેમનું નિરાકરણ છે. ન્યાયશાસ્ત્રોની મૂળ ઉત્પત્તિ આ અંગથી થઇ છે. આમાં ૮૮ લાખ પદ છે.

**[૪] ચૂલિકા :** દષ્ટિવાદાંગનો ચોથો ભેદ ચૂલિકા છે. આમાં જલ-થલ આદિ સંબંધી અનેક વિદ્યાઓનું વર્ણન છે. આમા કુલ ૧૦ કરોડ ૪૯ લાખ ૪૬ હજાર પદ છે. આના પાંચ ભેદ છે; જેમાં પ્રત્યેકના ૨ કરોડ ૮૯ હજાર ૨૦૦ પદ છે, જેનું સંક્ષિપ્ત વર્ણન નિમ્ન પ્રકારે છે :

**[i] જલગતા :** આમાં પાણીમાં કે પાણીની ઉપર કેવી રીતે ચાલી શકાય ? અગ્નિનું સ્તંભન અને ભક્ષણ કેવી રીતે કરાય ? અગ્નિ-પ્રવેશ અથવા અગ્નિ ઉપર કેવી રીતે બેસી શકાય ? આ બધી વિદ્યાઓને સિદ્ધ કરવા માટેના મંત્ર, તંત્ર, તપસ્યાઓ આદિનું વર્ણન છે.

**[ii] સ્થલગતા :** જેના પ્રભાવથી મેરુ, પર્વત, ભૂમિ આદિમાં પ્રવેશ તથા શીઘ્રગમન આદિ સિદ્ધ થાય તેવા મંત્ર-તંત્રોનું આમાં વર્ણન છે.

**[iii] માયાગતા :** ભિન્ન-ભિન્ન માયાઓ જેમ કે જે દેખાતું નથી તે બતાવવું, ગુપ્ત વસ્તુઓ બતાવવી ઇત્યાદિ ઇન્દ્રજાળ સંબંધી વિદ્યાઓનું આમાં વર્ણન છે.

**[iv] આકાશગતા :** આકાશગમનને સિદ્ધ કરનાર મંત્ર-તંત્રોનું આમાં વર્ણન છે.

**[v] રૂપગતા :** આમાં સિંહ, બળદ આદિ અનેક પ્રકારના રૂપ ધારણ કરવામાં કારણભૂત મંત્ર-તંત્ર આદિનું વર્ણન છે.

**[૫] પૂર્વ :** દષ્ટિવાદાંગનો પાંચમો ભેદ પૂર્વ છે.

તેમની સંખ્યા ૧૪ છે. કુલ મળીને આમાં ૯ કરોડ ૫૫ લાખ, ૫ હજાર ૫દ છે. તેમનું સંક્ષિપ્ત વર્ણન નિમ્ન પ્રકારે છે :

**[i] ઉત્પાદપૂર્વ :** આમાં પ્રત્યેક પદાર્થના ઉત્પાદ, વ્યય, ધ્રુવ અને તેમના સંયોગી ધર્મોનું વર્ણન છે. આમાં ૧ કરોડ ૫દ છે.

**[ii] આગ્રાયણીપૂર્વ :** આમાં પાંચ અસ્તિકાય છ દ્રવ્ય, સાત તત્ત્વ, સાતસો સુનય, સાતસો દુર્નય આદિનું વર્ણન છે. આ દ્વાદશાંગીનું એક મુખ્ય તથા અત્યંત પ્રયોજનભૂત અંગ છે. વર્તમાનમાં ઉપલબ્ધ દ્રવ્યાનુયોગ સંબંધિત બધા શાસ્ત્ર આના જ અંશ છે. આમાં ૯૬ લાખ ૫દ છે.

**[iii] વીર્યાનુવાદપૂર્વ :** આમાં દ્રવ્યોની શક્તિઓનું વર્ણન છે; જેમાં આત્માની શક્તિ, ૫ર પદાર્થની શક્તિ, દ્રવ્ય-ગુણ-પર્યાયની શક્તિ, કાળની શક્તિ, વિવિધ તપસ્યાઓની શક્તિ ઇત્યાદિનું વિશદ્ વર્ણન છે. આમાં ૭૦ લાખ ૫દ છે.

**[iv] અસ્તિ-નાસ્તિપ્રવાદપૂર્વ :** આ પૂર્વમાં સ્યાદ્ ૫દ મુદ્રિત સપ્તભંગીનું વર્ણન છે, જેનાથી દ્રવ્યના સ્વરૂપનું જ્ઞાન થાય છે. આમાં ૬૦ લાખ ૫દ છે.

**[v] જ્ઞાનપ્રવાદપૂર્વ :** આમાં મતિ-કુમતિ આદિ આઠ પ્રકારના જ્ઞાનનું સ્વરૂપ, ભેદ, વિષય, ફળ આદિનું વિસ્તૃત વર્ણન છે. આમાં ૯૯ લાખ ૯૯ હજાર ૯ સો ૯૯ ૫દ છે.

**[vi] સત્યપ્રવાદપૂર્વ :** આમાં શબ્દોચ્ચારના આઠ સ્થાન, ૧૨ પ્રકારની ભાષા, ૧૦ પ્રકારના સત્યવચન, અનેક અસત્યવચન, વચનગુપ્તિ, મૌન વગેરે અનેક વચન સંબંધી વિષયોનું વર્ણન છે. આમાં ૧ કરોડ ૬ ૫દ છે.

**[vii] આત્મપ્રવાદપૂર્વ :** આમાં આત્મા શું છે ? તેનું શુદ્ધ સ્વરૂપ શું છે ? કોનો કર્તા છે ? કોનો ભોક્તા છે ? ઇત્યાદિ આત્મા સંબંધી વિષયોનું વિસ્તૃત વર્ણન છે. આમાં ૨૬ કરોડ ૫દ છે.

**[viii] કર્મપ્રવાદપૂર્વ :** આમાં કર્મની અનેક અવસ્થાઓનું વર્ણન છે. જેમ કે કર્મના મૂળ ભેદ, ઉત્તરભેદ, બંધ, ઉદય, ઉદીરણા ઇત્યાદિ. આમાં ૧ કરોડ ૮૦ લાખ ૫દ છે.

**[ix] પ્રત્યાખ્યાનપૂર્વ :** આમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તથા વ્યક્તિના સંહનન અનુસાર સદોષ વસ્તુઓનો ત્યાગ, ઉપવાસ વિધાન, વ્રત આદિનું વર્ણન છે. આમાં ૮૪ લાખ ૫દ છે.

**[x] વિદ્યાનુવાદ પૂર્વ :** આ પૂર્વમાં અંગૂષ્ઠપ્રસેન આદિ ૭૦૦ અલ્પવિદ્યા અને રોહિણી આદિ ૫૦૦ મહાવિદ્યાઓનું સ્વરૂપ, સામર્થ્ય, સાધન, વિધિ અને મંત્ર-તંત્ર તથા સિદ્ધ વિદ્યાઓના ફળનું વર્ણન છે. આમાં ૧ કરોડ ૧૦ લાખ ૫દ છે.

**[xi] કલ્યાણવાદ પૂર્વ :** આમાં તીર્થંકરોના કલ્યાણકો, સોલહકારણ ભાવનાઓ, સૂર્ય - ચંદ્રગ્રહણ, શુકન આદિનું વિસ્તૃત વર્ણન છે. આમાં ૨૬ કરોડ ૫દ છે.

**[xii] પ્રાણાનુવાદપૂર્વ :** આમાં આયુર્વેદ સંબંધી ચિકિત્સા, નાડીગતિ, ઔષધિઓના ગુણ - અવગુણ ઇત્યાદિ અનેક વિષયોનું વર્ણન છે. આમાં ૬૩ કરોડ ૫દ છે.

**[xiii] ક્રિયાવિશાલપૂર્વ :** સંગીત, કાવ્ય, અલંકાર, કળા, શિલ્પ-વિજ્ઞાન, ગર્ભાધાનાદિ ક્રિયા ઇત્યાદિ નિત્ય તથા નૈમિત્તિક ક્રિયાઓનું આમાં વર્ણન છે. આમાં ૯ કરોડ ૫દ છે.

**[xiv] લોકબિંદુસાર પૂર્વ :** આમાં ત્રિલોકનું સ્વરૂપ, મોક્ષનું સ્વરૂપ અને મોક્ષના કારણરૂપ ધ્યાન આદિનું વર્ણન છે. આમાં ૧૨ કરોડ ૫૦ લાખ ૫દ છે.

**(ક્રમશઃ)**

# વિભુત્વ શક્તિ (૮)

વલભજી હીરજી 'કેવલ'

આત્માના અનંત ધર્મોમાં એક વિભુત્વ ધર્મ છે. જ્ઞાન, આનંદ, પ્રભુતા વગેરે જે અનંત ધર્મો છે તે એકેક ધર્મ બીજા સર્વે ધર્મોમાં વ્યાપક છે. ધર્મ કહો, શક્તિ કહો, ગુણ કહો કે ભાવ કહો. જ્ઞાનભાવથી જોતાં આખો આત્મા જ્ઞાનરૂપ દેખાય છે. આનંદભાવથી જોતાં આખો આત્મા આનંદરૂપ દેખાય છે - આવું આત્માથી વિભુત્વશક્તિનું કાર્ય છે. વિભુ એટલે વ્યાપક. આત્મા વિભુ છે એટલે કે વ્યાપક છે. આત્મામાં જે જ્ઞાન, આનંદ, દર્શન, જીવત્વ આદિ શક્તિઓ છે તેને અહીં 'ભાવ' કહેલ છે. દ્રવ્ય, ગુણ, પર્યાય વિકારી પર્યાયને ભાવ કહે છે. સર્વ અનંત શક્તિઓમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ છે.

આત્મામાં જે વિભુત્વશક્તિ છે તે આત્મદ્રવ્યના સર્વ ભાવોમાં વ્યાપક છે. એક ભાવરૂપ છે અર્થાત્ આત્મદ્રવ્યના સર્વ અનંત ભાવોમાં વ્યાપક છતાં વિભુત્વ શક્તિ અનંત ભાવરૂપ થઈ જતી નથી. સદા તે એક ભાવરૂપ જ રહે છે. એકપણે રહીને અનંત ગુણ સ્વ ભાવોમાં વ્યાપે એવું આત્માનું વિભુત્વ છે. જ્ઞાનનું દૃષ્ટાંત લેતાં જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે. તેવી રીતે એક ભાવરૂપ વિભુત્વ સર્વ ભાવોમાં તે આત્મદ્રવ્યમાં વ્યાપે છે. આ રીતે વિભુત્વ સ્વભાવ વડે આત્મા વિભુ અર્થાત્ સર્વવ્યાપક છે. આત્માના પ્રત્યેક ગુણ પણ વિભુ અર્થાત સર્વવ્યાપક છે. આત્માની પ્રભુતા પણ મોટી, ને આત્માની વિભુતા પણ મોટી. અનંતગુણ-પર્યાયોમાં આત્મા એક સાથે વ્યાપેલો છે.

એક ગુણમાં બીજો ગુણ ન વ્યાપે. એક પર્યાયમાં બીજી પર્યાય ન વ્યાપે, પણ આત્મા અનંત ગુણ-પર્યાયોમાં એક સાથે વ્યાપે છે, એવી તેની વિભુતા છે. આત્માના અનુભવરસમાં બધા ગુણોનો ભેગો સ્વાદ એકરસપણે વેદાય છે. વસ્તુ પોતાના ગુણ-પર્યાયમાં જ વ્યાપક હોય, એટલે દ્રવ્યનું ને ગુણ-પર્યાયનું ક્ષેત્ર જુદું જુદું નથી. ક્ષેત્ર તો બંનેનું એક જ છે. પ્રદેશો એક જ છે. જે જ્ઞાનના પ્રદેશો છે તે જ આનંદના પ્રદેશો છે. જ્યાં જ્ઞાન છે ત્યાં જ આનંદ છે. ભલે ગુણ ત્રિકાળ ને પર્યાય ક્ષણિક, છતાં ક્ષેત્ર બંનેનું સરખું છે. આત્મા પોતાના સર્વ પ્રદેશો વડે પોતાના અનંત ગુણોમાં જો એક સાથે ન વ્યાપે તો તેની અખંડ વિભુતા ન થાય.

આ વિભુત્વશક્તિ તો અજબ છે. વિભુત્વ સ્વભાવ વડે જેમ આત્મા વિભુ છે, તેમ તેના અનંતાગુણ - પ્રત્યેક વિભુ છે. જ્ઞાનવિભુ, દર્શનવિભુ, ચારિત્રવિભુ - એમ દરેક ગુણ વિભુ છે. જેમ અસ્તિગુણથી બધા અનંત ગુણ અસ્તિરૂપ છે તેમ વિભુત્વગુણથી બધા વિભુસ્વરૂપ છે. જેમ અસ્તિત્વ ગુણ વ્યાપીને બધાને અસ્તિરૂપ કરે છે તેમ વિભુત્વગુણે વ્યાપીને બધાને વિભુત્વ અર્પે છે. આવી પોતાની વિભુત્વશક્તિને જાણો. આ શક્તિ અને આ શક્તિમાન દ્રવ્ય એવા ભેદનું લક્ષ છોડી અભેદ અખંડ એક શક્તિમાન દ્રવ્ય પર દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. આ ધર્મ પ્રગટ કરવાની રીત છે. શક્તિઓનો ભેદ છે તે જાણવા માટે છે, પણ સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે તો ભેદનું લક્ષ મટાડી અભેદની અંતર્દૃષ્ટિ કરવી એ જ સાધન છે.

તારામાં એવી વિભુતા છે કે તારા અનંતગુણોમાં તું રહેલો છે. તારા ગુણોમાં વિકાર નથી વ્યાપ્યો. પર નથી વ્યાપ્યું, પણ શુદ્ધ જ્ઞાનભાવરૂપ તારો આત્મા તારા સર્વ ગુણ - પર્યાયોમાં વ્યાપ્યો છે ને વિકારમાં તે વાણીમાં તારા આત્માને વ્યાપકપણું નથી. આત્માના અચિંત્ય વૈભવના જે અનંત ભાવો ભર્યા છે તેને સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે. એ રીતે પોતાની વિભુતાને જાણતો તે નિર્મળ ભાવોમાં વ્યાપીને સાક્ષાત્ વિભુતા પ્રગટ કરે છે.

**(ક્રમશઃ)**

# સમ્યક્ જીવન

**વિભાબેન એસ. મહેતા**

સમ્યક્જીવન એટલે સાચું જીવન. મનુષ્યના જીવનમાં પોતાના લક્ષ્યની સિદ્ધિ માટે સંકલ્પ શક્તિ અગત્યનો ભાગ ભજવે છે. દઢ સંકલ્પ શક્તિથી મનુષ્ય અસંભવ કાર્યને પણ સંભવ બનાવી શકે છે. સુખસમૃદ્ધિના દ્વાર ખોલી શકે છે. લૌકિક કાર્યોમાં સફળ બની શકે છે. પારલૌકિક ધ્યેય પણ સિદ્ધ કરી શકે છે. પ્રામાણિકતા, વિવેકી પુરુષાર્થ, આત્મવિશ્વાસ અને દઢ સંકલ્પશક્તિ ચમત્કારો સર્જે છે.

જગતમાં આપણે જોઈએ છીએ કે પશુઓમાં બુદ્ધિ નથી, વિવેક નથી, જાગૃત ચેતના નથી એટલે પશુઓમાં કોઈ ઉચ્ચ ધ્યેય કે લક્ષ્ય હોતા નથી. ખાવું, પીવું, ભસવું, કરડવું, દોડવું, મારવું જેવી લક્ષ્યહીન, ધ્યેયહીન પાશવિક ભૂમિકા ઉપર જ તે વિચારતો હોય છે, પરંતુ મનુષ્યમાં બુદ્ધિ છે, વિવેક છે, સાર-અસાર, નીતિ-અનીતિના ભેદ પારખવાની નિર્ણયશક્તિ છે. માટે એ જાગ્રત ચેતનથી જીવનનું ઉદ્દાત લક્ષ્ય-ધ્યેય નક્કી કરી વિકાસ કરે છે. બુદ્ધિમાન મનુષ્યની ગતિ-પ્રગતિ એક ચોક્કસ નિર્ધારિત લક્ષ્ય-સિદ્ધિ કરવા તરફ હોય છે. લક્ષ્ય ઉમદા હોવું જોઈએ. તે લક્ષ્ય પ્રાપ્ત કરવા વિવેકી પુરુષાર્થ આદરી, નીતિમત્તાના મૂલ્ય પારખી તે રીતે જીવન જીવવાનું ધ્યેય નક્કી થાય તે જ સમ્યક્ જીવન છે.

સમ્યક્ જીવન જીવવાનું નક્કી કરનાર મનુષ્ય અન્ય દરેક જીવને પોતાની સમાન માને છે. કોઈ મારા કે પરાયા તેવા ભેદ રાખતાં નથી. બીજા જીવો પ્રત્ય બૂરાઈના ભાવ તેઓમાં ઉપજતાં જ નથી. કોઈના હક્ક માર્યા સિવાય બીજાનું યત્કિંચિત ભલું કરવાનો વિવેકી પુરુષાર્થ કરે છે. અહંકાર હવે ઊઠતો નથી. મિથ્યા અહંકારથી સુખ-દુઃખના ભાવ પણ ઉપજતાં નથી. ઈષ્ટ - અનિષ્ટ ભાવ ત્યજી દે છે. કોઈ ચીજ સારી કે નરસી દેખાતી નથી. વસ્તુ તે વસ્તુરૂપ છે. ભલાઈ-બુરાઈ વસ્તુમાં નથી. તેના ભાવનો ભેદ આપણા અંતરમાંથી જ ઉઠ્યો છે તેવી સમજણ હવે આવી ગઈ છે. સુખ-દુઃખ, પાપ-પુણ્ય, કષાય, રાગ-દ્વેષ આ બધું કર્મને આધીન છે તે માન્યતા હવે જીવનમાં આવી જાય છે. રાગથી બંધ થાય છે. અશુભથી પાપનો અને શુભથી પુણ્યનો. એક સોનાની ને બીજી લોઢાની બેડી છે તે શ્રદ્ધામાં આવી જાય છે. શુદ્ધ ભાવોથી રાગદ્વેષનો નાશ થાય છે. તે જ ધર્મ છે એવી માન્યતા દઢ થાય છે.

સમ્યક્જીવન કોણ પ્રાપ્ત કરી શકે ? જેના દિલમાં દયાના ભાવ છે, જેના હૃદયમાં કરુણાનો ઝરો વહી રહ્યો છે, જે ન્યાયપ્રિય છે, સમદષ્ટિ-વિવેકવાળો છે, નિઃસ્વાર્થ છે, જેણે આત્મા અને પરમાત્માનું સ્વરૂપ જાણ્યું છે, જે પરદોષ જોતો નથી, જે નરકના ભયથી કે સ્વર્ગના લોભથી થતાં ધર્મકાર્યો સ્વીકારતો નથી. પોતામાં પરમાત્મા બનવાની શક્તિ છે ને પોતાના પુરુષાર્થથી તેને વ્યક્ત કરી શકે છે. આવી અવિકલ શ્રદ્ધા જેના હૃદયમાં જાગૃત થઈ છે તેઓ સમ્યક્ જીવન પ્રાપ્ત કરી શકે છે.

માનવજીવનમાં જ્યારે ઉચ્ચ આદર્શ પ્રત્યે તીવ્ર જિજ્ઞાસા પ્રગટે છે ત્યારે તે આદર્શને પહોંચવા તે ગમે તેવા કષ્ટો પણ સહન કરે છે. પોતાના આદર્શને કોઈ પણ સંયોગોમાં નીચે ન લાવતા

તેના આધારે ઊંચે ચડવા પ્રયત્ન કરે છે. આદર્શના સત્ય અને સત્ત્વને પકડવા વિશ્વવ્યાપ્ત પરમતત્ત્વને માની તેને પોતાની માન્યતામાં સીમિત ન રાખતાં, પોતાની બુદ્ધિમર્યાદામાં ન ગોઠવતાં એ પરમતત્ત્વના વિશ્વાસ પર પોતાની શક્તિ અને શ્રદ્ધા પેદા કરે છે. તેના પરિણામ સ્વરૂપ તે શ્રદ્ધાથી સમતારૂપે, આનંદરૂપે સમ્યક્જ્ઞાન પ્રગટ થાય છે.

સરળ અને સાચું જીવન જીવવા માટે પરમાત્મા પ્રત્યે અંતરંગ શ્રદ્ધા રાખી તેમના ગુણોમાં પ્રેમ પ્રગટાવવો જોઈએ. આમ કરવા માટે ઉલ્લાસ ભાવથી આત્મા અને પરમાત્માનું સ્વરૂપ જાણી સત્સંગ કરવો જોઈએ. પ્રભુમાં પ્રેમ પ્રગટાવવા માટે, આત્મકલ્યાણ માટે જેણે આ ગુણો પ્રાપ્ત કર્યાં છે તેવા સત્પુરુષોનો સંગ કરવો જોઈએ. પોતાના જીવનની પ્રણાલિકા બદલી દૃઢ નિશ્ચયથી, અવિરત પુરુષાર્થથી, ધીરજથી, વૈરાગ્યથી, શાસ્ત્ર અને તત્ત્વના અભ્યાસથી તેમજ નિવૃત્તિક્ષેત્રના વારંવારના સેવનથી ક્રમે કરીને જીવન પરિવર્તન પામે છે.

સમ્યક્ જીવનના આદર્શો આપણા પરમ પુરુષો, સદ્ગુરુઓએ પૂરા પાડ્યાં છે. તેઓ એવું જીવન જીવી ગયા છે કે તેમની પ્રેરણાથી અનેક મનુષ્યના જીવન સુધરી ગયા છે. તેઓએ બતાવેલા અને આચરેલા અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિ ગુણો આપણા જીવન પરિવર્તનના પ્રેરણાસ્તોત્ર બની ગયા છે. આવા ગુણો આપણા જીવનને બળ આપે છે. આ આદર્શો સૈદ્ધાંતિક છે. ભગવાન મહાવીર, ભગવાન ઋષભદેવ વગેરે આપણને ઉપદેશ આપી જીવનરાહ બતાવી ગયા. સંત કબીર, નરસિંહ મહેતા, મીરાંબાઈ, તુકારામ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, રમણ મહર્ષિ અને વર્તમાન યુગના જ્ઞાનાવતાર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી જેવા મહાન પુરુષો સમ્યક્ જીવન જીવી ગયા. તેઓ આપણા આદર્શ પુરુષો છે. તેમના જીવનમાંથી આપણને જીવનના નૈતિક મૂલ્યો મળે છે. આપણે પણ આવા સત્પુરુષોના જીવનમાંથી પ્રેરણા લઈ સમ્યક્ જીવન પ્રાપ્ત કરવાનો દૃઢ સંકલ્પ કરીએ.

---

## પુસ્તક સમાલોચના

**– મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

(૧) પુસ્તકનું નામ : **મુમુક્ષુતા આરોહણ ક્રમ (ભાગ - ૨)**

**લેખક :** પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ ● પૃષ્ઠ : ૧૨૮ ● મૂલ્ય : રૂા. ૨૦ ● આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૪

**પ્રકાશક :** વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ - ૫૮૦, જૂની માણેકવાડી, પૂ. કાનજીસ્વામી માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧. ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**પ્રાપ્તિસ્થાનો :** (૧) શ્રી કુંદકુંદકહાન જૈન સાહિત્ય કેન્દ્ર, સોનગઢ

(૨) શ્રી ખીમજીભાઈ ગંગર : મો. ૦૯૮૨૦૩ ૬૫૬૮૩, ૦૨૨-૨૬૧૬૧૫૯૧

પાકું બાઈન્ડિંગ, સારા કાગળનો ઉપયોગ થયો છે. આ પુસ્તકમાં શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક - ૨૫૪ પર જ્ઞાનમંદિર, રાજકોટ મુકામે યોજાયેલા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનોનું આલેખન કરવામાં આવ્યું છે. આ પત્રાંક અને તેનું વિવેચન મુમુક્ષુઓના આત્મવિકાસ અર્થે ખૂબ ઉપયોગી હોવાથી આ પુસ્તક વાંચવા યોગ્ય છે.

# ચાલો, શિબિરમાં જઈએ...

**નિરુપમાબેન ડગલી**

આપણા ભારતદેશની સંસ્કૃતિનું મૂળ સૂત્ર 'સત્યમ્-શિવમ-સુંદરમ્'ને જીવનમાં અપનાવવાને બદલે પશ્ચિમની ભૌતિક સંસ્કૃતિનું આંધળું અનુકરણ આપણે છેલ્લા ૫૦ વર્ષમાં કર્યું છે. તેથી સામાજિક, કૌટુંબિક અને આધ્યાત્મિક જીવનનો સાવ રકાસ થઈ ગયો છે. તેના દુષ્પરિણામો નજરે જોઈ રહ્યા છીએ. વર્તમાન યુગમાં ટી.વી., મોબાઈલ, ઈન્ટરનેટ, નાટક-ફિલ્મ જગતના ભયંકર આક્રમણે તો જાણે બાળકોના અમૂલ્ય માનવજીવનને હતપ્રત કરી નાખ્યું છે. તેમાં પણ મા-બાપોના પોતાના મોજશોખ અને અસંયમી જીવન દ્વારા ઘરના બાળકોની ઘોર ઉપેક્ષા થઈ રહી છે. વળી, ટીન-એઈજના યુવક-યુવતીને દુર્વ્યસનના માર્ગે જતા અટકાવવા જ્યારે પોલીસ પણ પ્રયત્નો કરે છે ત્યારે મોર્ડન માતાઓ જ એમ કહે છે કે અમે અમારા સંતાનોને પૈસા આપી હોટલ-કલબમાં જલસા કરવા મોકલીએ છીએ ત્યારે તમે શા માટે અટકાવો છો !! જુઓ ! આપણા સમાજનું કેવું ઘોર અધઃપતન થઈ રહ્યું છે ! આવી અજ્ઞાની માતાઓને કોણ સમજાવે કે તે તેના સંતાનને નરકગતિનું એડવાન્સ બુકીંગ કરવા મોકલી રહી છે. શાસ્ત્રોમાં નરકે જવાના ચાર કારણો પૈકી પહેલું જ કારણ બતાવ્યું છે. માંસ-મદિરાનું સેવન કરવું. બસ, તે યુવાનોની ચાર દિવસની ચાંદની પૂરી થતાં જીવન અનેક ભીષણ યાતનાઓ, રોગો અને ડીપ્રેશનના દુઃખોમાં ધકેલાઈ જાય છે અને આખા પરિવારની શાંતિ-સુખને ઘમરોળ કરી નાંખે છે.

વિનાશના માર્ગે જતાં યુવાનોને અટકાવવા અનેક સાધુ-સાધ્વી, સંત-મહાત્માઓ અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. એક સ્થાનકવાસી મહારાજ સાહેબ મે માસની ભયંકર ગરમીમાં ઉઘાડા પગે ૫૦૦ (કિ.મી.)નો વિહાર કરી માત્ર સાત દિવસ માટે યુવાશિબિર અર્થે મારા ગામમાં પધાર્યા, તે જોઈને મારું દિલ તો તેમની અનુમોદના કરતું જ રહ્યું કે ધન્ય છે ! આવા સાધુ મહારાજને ! હજી પણ આ ભારતની પવિત્ર ભૂમિ પર આવા તો અનેક સાધુ-સાધ્વીજી મહારાજ ગરમી-ઠંડી વગેરે સહીને પણ દૂરથી વિહાર કરીને શિબિરના સ્થળે પહોંચી જાય છે. આપણા બાળકો માટે તો જાણે 'ઘેર બેઠા ગંગા આવી.'

ઘણાં બહેનો કહેતા હોય છે કે મારો બાબો પાઠશાળા કે શિબિરમાં જવા તૈયાર નથી થતો. દરેક બાળકને સ્કૂલમાં ભણવા મોકલીએ ત્યારે શરૂઆતમાં તે ન જવા માટે રડે છે, છતાં તેને સમજાવી-ફોસલાવીને પણ મોકલીએ જ છીએ. દુનિયામાં કોઈ મા એવી નથી જોઈ કે બાળક સ્કૂલે જવા તૈયાર ન થાય એટલે ત્યાં જવાનું બંધ કરાવી દે, તો પછી ધાર્મિક શિક્ષણશિબિરમાં જવા કેમ સમજાવી ન શકાય ? પૂ.આચાર્યશ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. વ્યાખ્યાનમાં કહેતાં હતાં, "હું નાનો હતો ત્યારે મારા પિતાજીનો ઘરમાં કડક કાયદો હતો કે જિનપૂજા નહીં કરે ત્યાં સુધી બપોરનું ભોજન નહીં મળે. સવારે સ્કૂલે જવા માટે ૬.૩૦ વાગ્યાની મલાડ સ્ટેશનથી લોકલ ટ્રેઈન પકડવી પડતી. મારા પિતાજી પાસે મારી કોઈ બહાનાબાજી ચાલતી નહીં. તેમના કડક અનુશાસન અને સુસંસ્કારથી થયેલા ઘડતરને પરિણામે આજે તમારી સામે પાટ ઉપર બેસી વ્યાખ્યાન આપવા હું સક્ષમ થયો છું."

ઘણાં લોકો વિચારતાં હોય છે કે આપણા સંતાનને વળી અત્યારથી ધાર્મિક શિબિરમાં મોકલવાની શી જરૂર છે ? તે ૪૦-૫૦ વર્ષનો થશે ત્યારે ધર્મ સમજશે અને કરશે, પણ તમારા સંતાનનું

આયુષ્ય ૯૦-૧૦૦ વર્ષનું જ છે એ તમને ખબર છે ? આજે કેટલાય યુવાનોના મોત માત્ર ૨૧ થી ૩૦ વર્ષની જ વયે થતાં જોયાં છે. બહુમાળી મકાનની લીફ્ટમાં એક યુવાન નીચે જઈ રહ્યો હતો. લીફ્ટ ગ્રાઉન્ડ ફ્લોર પર પહોંચે તે પહેલાં જ તેનું હાર્ટ-ફેઈલ થઈ ગયું. બે યુવતીઓ ઘરેથી નીકળી ગલીના કોર્નર પર સ્કૂટર લઈને પહોંચી ત્યાં બસ સાથે અથડાઈને મૃત્યુ પામી. કાળનો કોઈ ભરોસો નથી. 'શુભસ્ય શીઘ્રમ.' વિદ્યાર્થીજીવનની પ્રત્યેક ક્ષણ લાખેણી છે તો તેનો સદુપયોગ કરી જીવનને ઉન્નત અને સફળ કરવું.

### બાળકોને શા માટે શિબિરમાં મોકલવા જરૂરી છે ?

૧. તેઓને શિસ્તબદ્ધ જીવન જીવવાની પ્રેરણા મળશે. પૂ. આત્માનંદજીના સૂત્ર મુજબ 'ચાલશે, ફાવશે, ભાવશે, ગમશે' - એ પ્રમાણે રહેતાં શીખશે, જેથી ભવિષ્યમાં કઠિન પરિસ્થિતિમાં પણ 'એડજેસ્ટ' થતાં શીખશે.

૨. ઘરથી દૂર એક નવા-સુંદર વાતાવરણમાં રહેવા મળશે, જ્યાં સમાન વય, સમાન આચાર-વિચાર ધરાવતાં અનેક બાળકોને મળવાથી નવા નવા મિત્રો બનાવવાનો મોકો મળશે.

૩. ત્યાં તેઓને જ્ઞાન સાથે ગમ્મત મળશે. તેમના વૅકેશનના સમયનો સદુપયોગ થશે, જેથી હલકા મનોરંજન(ટીવી-મોબાઈલ) પાછળ સમય, આંખો અને બુદ્ધિ બગાડશે નહીં.

૪. ત્યાં સાધુ-સંતોની સાધનાનો એવો દિવ્ય પ્રભાવ હોય છે કે જે વાત ઘરે અનેકવાર કહેવા છતાં તે માનતો ન હોય તે સંતના એક જ વાર કહેવા માત્રથી માની જાય છે.

૫. ધાર્મિક ક્વીઝ, અંતાક્ષરી દ્વારા તેમની બુદ્ધિમત્તા ખીલશે અને પોતાની ટેલેન્ટ બતાવવાનો મોકો મળશે.

૬. યુવાનોમાં વિવેકબુદ્ધિ ખીલશે, જેથી તદ્દન વિરુદ્ધ આચાર-વિચાર અને ખાન-પાન ધરાવતાં પરિવારમાં તેઓ લવમેરેજ કરતાં અટકશે.

૭. Simple living and High Thinking નું સૂત્ર જીવનમાં અપનાવશે. જીવન સુસંસ્કારિત - ઉન્નત બનશે તો આખા પરિવારમાં શાંતિ - સંપ - પ્રેમ - મર્યાદા જળવાઈ રહેશે.

### ધર્મપ્રેમી ભાઈ-બહેનો શિબિરમાં કઈ રીતે સહભાગી થઈ શકે ?

૧. જેઓને શાસ્ત્રાભ્યાસ સારો હોય તેઓ યુવાનોને તત્ત્વજ્ઞાન અને ધર્મના મૂળભૂત સિદ્ધાંતો સમજાવવા પ્રયત્ન કરે.

૨. જેઓ ધર્મકથાઓ કહેવામાં ચતુર હોય તેઓ વાર્તાઓ દ્વારા ધર્મની સમજણ આપે તો બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળશે.

૩. જેઓને સામાયિક, પૂજા-પાઠ, પ્રતિક્રમણ આવડતાં હોય તે અર્થ સહિત સમજાવીને કંઠસ્થ કરાવી શકે.

૪. ધાર્મિક ક્વીઝ-અંતાક્ષરીનું આયોજન કરી શકાય.

૫. જેઓમાં મેનેજમેન્ટ પાવર સારો હોય તેઓ આશ્રમના રહેઠાણ-ભોજનશાળા જેવી વ્યવસ્થા સંભાળી શકે. મુંબઈ જેવા મહાનગરમાં પણ યુવકમંડળના સેવાપ્રેમી ભાઈ-બહેનો ધંધા-નોકરીમાંથી ત્રણ કે પાંચ દિવસની રજા લઈને શિબિરમાં સ્વયંસેવક તરીકે સેવા બજાવે છે.

૬. દરેક વ્યક્તિએ યથાશક્તિ અમુક રકમનું દાન ખાસ શિબિર માટે આપવું જોઈએ.

ભવિષ્યમાં આપણા ધર્મ-રાષ્ટ્ર-સમાજની ધરોહર સંભાળનારા યુવાનોમાં નૈતિક અને આધ્યાત્મિક વિકાસ થાય તે માટે શિબિરોનું આયોજન એક ઉત્તમ વિકલ્પ છે.

# સાધર્મિક ભક્તિ : જિનશાસનની ઉત્કૃષ્ટ પ્રભાવના

ગુણવંત બરવાળિયા

પૂર્વાચાર્યોએ 'જિન શાસનમાં સાધર્મિક ભક્તિનું ઉત્કૃષ્ટ સ્થાન છે' એ વાત સમયે સમયે કહી છે. વળી, શ્રાવકના કર્તવ્યોમાં સાધર્મિક ભક્તિને અગત્યનું અંગ ગણ્યું છે.

ભગવાન મહાવીરની વાણી, જિનાગમ ભગવતીસૂત્રના સોળમા શતકના બીજા ઉદ્દેશકમાં સાધર્મિકનું કથન અવગ્રહના સંદર્ભે જોવા મળે છે. સમાન ધર્મનું, એક જ ધર્મનું આચરણ કરનાર સહધર્મિકો, તે સાધર્મિક છે.

તેથી એક રીતે જોઈએ તો સાધર્મિક ભક્તિ તે જિનશાસનની પ્રભાવના જ છે. આવા પ્રકારનું કાર્ય કરનાર અને લાભ લેનાર બંનેની ધર્મમાં શ્રદ્ધા બળવત્તર બને છે.

પૂર્વાચાર્યો આચરણ દ્વારા સાધર્મિક ભક્તિની પ્રેરણા કરતાં તે ઘટનાઓ જૈન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત છે.

શાકંભરી નગરીમાં ધનાશાહ નામે શ્રાવક રહેતા હતા. નામ ધનાશાહ, પણ ધનનું નામનિશાન ન મળે. તેમની સ્ત્રી રેંટિયો કાંતે, સૂતર કાઢે અને ધનાશાહે પોતાના માટે જ સૂતર કંતાવી તેમાંથી ચોફાળ વણાવ્યો, જેથી શિયાળામાં ઓઢવા કામ આવે.

એક દિવસ શાકંભરી નગરીમાં મહારાજા કુમારપાળના ગુરુ પૂ. શ્રી હેમચંદ્રાચાર્ય પધાર્યા. એમને મન તો શ્રીમંત અને રંક સૌ સમાન હતા. આવા મહાન આચાર્ય પોતાની નગરીમાં પધારતાં ધનાશાહને ખૂબ ભાવ આવ્યો એટલે તેમણે સૂઝતો આહાર વહોરાવ્યો અને પેલો ચોફાર પણ વહોરાવી દીધો. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે તેને ગ્રહણ કર્યો.

કેટલાક દિવસ પછી શ્રી હેમચંદ્રાચાર્ય પાટણ પધાર્યા. ત્યાં તેમનું ભવ્ય સ્વાગત થયું. સામૈયાની શોભાયાત્રામાં મહારાજ પોતે પણ સામલે હતા. શ્રી હેમચંદ્રાચાર્યનો ચોફાળ જોઈ રાજાએ કહ્યું, "ભગવાન, આપ તો મારા ગુરુ ગણાવ, આપ જો આવા જાડા ચોફાર જેવા કપડાં પહેરો તે જોઈ મને શરમ આવે છે." શ્રી હેમચંદ્રાચાર્યે માર્મિક જવાબ આપ્યો, "હા, બીજી રીતે પણ તમે શરમના અધિકારી તો છો જ." રાજાએ આશ્ચર્યસહ પૂછ્યું, "ગુરુદેવ ! બીજી રીતે એટલે ?" "જો ભાઈ, અમને મુનિઓને શું ? અમને અલ્પ મૂલ્યવાન, જાડાં અને જીર્ણ વસ્ત્રો પણ શોભે, પણ તમે તો રાજા છો, તમારા જ રાજ્યમાં સાધર્મિક ગરીબ અને કંગાળ હાલતમાં રહે તે શરમજનક કહેવાય કે નહીં ?" રાજા મર્મ પામી ગયા.

આચરણને કારણે આ ઉપદેશની એવી અસર થઈ કે કુમારપાળે સાધર્મિક ભક્તિ પાછળ દર વર્ષે એક કરોડ સોનામહોર ખર્ચવાનો નિર્ણય કર્યો અને આ રીતે સતત ૧૪ વર્ષમાં ચૌદ કરોડ સોનામહોરોનો સદ્વ્યય કર્યો. ઇતિહાસમાં કુમારપાળે સાધર્મિક વાત્સલ્યમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું.

ભગવતીસૂત્રના બારમા શતકના પહેલા ઉદ્દેશકમાં શંખ પોકલીની વાત આવે છે, જે અવારનવાર સમૂહભોજન યોજતો. ગુરુભગવંતો પર્યુષણનાં કર્તવ્યોમાં શ્રાવકો માટેનું એક કર્તવ્ય સ્વામિવાત્સલ્ય ગણાવે છે, જેમાં સાધર્મિકની સમૂહભોજન દ્વારા ભક્તિ કરવાની વાત અભિપ્રેત છે.

જૈન કથાનુયોગમાં તામલી તાપસના ચરિત્રમાં સંન્યાસ વખતે તે બહુ જ મોટા પાયા પર

સમૂહભોજનનું આયોજન કરે છે. વર્તમાને દીક્ષા મહોત્સવ પ્રસંગે સ્વામિવાત્સલ્યનું જે આયોજન થાય છે તે સાધર્મિક ભક્તિ જ છે.

માનવસર્જિત કે કુદરતી આફતો વખતે કરાતી સાધર્મિક ભક્તિ મૂલ્યવાન છે. કપરા સમયે કહેવાય છે કે જગડુશા શેઠે લાડવા બનાવડાવ્યા. એ લાડવાની અંદર સોનું-રૂપું મૂકતાં. એવાં કુટુંબો જે કોઈની સામે હાથ લંબાવી શકતાં ન હતાં અને ભૂખે મરવાનો વારો આવતો હતો, દરરોજ વહેલી પરોઢે જગડુશા ખુદ જાતે જઈ જરૂરિયાતવાળા આબરૂદાર એવા કુટુંબોમાં લાડવાની પ્રભાવના કરતા. આ લાડવા 'જગડુશાના લજ્જાપિંડ'ના નામે પ્રસિદ્ધ થયા.

વર્ષો પહેલા પાટણમાં હજારો જૈન કુટુંબો વસવાટ કરતાં. આજીવિકા કે આરોગ્ય કે કોઈ અગમ્ય કારણસર કોઈ જૈન કુટુંબને પોતાનું વતન છોડી પાટણ વસવાટ કરવા આવવું હોય તો પાટણના પ્રત્યેક સમૃદ્ધ કુટુંબ તેને એક એક સોનામહોરની મદદ કરતાં. હજાર સોનામહોરથી તે વ્યક્તિ ઘર અને ધંધા-વ્યવસાયમાં સ્થિર થઈ શકતો. થોડાં વર્ષોમાં સદ્ધર થઈને ફરી તે સમાજને આ મદદની રકમ પરત કરતો. આમ, સેંકડો કુટુંબોને સ્થિર વસવાટ કરવામાં સહાય થતી સાધર્મિક ભક્તિનો આ અનન્ય દાખલો છે.

વ્યવહાર સમક્તિના ૬૭ બોલમાં દસ પ્રકારના વિનયમાં એક સાધર્મિક વિનય કહ્યો છે, જે સાધર્મિક ભક્તિનો એક પ્રકાર છે. ઔપપાતિક સૂત્રમાં દસ પ્રકારની વૈયાવચ્ચમાં સાધર્મિકની વૈયાવચ્ચને સ્થાન આપ્યું છે, જે સાધર્મિક ભક્તિ જ છે.

બાવીસમા તીર્થંકર નેમિનાથના શાસનમાં કૃષ્ણ પરમાત્માએ જાહેર કરેલ કે જે પરિવારમાંથી તેનું સંતાન ભગવતી દીક્ષા અંગીકાર કરી સંયમ પંથે જાય તેના માતા-પિતા અને પરિવારની જરૂરિયાત પ્રમાણે હું ભરણપોષણની વ્યવસ્થા કરીશ. આ પ્રકારની સાધર્મિક ભક્તિ જિનશાસનની ઉત્કૃષ્ટ પ્રભાવના કહેવાય.

જૈન કથાનુયોગમાં તો ઠેર ઠેર સાધર્મિક ભક્તિનાં જ્વલંત ઉદાહરણ જોવા મળે છે. હવે વર્તમાન પરિસ્થિતિના સંદર્ભે સાધર્મિક ભક્તિનું વિશ્લેષણ જરૂરી છે.

મોટાં શહેરો અને મધ્યમ કક્ષાનાં શહેરોમાં સાધર્મિકોને યોગ્ય જગ્યાએ આવાસની વ્યવસ્થા ખૂબ મુશ્કેલ બની છે. સાધર્મિકો માટે ધર્મસ્થાનકો સહિતની કૉલોની - સોસાયટીની રાહતના દરે આવાસ મળે તેવી વ્યવસ્થા જરૂરી છે.

જૈનોનું માતબર ડોનેશન કેળવણી ક્ષેત્રે છે. અન્ય ટ્રસ્ટો ચલાવતી કૉલેજોમાં જૈનોનાં સંતાનોના ઍડ્મિશન માટે કેપિટેશન ફી પેટે જૈનો કરોડો રૂપિયા પ્રતિવર્ષ ખર્ચે છે. તો જૈનોના ટ્રસ્ટ દ્વારા જ આવી કૉલેજો અને ગુરુકુળની સ્થાપના જરૂરી છે.

મોટાં શહેરોમાં વયસ્કો માટે ટિફિન અને ભોજનાલયોની વ્યવસ્થા રાહતના અલ્પ દરે કરવી જરૂરી છે. હૉસ્પિટલ, ડાયગ્નોસીસ સેન્ટર, આયુર્વેદ અને કુદરતી ઉપચાર કેન્દ્રો દ્વારા નિર્દોષ ચિકિત્સા અને ઉપચાર વાજબી દરે સાધર્મિકોને અને નિઃશુલ્ક સંત-સતીજીઓને મળે તે જરૂરી છે. સત્ત્વશીલ, સાધર્મિક પ્રતિભાવંતને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, રાજ્યસભા, લોકસભા અને વિધાનસભામાં ચૂંટીને મોકલવાથી શાસન અને સાધર્મિકોનો ઉત્કર્ષ થશે.

જૈન સોશિયલ ગ્રુપ અને જૈન જાગૃતિ સેન્ટર્સ ઉચ્ચ અભ્યાસ, તબીબી સહાય અને સ્વરોજગાર માટે કાર્ય કરે છે તે અનુમોદનીય છે, પરંતુ અનેક ટ્રસ્ટો કરી શકે તે ખૂબ જ જરૂરી છે.

સિનિયર સિટિઝન સાધર્મિકો માટે નિવૃત્તિ નિવાસ કે વાત્સલ્યધામોનું સર્જન કરવું જોઈએ, જેથી તે અમુક સમય ત્યાં રહીને અધ્યાત્મ સાધના અને સંસ્થા કે સમાજને ઉપયોગી કાર્યો તેની ક્ષમતા પ્રમાણે

કરી શકે. આ પણ સાધર્મિક ભક્તિનો એક પ્રકાર છે.

ઉદ્યોગપતિ કે વેપારીઓએ પોતાની પેઢીમાં જૈનોને પ્રાયોરિટીમાં નોકરી આપવા પ્રયત્ન કરવો જરૂરી છે. આપણા વેપારમાં ખરીદ-વેચાણમાં જૈન પાર્ટીને પ્રાયોરિટી આપવી જોઈએ. નાના સાધર્મિક વેપારીને સહાય કરવી. જૈનોમાં આગમયુગથી આ પ્રથા અસ્તિત્વમાં છે. ઉપાસક દશાંગ સૂત્રના પ્રથમ અધ્યયનની છઠ્ઠી ગાથામાં આનંદ શ્રાવકના ચરિત્રના વિવેચનના રસપ્રદ અંશો :-

આનંદ શ્રાવક પોતાની સંપત્તિનો દ્વિગુણા લાભ માટે પ્રયોગ કરતો હતો, અર્થાત્ જરૂરિયાતમંદને દાન આપતો અને વ્યાપારાદિકમાં સહાયક બનતો હતો. આ રીતે તે સાધર્મિકોને સહાયક બનતો હતો. આ રીતે તે શાહુકારી પ્રવૃત્તિ કરતો હતો. આ અધ્યયનની આઠમી ગાથામાં જણાવ્યું છે કે તે વૈભવશાળી, શ્રેષ્ઠી તેમજ નાના નાના વેપારીઓને સાથે લઈને વેપાર કરનારો સાર્થવાહ હતો.

જરૂરિયાતવાળા સાધર્મિક પરિવારોને મફત અનાજ-મીઠાઈ ને થોડી રકમ તબીબી કે કેળવણી સહાય માટે આપી સંતોષ માની લેવાથી સાધર્મિકોનું દળદર ફીટતું નથી. તેને પગભર કરવાની યોજનાની જરૂર છે.

જૈનોનાં ટ્રસ્ટોના અબજો રૂપિયા બેંકોમાં થાપણરૂપે પડ્યા છે. જે બેંકો કતલખાનાં, માંસનિર્યાત, હિંસક અને કર્માદાનના ધંધાર્થીઓને લોનરૂપે આપે છે. તેની આવકમાંથી બેંક જૈન ટ્રસ્ટોને ૮ ટકા વ્યાજ આપે, તે આવકમાંથી આપણે ધર્મનાં સાત ક્ષેત્રોમાં વાપરીએ છીએ. આપણી સાધનશુદ્ધિ ગઈ-પાપના ભાગીદાર બન્યા.

જો ટ્રસ્ટોના પૈસા તબીબી, શિક્ષણ અને ઘર બનાવવામાં રોકવામાં આવે ને તેનું સાધર્મિકો પાસેથી વાજબી વળતર-વ્યાજ લેવામાં આવે તો તે ટ્રસ્ટની આવક પણ જળવાશે, સાધનશુદ્ધિ જળવાશે અને સાધર્મિકોનું કલ્યાણ થશે.

દરેક સ્ટેટમાં જૈનોની પોતાની બેંક હોય અને ટ્રસ્ટો આવા નાણાં તે બેંકો દ્વારા રોકે તો રોકાણને યોગ્ય સાચી દિશા મળી શકે. આ બેંકો દ્વારા સાધર્મિકોને સ્વરોજગાર માટે સરળતાથી લોન પણ આપી શકાય.

ગીતાર્થ ગુરુભગવંતોના માર્ગદર્શન હેઠળ આપણે સૌ સાંપ્રત પ્રવાહને ઓળખી, સાધર્મિકોના ઉત્કર્ષની યોજના બનાવી, જિનશાસનની શ્રમણ સંસ્કૃતિનું રક્ષણ અને સંવર્ધન કરીએ.

## આપણે ધર્મને જીવનમાં વણી લીધો છે ?

(પાના નં. ૩૧ પરથી ચાલુ...)

આટલો સારો મૂરતિયો નહીં મળે તો ? દુનિયા મૂરખી કહેશે તો ? જેવો કેટલાય વિચાર-વંટોળમાંથી તે પસાર થઈ હશે...

ધર્મને રસ્તે ચાલવા મથતી મુંબઈની એક શ્રીમંત યુવતીનો આ પરિપક્વ નિર્ણય મને તો વંદન કરવા લાયક અને શાબાશી આપવા લાયક લાગ્યો. પોતાનું સત્ત્વ ફોરવવા માંગતી અનેરી 'પ્રભુઆજ્ઞા'ના પથ પર ચાલવા માગતી હતી. બસ, એ જ એનું ધ્યેય હતું.

ત્યાર પછી થોડા જ સમયમાં તેના પહેલાં કરતાં પણ વધુ સારી જગ્યાએ લગ્ન થઈ ગયા છે. તે ખૂબ સુખી છે. સાસરિયા તેના 'જૈનત્વ' માટે ખૂબ આદર ધરાવે છે અને તેનો પતિ પણ તેને ખૂબ સાથ આપે છે.

પોતાના સ્વાર્થ માટે ગમે તેવા પગલા ભરતાં, બીજાને અન્યાય કરતા, નામ અને કીર્તિ માટે ગમે તેટલું ખોટું કરતાં કહેવાતા ધરમીઓને જોઈએ ત્યારે થાય કે તેમનાં કરતાં આ 'જીન્સ અને ટી-શર્ટ' પહેરેલી મોર્ડન યુવતી કેટલી વધારે સત્ત્વશીલ છે !

# આપણે ધર્મને જીવનમાં વણી લીધો છે ખરો ?

જયશ્રીબેન પીયૂષભાઈ શાહ (વડોદરા)

ધર્મ એટલે શું ? વ્રત, જપ, તપ, નિયમ, અનુષ્ઠાનો, ક્રિયાઓ અને એવું ઘણું બધું. સામાન્ય રીતે દુનિયામાં દેખાતી ક્રિયાઓ અને ઉજવાતા ભવ્ય મહોત્સવો પણ ધર્મને નામે જ થતા હોય છે. પણ દેખાતી એ બધી ધર્મક્રિયાઓનું ખરેખર આપણા જીવન સાથે તાદાત્મ્ય હોય છે ખરું ? ઘણી વાર તો એવું પણ બનતું હોય છે કે કહેવાતા ધર્મી લોકોની વર્તણૂંક જોઈને વિચાર આવે કે ધર્મ આવો હોય ?

ખાસ કરીને આજની આપણી યુવાન પેઢીને આવા વિકલ્પો ખૂબ થતા હોય છે. આ નવી પેઢી ખૂબ વિચારશીલ, કલ્પનાશીલ અને નિર્દંભી છે. આજના યુવાનને ધર્મ કરવો છે, પણ દિશા મળતી નથી. યોગ્ય માર્ગદર્શક મળતા નથી. કહેવાતા અને દેખાતા ધર્મમાં તેને રસ પડતો નથી. તર્કથી વાતને સમજનારી આ નવયુવાન પ્રજા સાચું સમજાય તો બધું જ કરવા તૈયાર થઈ જાય છે. આને લગતી હમણાં એક બહુ મનનીય વાત જાણવા મળી...

૨૫-૨૬ વર્ષની લગ્નોત્સુક યુવતી અનેરી સુંદર, ખાનદાન, ભણેલી અને સંસ્કારી. જૈન તત્ત્વજ્ઞાન યથાર્થ રીતે સમજાવનારા એક અનોખા માર્ગદર્શક તેને મળી ગયા. ધર્મનું સ્વરૂપ શું છે ? ધર્મ શા માટે છે ? ધર્મ જીવનમાં કઈ રીતે વણી શકાય ? આવા અનેક પ્રશ્નો અનેરીને થતાં. પાઠશાળામાં તેનાં બધા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ થતું. તેના જેવા લગભગ ૧૦૦-૧૨૫ નવયુવાન - યુવતીઓનાં જીવનમાં ધીરે ધીરે ધર્મએ સ્થાન લીધું. ધર્મ આટલો સરળ અને રસપ્રદ છે એ તેમને હવે સમજાયું. અનેરીનાં જીવનમાં પણ ધર્મ સહજ રીતે વણાવા લાગ્યો.

લગ્ન યોગ્ય વય હોવાથી અવારનવાર યુવકો સાથે તેની મીટીંગો ગોઠવાતી રહેતી. હા-ના માં દિવસો વહી રહ્યા હતા. છેવટે અનેરીનું એક જગ્યાએ પાક્કું થવાની તૈયારી થઈ. તેઓ ત્રણવાર મળી ચૂક્યા હતા. છોકરાને લોખંડની જાળીઓ બનાવવાનો 'બિઝનેસ' હતો. જ્યારે તેઓ ચોથી વાર મળ્યા ત્યારે અનેરીએ છોકરાને તેઓ કયા પ્રકારની જાળીઓ બનાવે છે અને તેનો શો ઉપયોગ થાય એ વિશે પૂછ્યું.

છોકરાએ કહ્યું કે અમારી જાળીમાંથી મોટાભાગે પશુ-પંખીઓને રાખવા માટેના પાંજરા બને છે. સાંભળતાં જ અનેરી ચોંકી ઊઠી. અનેરીના મોઢાનું નૂર ઉડી ગયું. તે જાણતી હતી કે આ ધંધો જૈન ધર્મમાં બતાવેલા 'માર્ગાનુસારી'ના સિદ્ધાંતો પ્રમાણે નથી. આવો ધંધો કરવાની પ્રભુઆજ્ઞા નથી. છોકરો ગમે તેટલો સારો હોય, તે તેનો બાપદાદાનો ધંધો છોડી શકવાનો નથી. અને તેના પૈસા પશુ-પંખીની 'હાય' લાગેલાં હોય તો તે મને આ લોક કે પરલોકમાં સુખ આપી શકવાનાં જ નથી.

અનેરીનું મોઢું પડી ગયેલું જોતાં યુવકે પૂછ્યું, "શું વિચારમાં પડી ગઈ ?" ખૂબ નમ્રતા સાથે અનેરીએ કહ્યું, "સોરી, આપણે જીવનસાથી નહીં બની શકીએ." કારણ જાણતાં યુવકે તેને ખૂબ સમજાવી, પણ અનેરી મક્કમ હતી. પોતાનો નિર્ણય વડીલોને ગળે ઉતારતાં પણ તેને તકલીફ પડી, પરંતુ ધર્મને સમજતાં મા-બાપે તેનો નિર્ણય માન્ય કર્યો.

દેખીતી રીતે વાત નાની છે. આ જમાના પ્રમાણે કદાચ પ્રેક્ટીકલ નથી. લગ્નના માંડવા સુધી પહોંચેલી ઉંમરલાયક યુવતીને આ નિર્ણય લેતાં મન કેટલું મક્કમ રાખવું પડ્યું હશે ? હવે ફરી કદાચ

**(અનુસંધાન પાના નં. ૩૦ પર...)**

# દુઃખનો સનાતન પ્રશ્ન

**ધૂની માંડલિયા**

અત્યારે મારા હાથમાં પુસ્તક, 'સિદ્ધસેન શતક' છે. શ્રી સિદ્ધસેન દિવાકરકૃત 'દ્વાત્રિંશત દ્વાત્રિંશકા'માંથી ચૂંટેલા ૧૦૦ શ્લોકોનો ગુજરાતી અનુવાદ પૂજ્ય મુનિશ્રી ભુવનચંદ્રજીએ કર્યો છે. મુનિશ્રી ભુવનચંદ્રજીએ આ પુસ્તક બિકાનેર (રાજસ્થાન)થી મોકલ્યું છે.

પ્રારંભે મુનિશ્રી ભુવનચંદ્રની સર્જક તરીકેની પ્રતિભા જાણવી જરૂરી છે. પરંપરાગત વિષયોના અભ્યાસ ઉપરાંત આધુનિક સાહિત્યમાં પણ સક્રિય રુચિ ધરાવતા મુનિશ્રી ભુવનચંદ્રજીને ઈતિહાસ, મનોવિજ્ઞાન, કવિતા અને વૈજ્ઞાનિક સંશોધનમાં વિશેષ અભિરુચિ છે. સંસ્કૃત, પ્રાકૃત તથા મધ્યકાલીન ગુજરાતી ભાષાના અઘરા સંશોધન કાર્ય પૂર્ણ કરવા માટે જરૂરી એવા સમતા, ધૈર્ય અને અથાગ મહેનત જેવા ગુણો તેમનામાં સહજ પાંગરેલા છે. તેઓ એકાંતપ્રિય છે. વૈચારિક ઉદારતાનું વલણ ધરાવતા મુનિશ્રી સંપ્રદાયમાં રહેવા છતાં ગચ્છમતના ભેદથી દૂર રહે છે.

મહાન શાસ્ત્રકાર શ્રી સિદ્ધસેન દિવાકરની એક ઓછી પ્રસિદ્ધ પરંતુ અત્યંત મહત્ત્વની કૃતિ 'દ્વાત્રિંશત દ્વાત્રિંશકા'માંથી મુનિશ્રીએ ૧૦૦ શ્લોકોનું ચયન કરી પુસ્તક તૈયાર કર્યું છે.

હવે મહાન શાસ્ત્રકાર શ્રી સિદ્ધસેન દિવાકરના જીવન-કથન વિશે પણ થોડું જાણી લઈએ. દિવાકરની બહુ થોડી જ કૃતિઓ આજે પ્રાપ્ય છે. એમ કહેવાય છે કે શ્રી સિદ્ધસેનસૂરિએ મંત્રશક્તિ દ્વારા શત્રુભયના વાદળા વિખેરી નાખેલા તેથી એક રાજાએ તેમને 'દિવાકર' એટલે સૂર્ય એવું બિરુદ આપેલું. દિવાકરજીની પ્રતિભા બહુ આયામી હતી પણ સૂર્યની સાથે જેમ ઉષ્ણતાનો ખ્યાલ જોડાઈ ગયો છે એમ દિવાકરજીના સંબંધમાં 'તાર્કિકતા'ની છાપ પ્રમુખ બની ગઈ છે. 'સન્મતિ પ્રકરણ' અને 'ન્યાયાવતાર' જેવા ગ્રંથો વધુ ધ્યાન ખેંચનારા બન્યા અને તર્કવાદ દિવાકરજીની ઓળખ બની ગયો. વાસ્તવમાં દિવાકરજી માત્ર તાર્કિક નહોતા, પણ ભાવુક, ભક્ત, કવિ, ચિંતક, સાધક અને ગુરુ પણ હતા. આમ છતાં જૈન વર્ગ તો ઠીક, વિદ્વાન વર્ગ પણ દિવાકરજીને તર્કવાદી, બુદ્ધિવાદી કે મંત્રવાદી તરીકે જોતો આવ્યો છે.

બત્રીસ બત્રીસીઓમાંથી એકવીશ બત્રીસીઓ જ હાલ ઉપલબ્ધ છે. ભગવાન મહાવીરનું જીવન, તેમનું શાસન, નિશ્ચય, વ્યવહાર, અનુશાસન, વક્તૃત્વ, યોગ, વાદ, વિવિધ દર્શનોનો સાર સંક્ષેપ - આવો વ્યાપક વિષયફલક ધરાવતા આ બત્રીસીઓ અર્થઘન, મૌલિક, જીવન અને ધર્મ સાથે સીધો સંબંધ ધરાવનારી છે. એક કાળે દિવાકરજીની આ બત્રીસીઓએ અને અન્ય કૃતિઓએ સમર્થ જૈનાચાર્યો અને જૈન શાસ્ત્રકારો પર ઊંડી અસર જન્માવી હતી. પાછળથી દ્વા.દ્વા.ની ઉપેક્ષા થઈ છે અને તે એટલી હદે કે તેની હસ્તપ્રતો પણ જૂજ મળે છે. જે મળે છે તે પણ અશુદ્ધ અને અપૂર્ણ છે.

વિદ્વાન મુનિશ્રી ભુવનચંદ્રજીએ ભારે લગન અને અભ્યાસ પછી સો સુવર્ણમુદ્રાઓ તારવીને આપણી સમક્ષ મૂકી છે. એમાંની એક આ પ્રમાણે છે :

**દુઃખનો સનાતન પ્રશ્ન**

न च दुःखमिदं स्वयं कृतं,
न परैर्नोभयजं न चाकृतम् ।
नियतं न न वोक्षरात्मकं,
विदुषाभित्युपपादितं त्वया ॥

આ દુઃખ સ્વયંકૃત નથી, અન્યો દ્વારા ઉત્પન્ન કરાયેલું પણ નથી. પોતે અને બીજા એમ બંને મળીને તેનું નિર્માણ કર્યું છે એમ પણ નથી. કોઈના કર્યા વગર જ તે ઉદ્‌ભવે છે એમ પણ નથી. તે પૂર્વનિયત નથી તેમ તે નિત્ય પણ નથી. તમે સુજ્ઞજનોને આમ પ્રબોધ્યું હતું.

જીવજગતનું એક સ્વયંસિદ્ધ અને અનુભવસિદ્ધ સત્ય છે - દુઃખની હાજરી. દુઃખ જેવી વસ્તુ જગતમાં છે તે સમજાવવું પડતું નથી. તેથી જ શ્રી સિદ્ધસેન સન્મુખ રહેલી કોઈ વસ્તુનો ઉલ્લેખ કરતા હોય તેમ, "આ દુઃખ...." એમ કહીને ચર્ચા કરે છે. દુઃખ છે એ તો દીવા જેવી વાત છે પણ તે આવ્યું ક્યાંથી ? દુઃખ જેટલું અનુભવગમ્ય છે એટલો જ આ પ્રશ્નનો ઉત્તર અગમ્ય છે. આ પ્રશ્નના સંભવિત, પ્રચલિત ઉત્તરોને દિવાકરજી એક પછી એક નકારતા જાય છે અંતે કોઈ સ્પષ્ટ ઉત્તર આપ્યા વિના કહે છે કે "હે પ્રભુ, સુજ્ઞજનોને તમે આ સમજાવ્યું."

દુઃખ સ્વયં ઉપાર્જિત હોય છે એવો જવાબ સંતોષકારક ન બને. કોઈ જાતે દુઃખી થવાનો વિચાર કે પ્રયત્ન ન કરે. વળી, દુઃખના ઉદ્‌ભવમાં પોતા સિવાય અન્ય વસ્તુ, વ્યક્તિ, સ્થિતઓ ભાગ ભજવતી સાફ સાફ દેખાય છે.

દુઃખ અન્યકૃત છે એમ ઠરાવવું પણ તર્કસંગત નહિ બને. કોઈની ઇચ્છા પ્રમાણે બીજાઓ સુખી-દુઃખી થયા કરે એ પરિસ્થિતિ નરી અસંબદ્ધ અન્યાયપૂર્ણ લાગે છે.

પોતે અને બીજા એમ બંને સાથે મળીને દુઃખ માટે જવાબદાર છે એવું માનવા મન લલચાય ખરું, પણ એવી ભાગીદારી શક્ય નથી.

તો દુઃખ સહજ છે ? અકારણ અને અકર્તૃક છે એમ માનવું ? એમ હોય તો આખી વાત અર્થહીન છે.

દુઃખ નિયતિનો જ એક હિસ્સો છે ? પૂર્વ નિયત છે ? એમ હોય તો પછી દુઃખ દેનારને શિક્ષા શા માટે ના થવી જોઈએ ?

છ દ્રવ્યો કે પંચમહાભૂતોની જેમ દુઃખ પણ નિત્ય તત્વ છે ? અને પથરાની જેમ તે આપણી સાથે અથડાયા કરે છે એમ માનવું ? પરંતુ પૃથ્વી-જળ-વાયુની જેમ દુઃખ નામના પદાર્થની, એ જાતની પ્રાપ્તિ જગતમાં થતી નથી.

દુઃખ શું છે ? નો જવાબ આ બધાના સરવાળામાં રહેલો છે. એક એક વિકલ્પ એકલો લઈએ તો દરેક જવાબ ખોટો છે. ભગવાને કહ્યું કે દુઃખ આ બધાની સહિયારી નીપજ છે. આ અનેકાંતવાદનો જવાબ છે. ■ ■ ■

## સુખડ

**વિષધરથી વીંટાવા છતાં એની સુગંધ ઝેરી ન બની, કુહાડે કાપવા છતાં, એના કાળજામાં કશોય કુભાવ ન જાગ્યો, અગ્નિમાં જલાવા છતાંય એણે તો પવિત્રતાનો પમરાટ જ પ્રસાર્યો, પથ્થર સાથે ઘસી ઘસીને માનવી એને ખતમ કરી દેવા મથ્યો તોય, એણે તો શીતળતા અને સુગંધની જ ભેટ ધરી.**

**અપકાર ઉપર ઉપકાર કરતા રહેવાની ને પીડા વેઠવા છતાંય પરિમલ પ્રસારતા રહેવાની આ કેવી સુંદર સમર્પણ-કળા !**

# કેમ જીવવું ?

છીતુભાઈ ગોરધનભાઇ ભક્ત, વિદ્યાનગર

આજનો ઉપભોક્તાવાદ માણસને પોતાના જ લાલનપાલનમાં જકડી રાખે છે. માણસને સ્વકેન્દ્રિત અને કૂપમંડૂક બનાવી દે છે. દેખાદેખી આદતોમાં પરિણમે, ને સ્વતંત્રતા સ્વચ્છંદતામાં પરિણમે છે.

ઘણીવાર લાગે છે કે વિચાર કરવો એ આજકાલ વિરલ ને જોખમી બનતું જાય છે ! માણસો ટી.વી. જુએ, સિનેમા જુએ કે છાપા વાંચે તેમાંના સૂત્રો પોપટની જેમ રટ્યા કરે છે. મન વાપરવાનું છોડતો જાય છે. નકલિયા જીવન તરફ હડસેલાતો, ઝેરોક્ષ કોપી બનતો જાય છે. વળી, કોમ્પ્યૂટરના દુરુપયોગ, મોબાઇલ ગેઇમ ને ટી.વી.ના અતિરેકથી સમાજમાં ગંભીર ગુનાહિત અસરોના વાવેતર થતાં જાય છે. તેનાથી નકારાત્મક માનસ કેળવાતું જાય છે.

જાણવાજોગ એ છે કે માણસે અંતર્મુખી બની, બનતા બનાવો ઉપર ઊંડાણથી વિચાર મનન કરીને પોતાના હિત-અહિતના અભિપ્રાયો બાંધવા જોઇએ. તેમાં ખરા મનુષ્યપણાની સાર્થકતા છે. જીવનનું લક્ષ્ય મહાનતા નથી, પરંતુ માણસાઈ છે. બહારની ઊંચાઇઓ આંબવા, અંદરની ઊંડાઈમાં ઊતરવું પડશે.

આજનું ઝાકઝમાળભર્યું ચકાચૌંધ જીવન ટેકનોલોજીની ક્રાંતિને આભારી છે. તેના લાભ છે તો બીજી બાજુ તેની જોખમી ને માઠી અસરોથી સમાજમાં મૂલ્યનિષ્ઠા ને સંસ્કારોનું ધોવાણ પણ થતું જાય છે. સતત ભાગદોડભર્યા જીવન પાછળ સમજણ-વિવેકનો અભાવ જોવા મળે છે. સુખની શોધમાં ફાંફા મારતી માનવજાતને લગીરે શાંતિ નથી.

આ પ્રકારની માનસિકતામાં સદ્ગુરુ કબીર સાહેબનો બોધપ્રેરક વચનો છે,

- મનકે બહુત રંગ હે, છિન છિન બદલે સૌય,
  એક રંગમેં જોર હે, ઐસા બિરલા કોય.
- કબીર મન તો એક હૈ, ભાવૈ તહોં લગાય,
  ભાવૈ ગુરુ કી ભક્તિ કર, ભાવૈ વિષય કષાય.
- મૌખી ગુડ મેં ડૂબ રહી, પંખ રહો લિપટાય,
  હાથ મિલૈં ઔર સિર ધુનૈ, લાલચ બૂરી બલાય.
- કલિયુગ કાલ કઢાઇયા, ભાંગ, તમાખૂ, ફીમ,
  જ્ઞાન, ધ્યાન કી સુધિ નહીં, વસૈ ઇન્હી કી સીમ.
- જબ લગ નહીં વિવેકમન, તબ લગ લગૈ ન તીર,
  ભૌસાગર નામી તિરૈ, સદ્ગુરુ કહે કબીર.

વળી આજનો માનવી સતત વ્યસ્ત છે. તેની પાસે નથી સમય કે નિરાંત, કે નથી ધીરજ. કામોની યાદી લાંબી ને દિવસ ટૂંકો થતો જાય છે. અનેક નાની મોટી સમસ્યાઓથી ઘેરાતો જાય છે. પોતે જ રચેલા ઝેરી કુંડાળામાં ફસાતો જાય છે. જીવવાના સાધનો મેળવવા જતાં માણસ જીવવાનું ભૂલી જાય છે !

શ્રીમદ્ રાજચંદ્રનું વચનામૃત અહીં સમજવા જેવું છે : ‘જિંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કરો, તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે.’

તો વળી દુન્યવી મૂંઝવણો ને વિટંબણાઓ વચ્ચે કેમ જીવવું તે દિશામાં પ્રકૃતિપ્રેમી આપણા વિશ્વ કવિવર રવીન્દ્રનાથ ટાગોરનો વિચાર મોટી પ્રેરણારૂપ છે : -

“જન્મ, જીવન અને મરણ એ ત્રણ ક્રમમાં જો સૌથી ઓછો સમયગાળો મળ્યો હોય, તો તે પતંગિયાને. સૌથી ટૂંકી જિંદગીમાં પણ તેને સમય મળે છે. નાનકડી જિંદગીમાં સૌના મનને પ્રફુલ્લિત કરનાર મનમોહક તે નયનરમ્ય રંગબેરંગી પતંગિયાની ચંચળતા માણવા જેવી છે. કોઇને નડ્યા વગર, લડ્યા વગર આનંદ આપી, સરળ જીવન જીવવાનું શીખવે છે.”

વિવિધ પ્રલોભનો ને લલચાવતા દૃશ્યો, તેની રંગીન જાહેરાતો - આ બધાના ચારેબાજુથી આક્રમણો ચાલ્યા જ કરતા હોય, ત્યાં માણસનું ગમે તેટલું મક્કમ મનોબળ હોય તોય ટકવું મુશ્કેલ બને છે. તેથી દેખાદેખી ને છીછરાપણામાં વૈચારિક ઝેરની અસર ધીમે ધીમે આવતી જાય છે. એક ને એક વિચાર-વસ્તુ વારંવાર જોયા કરવાથી, સાંભળ્યા કરવાથી બનાવટી જૂઠાણું પણ સાચું જ લાગે, તેવી દંભી-તરકીબોના આપણે ભોગ બનીએ છીએ.

# પરિગ્રહ - માનવની મોટોમાં મોટી નબળાઈ

રવિલાલ કુંવરજી વોરા


પાંચમો આરો એટલે ભારે કર્મી જીવોનો આરો. પાપકર્મી, અસંતોષીઓનો. એટલે જ વીર પ્રભુએ પાંચમાં આરાના માનવો માટે પાંચ મહાવ્રતોની પ્રસાદી આપી છે, જેથી મર્યાદાનો ભંગ ન કરે અને ભવ સુધારી શકે. જે માનવો આ મર્યાદાઓને ભંગ કરે છે એમને ૮૪ લાખ યોનીઓમાં ભટકવાનું જ છે.

સંગ્રહ પરિગ્રહનો ભાગ છે. માનવ સિવાય અન્ય પ્રાણીઓ, જીવજંતુઓ સંગ્રહ કરે છે. વર્ષાઋતુ પહેલા કીડીઓ પોતાના દરમાં સંગ્રહ કરે છે, જેથી વર્ષાઋતુમાં એ સંગ્રહ કામ આવે. પક્ષીઓ પણ સંગ્રહ કરે છે પરંતુ અલ્પ બુદ્ધિને કારણે એણે ક્યાં સંગ્રહ કર્યો છે એ ભૂલી જાય છે. દાખલા તરીકે ઘણીવખત કાગડાનું પેટ ભરાયેલું હોય અને એની પાસે ખોરાક હોય તો એ છાપરાની અંદર એ ભોજન સંતાડી દે છે, પરંતુ અલ્પ બુદ્ધિને કારણે એ ભૂલી જાય છે કે સંગ્રહ ક્યાં કર્યો છે.


પ્રભુએ માનવને પાંચ ઇન્દ્રિયો આપી છે. સાથે બુદ્ધિ પણ આપી છે એટલે ભવિષ્યના ડરથી એ સંગ્રહ કરે છે. માનવમાં સંગ્રહ કરવાની મર્યાદા હોતી નથી. પ્રભુએ માનવને બુદ્ધિ સાથે લોભવૃત્તિ પણ આપી છે, જેને કારણે એને ક્યારેય સંતોષ થતો નથી. ઘણા શ્રીમંતો પાંચ-દશ પેઢી ખાઈ શકે એટલું ધન એકઠું કરે છે. એને એ ખબર છે કે એના મૃત્યુ પછી એ ધન એની સાથે આવવાનું નથી. લોભ વૃત્તિના કારણે એ ધન આપતો નથી, જેને કારણે કર્મોની નિર્જરા પણ થતી નથી અને પાપ કર્મોનો વધારો થાય છે. બીજું આટલું ધન કેમ ભેગું કરી શકે છે ? ફક્ત અસત્યના માર્ગે જ.

ઘણા જીવો ધર્મને કારણે ધનનું દાન કરે છે પરંતુ એ દાન યશકીર્તિ મેળવવા કરે છે. હકીકતમાં આવું દાન પાપનું મૂળ છે. ખરું દાન તો ગુપ્તદાન છે. આપણા ગુરુભગવંતોને આ સંસારનો ભય લાગ્યો એટલે એમણે આ પાપી સંસારનો ત્યાગ કર્યો. કેટલાક કરોડપતિ ઘરના નબીરાઓએ દીક્ષા લીધી છે. ગુરુભગવંતોને જોઈને પણ આપણને લોભની વૃત્તિ છોડવાનું મન થતું નથી. આ ગુરુ ભગવંતો અણગાર કહેવાય છે. જેનું ઘર નથી, ફક્ત ત્રણ વસ્ત્રો અને પાતરાથી ચલાવી લે છે. એમની પાસે બીજા દિવસનું ભોજન પણ હોતું નથી. એમને બીજા દિવસના ભોજનની પણ ચિંતા હોતી નથી, જ્યારે આપણે ભવિષ્યની ચિંતા કરીને સંગ્રહ કરતા જઈએ છીએ કે જે આપણી સાથે આવવાનું નથી ! આવી મનોવૃત્તિ ક્યાં સુધી રહેશે ? ક્યારે છુટશે ? જ્યાં સુધી આ મનોવૃત્તિ રહી ત્યાં સુધી આ સંસારનો અંત નહિ આવે. આપણને ૮૪ લાખ યોનીઓમાં ભટકવાનું જ છે.

જૈન ધર્મ અનુસાર તપ કરીને પાપ કર્મો ખપાવી શકાય. એ સિવાય દાન ધર્મ, જીવદયાની પ્રવૃત્તિઓ પણ બતાવી છે. મૂંગા જનાવરોને ઘાસચારો, કૂતરાને રોટલી, કબૂતરોને ચણ આ જીવદયામાં શ્રેષ્ઠ સાધનો છે. કબૂતરો ડરપોક અહિંસક પ્રાણી છે એટલે જ એને શાંતિદૂતનું બિરુદ આપવામાં આવ્યું છે. કૂતરો એક વફાદાર પ્રાણી છે. જો કે એ હિંસક પ્રાણીઓમાં આવે છે. આ બધી પ્રવૃત્તિઓ જૈન ધર્મમાં પુણ્યના ઉપાર્જન માટે બતાવવામાં આવી છે, જેથી આપણે આપણો ભવ સુધારી શકીએ. પરંતુ પરિગ્રહને, ધનના સંગ્રહને પાપકારી પ્રવૃત્તિ બતાવવામાં આવે છે. આજે જેની પાસે ધન નથી એ ઓછામાં ઓછી પાપકારી પ્રવૃત્તિઓ કરે છે, જ્યારે જેની પાસે ધન છે એની પાપકારી પ્રવૃત્તિઓ ઘણી હોય છે; જેને કારણે એને ૮૪ લાખ યોનીઓમાં ભટકવાનું જ છે. છતાં પણ જે શ્રીમંત છે, જેને આ સંસારનો ભય લાગે છે એ આ પાપકારી પ્રવૃત્તિઓથી નિવૃત્તિ લઈ શકે છે અને પોતાનો સંસાર ઘટાડી શકે છે. બની શકે તો આપણે પરિગ્રહને તિલાંજલી આપીએ અથવા પરિગ્રહને ઓછો કરીએ !



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## દહેજનો ઈન્કાર

લાલબહાદુર શાસ્ત્રી દહેજપ્રથાના કટ્ટર વિરોધી હતા. દહેજપ્રથા દેશમાં નષ્ટ થવી જ જોઈએ એવી હિમાયત તેઓ જીવ્યા ત્યાં સુધી કરતા જ હતા.

પણ મોંએથી જ તેમણે આનો વિરોધ કર્યો નહોતો, પોતાના જીવનમાં તેમણે આ વિરોધને ચરિતાર્થ કરી બતાવ્યો હતો.

તેમનો વિવાહ નક્કી થયો. શ્વસુરપક્ષ સાધનસંપન્ન હતો. એ સમયે દહેજ આપનારની નામના વધતી ! દહેજ ન આપે તેની આબરૂ ઘટવા પામતી !

શાસ્ત્રીજીના સસરાએ પ્રસ્તાવ મૂક્યો, ‘‘જમાઈરાજ, તમને દહેજમાં હું ઘણી મોટી રકમ આપવા માગું છું. રોકડ રકમ ન જોઈતી હોય તો કીમતી ચીજો માગી લ્યો. દહેજ મોટી હશે તો જ મારી આબરૂ વધશે.’’

પણ ગાંધીવાદથી રંગાયેલા શાસ્ત્રીજી દહેજના ભારે વિરોધી હતા અને તેથી જ તેમણે કહ્યું, ‘‘મારે દહેજ જોઈતી નથી. દહેજ એ સમાજનું એક મોટામાં મોટું કલંક અને અનિષ્ટ છે. હું દહેજમાં કશું જ લેવા માગતો નથી.’’

તેમના સસરાને જ નહિ, પણ ખુદ શાસ્ત્રીજીના સગાં-વહાલાંઓને પણ આ વાત ગમી નહિ. એમણે શાસ્ત્રીજીને દહેજ લેવા માટે ખૂબ આગ્રહ કર્યો.

છેવટે શાસ્ત્રીજીએ કહ્યું, ‘‘જો તમે લોકો મને દહેજ લેવા લાચાર જ બનાવાનો છો તો હું માગું છું કે મને દહેજમાં એક ચરખો અને ત્રણ-ચાર વાર ખાદી આપો. બસ, આથી વધારે મારે કશું જ જોઈતું નથી.’’

સસરાએ બીજી કીમતી ચીજો આપવા ઈચ્છા વ્યક્ત કરી, પણ શાસ્ત્રીજી માન્યા નહિ.

વળી, લગ્નવેળા લોકો તેમને સમજાવવા માંડ્યા, તો શાસ્ત્રીજી લગ્નમંડપમાંથી ઊભા થઈ ગયા અને બોલ્યા, ‘‘મોટી દહેજ આપવી હોય તો કોઈ બીજો જમાઈ શોધી લ્યો.’’

તેમનો આવો પુણ્યપ્રકોપ જોઈને બધા જ ઠંડાગાર થઈ ગયા !

શાસ્ત્રીજીએ ચરખો અને ખાદીનો જ સ્વીકાર કરીને મંગળ ફેરા ફર્યા.

## સહનશીલતાનો જાદુ

માનવજીવનમાં સુખ, શાંતિ અને સફળતા પ્રાપ્ત કરવા માટે કેળવવા પડતા ગુણોમાં સહનશીલતા પણ એક આવશ્યક ગુણ છે. કુટુંબની બધી જ વ્યક્તિઓ જો સહનશીલ બને તો તેમની વચ્ચે ક્યારેય મનદુઃખ થાય નહિ અને સમગ્ર કુટુંબ આનંદથી રહી શકે.

સહનશીલતા કેવું જાદુઈ પરિણામ લાવે છે તેનું એક દૃષ્ટાંત આપણે જોઈએ. આ કિસ્સો આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીના જીવનનો છે.

એ વખતે મહર્ષિ દયાનંદજી ફરુખાબાદમાં ગંગા નદીના કિનારા પર એક તંબુમાં રહેતા હતા. એમના તંબુથી થોડે જ દૂર એક બીજા તંબુમાં એક બીજો સંન્યાસી રહેતો હતો. દયાનંદજી દેવ જેવા

હતા, જ્યારે આ બીજો સાધુ 'સાધુ'ના નામને ઝાંખપ લગાડે તેવો હતો. એનું વર્તન એ પ્રકારનું હતું કે તેને 'સાધુ' કહી શકાય નહિ. એ સાધુ પ્રતિદિન દયાનંદજીના તંબુ પાસે જતો અને અપશબ્દો બોલતો, પણ દયાનંદજી તો એક શબ્દ પણ બોલ્યા વિના તે જે કાંઈ કહેતો તે સાંભળી લેતા અને સ્મિત કરતા.

આ પ્રકારે રોજ થવા લાગ્યું એટલે દયાનંદ સરસ્વતીના કેટલાક ભક્તોએ સ્વામીજીને કહ્યું, "સ્વામીજી ! આપની રજા હો તો આપને ગાલીપ્રદાન કરતા આ સાધુને મેથીપાક ચખાડીએ." સ્વામીજીએ જવાબમાં મંદ સ્મિત કર્યું અને જણાવ્યું, "નહિ, એમ કરવાની જરૂર નથી."

એક વખતની વાત છે. સ્વામીજીના એક ભક્તે સ્વામીજીને ફળનો એક મોટો ટોપલો મોકલી આપ્યો. મહર્ષિજીએ એ ટોપલામાંથી વીણીને સારાં સારાં ફળ બહાર કાઢ્યા. એ ફળને એક કપડામાં બાંધ્યા અને એક ભક્તને કહ્યું, "આ ફળ પેલા સાધુને આપી આવ, જે અહીં આવવાની રોજ કૃપા કરે છે!"

આ સાંભળી ભક્ત આશ્ચર્ય પામ્યો. એણે જણાવ્યું, "મહારાજ ! એ તો આપને રોજ ન બોલાય એવી ભૂંડી ગાળો આપે છે. એને કાંઈ ફળ અપાય ?"

મહર્ષિએ જણાવ્યું, "હા, તમે એને જ આપી આવો." સ્વામીજીની આજ્ઞાનો અનાદર કેવી રીતે થાય ?

ફળો લઈને એ ભક્ત પેલા સાધુની પાસે ગયો અને કહ્યું,

"સાધુ મહારાજ ! આ ફળ સ્વામી દયાનંદજીએ આપને માટે મોકલ્યાં છે. એનો સ્વીકાર કરો."

દયાનંદનું નામ સાંભળતાં જ સાધુ બોલી ઊઠ્યો, "અરે ! સવારના પહોરમાં જ એનું નામ ક્યાં દીધું ? આજે ભોજન પ્રાપ્ત થશે કે નહિ, કોણ જાણે ! અહીંથી ચાલ્યો જા. આ ફળ મારે માટે નહિ પણ કોઈ બીજા માટે મોકલ્યાં હશે. હું તો રોજ તેમને ગાળો દઉં છું."


એ ભક્તે મહર્ષિ પાસે જઈ સાધુના શબ્દો કહ્યાં. એ સાંભળી મહર્ષિ બોલ્યા, "તમે પુનઃ એની પાસે જાઓ અને ભારપૂર્વક કહો કે કશી જ ભૂલ થતી નથી. તમે રોજ જે 'અમૃતવાણી' વરસાવો છો, તેમાં તમારી ઘણી શક્તિ ખર્ચાતી હશે. આ ફળ એટલા માટે મોકલ્યાં છે કે એને ખાઓ, એનો રસ પીઓ, જેથી આપની શક્તિ જળવાઈ રહે અને 'અમૃતવાણી' વરસાવવામાં કમી ન આવે."

ભક્ત સાધુ પાસે ગયો અને બોલ્યો, "સંતજી, આ ફળ સ્વામી દયાનંદજીએ આપને માટે જ મોકલ્યાં છે અને કહ્યું છે કે આપ રોજ જે 'અમૃતવર્ષા' તેમની પર કરો છો, તેમાં આપની ઘણી શક્તિનો વ્યય થતો હશે. આ ફળ આરોગજો, જેથી આપની શક્તિ જળવાઈ રહે અને આપની અમૃતવાણીમાં કમી ન આવે."

આ સાંભળતાં જ સાધુ તો અવાક્ થઈ ગયો. પોતાના તંબુમાંથી બહાર નીકળ્યો અને દોડતો જઈ પહોંચ્યો મહર્ષિજી પાસે. તેમનાં ચરણોમાં પડ્યો અને ગદ્‌ગદ્ કંઠે બોલ્યો, "મહર્ષિજી ! મને ક્ષમા કરો. મારી ભૂલ થઈ. મેં આપને મનુષ્ય સમજ્યા હતા, પણ આપ તો સાચે જ દેવ છો."

આ છે સહનશીલતાનો જાદુ. આ સહનશીલતા જે વ્યક્તિના જીવનમાં આવે છે તેનું જીવન કોઈ અનેરા આનંદથી ભરાઈ જાય છે અને આનંદ પ્રાપ્ત કરનાર વ્યક્તિ જીવનમાં જે કાંઈ પ્રાપ્ત કરે છે તેની સરખામણી કશાથી થઈ શકે તેમ નથી.

● ● ●



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



## BE GOOD TO OTHERS

There was once a king who was so cruel and unjust that his subjects yearned for his death or dethronement. However, one day he surprised them all by announcing that he had decided to turn over a new leaf.

“No more cruelty, no more injustice,” he promised, and he was as good as his word.

He became known as the ‘Gentle Monarch’. Months after his transformation one of his ministers plucked up enough courage to ask him what had brought about his change of heart.

And the king answered, “As I was galloping through my forests I caught sight of a fox being chased by a hound. The fox escaped into his hole but not before the hound had bitten into its leg and lamed it for life. Later I rode into a village and saw the same hound there. It was barking at a man. Even as I watched, the man picked up a huge stone and flung it at the dog, breaking its leg. The man had not gone far when he was kicked by a horse. His knee was shattered and he fell to the ground, disabled for life. The horse began to run but it fell into a hole and broke its leg.

Reflecting on all that had happened, I thought: ‘Evil begets evil. If I continue in my evil ways, I will surely be overtaken by evil’. So I decided to change”.

The minister went away convinced that the time was ripe to overthrow the king and seize the throne. Immersed in thought, he did not see the steps in front of him and fell, breaking his neck.

**Moral:** Cycle of Deeds always gives us back what we give to others. If we do good to others, our good will happen, If we do bad to others, our turn will also come.

## WHAT IS IT TO BE A GOOD CITIZEN ?

- It is to acknowledge the other person’s rights before asserting your own, but always to be conscious of your own.
- It is to be free in thought and deed, but it is to know that your freedom is subject to the other person’s freedom.
- It is to create the useful and the beautiful with your own hands, and to admire what others have created in love and with faith.
- It is to produce wealth by labor and only by labor, and to spend less than you have produced that your children may not be dependent on the state for support when you are no more.

**I have no enemies, O God, but if I am to have an enemy, let his strength be equal to mine - That truth alone may be the victor.**

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થામાં ફેબ્રુઆરી માસમાં આયોજિત આધ્યાત્મિક શિબિરમાં પધારવા નિમંત્રણ

આપણી સંસ્થામાં તા. ૧૩-૨-૧૬થી તા. ૧૫-૨-૧૬ દરમ્યાન પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, રાજનગર, કુકમાના અધિષ્ઠાતા **પૂજ્યશ્રી ગાંગજીભાઈ મોતા**ના સ્વાધ્યાય / સત્સંગનો લાભ મળશે. શિબિર દરમિયાન પૂજ્યશ્રી આત્માનંદજી, આદ. બા.બ્ર. શ્રી સુરેશજીના સ્વાધ્યાય ઉપરાંત ધ્યાન, ભક્તિસંગીત તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સૌને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. આપના આગમનની જાણ અગાઉથી સંસ્થામાં કરવા વિનંતી છે.

## સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર વિધાન-પૂજાનું આયોજન

પૂજ્ય બહેનશ્રીના ૭૫મા વર્ષના પ્રવેશ નિમિત્તે આપણી સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં તા. ૧૪-૨-૨૦૧૬, રવિવારના રોજ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર વિધાન-પૂજાનું આયોજન કરવામાં આવેલ છે. આ વિધાન-પૂજામાં ભાગ લેવા ઇચ્છતા મુમુક્ષુ ભાઈ-બહેનોએ આદ.શ્રી નવીનભાઈ શાહ (મો.નં. ૦૯૩૨૨૬ ૮૬૮૭૧)નો તુરંત સંપર્ક સાધવા વિનંતી છે.

## આચાર્યપ્રવર શ્રી કુંદકુંદસ્વામીનો આચાર્યપદારોહણ દિન ભક્તિભાવપૂર્વક વાતાવરણમાં સંપન્ન

માગસર વદ - ૮, તા. ૨-૧-૨૦૧૬ના રોજ પરમપૂજ્ય શ્રી ૧૦૮ કુંદકુંદચાર્યના આચાર્યપદારોહણ દિને સવારે પૂજ્યશ્રી ચંદ્રગુપ્ત મુનિ (બા.બ્ર.શ્રી અલકાબેનના ભાઈ) વિરચિત શ્રી કુંદકુંદાચાર્યની પૂજા કરવામાં આવી હતી. બા.બ્ર. બહેન શ્રી અલકાબેને આ પૂજાનું સંચાલન કર્યું હતું. ત્યારબાદ 'પૂજ્ય શ્રી કુંદકુંદસ્વામીના જીવન' વિષે પૂજ્યશ્રીના સ્વાધ્યાયની વિડીયો કેસેટ મૂકવામાં આવી હતી; જેમાં પૂજ્યશ્રીએ આચાર્યશ્રીના બાહ્યાંતર જીવનની ભાવવાહી ઝાંખી કરાવી હતી. રાત્રે પૂજ્યશ્રી કુંદકુંદસ્વામીની વિશેષ ભક્તિ કરવામાં આવી હતી. સૌ મુમુક્ષુઓ ભાવવિભોર થઈ ગયા હતા.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

● **ઓડિયો-વીડિયો વિભાગ :**

| | | |
|---|---|---|
| (૧) | આદ. શ્રી ઈલાબેન વનેચંદ મહેતા, અમદાવાદ | રૂા. ૫૦,૦૦૦/- |

● **પુસ્તક પ્રકાશન :**

| | | |
|---|---|---|
| (૧) | આદ. શ્રી જિનેશભાઈ કે. તુરખિયા, ચેન્નઈ | રૂા. ૩૩,૦૦૦/- |
| (૨) | આદ. શ્રી કમલેશભાઈ મનસુખલાલ ગોસલિયા, ચેન્નઈ | રૂા. ૧૦,૦૦૦/- |

**● સંત-ઉપવન વિભાગ :**

(૧) આદ.શ્રી જયંતિભાઈ તથા પુષ્પાબેન શાહ, લંડન (યુ.કે.) રૂા. ૩૬,૦૦૦/-

**● ગુરુકુળ :**

(૧) આદ.શ્રી મહેન્દ્રભાઈ ખંધાર તથા વીણાબેન ખંધાર (કોબા-યુ.એસ.એ.) રૂા. ૧૦,૦૦૦/-

**● ભોજનાલય (છાશકેન્દ્ર) :**

(૧) આદ.શ્રી મુક્તાબેન મહેતા (કોબા - રાજકોટ) રૂા. ૧૦,૦૦૦/-

## સંસ્થા સંચાલિત ગુરુકુળમાં શરૂ થયેલ સંસ્કૃતના વર્ગો

કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત 'અનૌપચારિક રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન' અંતર્ગત સંસ્કૃત શીખવા માગતા વિદ્યાર્થીઓને સંસ્કૃત શીખવાડવામાં આવે છે. આ કોર્સ ત્રણ મહિનાનો હોય છે.

સંસ્કૃત એ દેવભાષા અને પ્રાચીન ભાષા ગણાય છે. સંસ્થા સંચાલિત ગુરુકુળના બાળકો તથા સંસ્કૃત શીખવા ઈચ્છતા મુમુક્ષુઓ માટે વર્ગ શરૂ કરવામાં આવેલ છે. તા. ૨૦-૧૨-૧૫ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા સંસ્કૃતના વર્ગનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

કેન્દ્ર સરકાર દ્વારા નિમાયેલ સંસ્કૃત વિષયના નિષ્ણાંત અધ્યાપક દ્વારા નીચે જણાવેલ સમયમાં સંસ્કૃત શીખવાડવામાં આવશે. (શુક્રવાર : સવારે ૬.૦૦થી ૭.૦૦, શનિવાર : સાંજે ૩.૦૦થી ૫.૦૦, રવિવાર : સાંજે ૬.૦૦થી ૮.૦૦)

## સાયલા મુકામે પૂ.ભાનુવિજયજી મ.સા.ના પુસ્તક વિમોચનનો કાર્યક્રમ સંપન્ન

તા. ૩૧-૧૨-૨૦૧૫ના રોજ શ્રી રાજસોભાગ આશ્રમ, સાયલા મુકામે પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજના 'સમ્યગ્દર્શન' ઉપરના વ્યાખ્યાનોના સંકલનરૂપ 'સમ્યગ્દર્શન' પુસ્તકના વિમોચનનો મંગલપ્રસંગ સાનંદ સંપન્ન થયો.

જણાવતાં હર્ષ અનુભવાય છે કે સર્વમંગલમ્ આશ્રમ, સાગોડિયાથી પૂ. ભાનુવિજયજી મહારાજ તા. ૩૦મી એ સાયલા જતાં પહેલા સંસ્થાની વિનંતીને સ્વીકારી વિશ્રામ માટે કોબા પધાર્યા હતા. તેઓના આગમનથી સૌને તથા વિશેષ પૂજ્યશ્રીને ખૂબ જ આનંદ થયો. બન્ને સંતોના મિલનથી વાતાવરણ પવિત્ર બન્યું. સૌ ટ્રસ્ટીઓ પણ પધાર્યા હતા. સૌની સાથે મુલાકાત થઈ.

તા. ૩૧-૧૨-૨૦૧૫ને ગુરુવારના રોજ સવારે ૭ વાગ્યે પૂજ્યશ્રી સાથે થોડા મુમુક્ષુ ભાઈ-બહેનો સાયલા જવા નીકળ્યા. આદ.શ્રી વિક્રમભાઈ, આદ.શ્રી મીનળબેન તથા સૌ મુમુક્ષુઓએ ભાવભીનું સ્વાગત કર્યું. સૌને મળી આત્મીયતાનો આનંદ અનુભવ્યો. પૂજ્ય ભાઈશ્રી તથા પૂજ્યશ્રીનું સહૃદયતાપૂર્વક મિલન થયું. આ પ્રસંગે શ્રી રાજપરિવારની સાત સંસ્થાઓના ટ્રસ્ટીશ્રીઓ તથા મુમુક્ષુઓ પધાર્યા હતા. આદ.શ્રી વિક્રમભાઈએ સૌનું પ્રેમભર્યું સ્વાગત કર્યું તથા સમગ્ર કાર્યક્રમનું ખૂબ સુંદર સંચાલન કર્યું હતું.

સર્વમંગલમ્ આશ્રમ, સાગોડિયાના ટ્રસ્ટી આદ.શ્રી જગદીશભાઈ વોરાએ 'સમ્યગ્દર્શન' પુસ્તક વિષે સંપૂર્ણ માહિતી આપતાં જણાવ્યું હતું કે પૂજ્ય મહારાજશ્રીના ૧૯૯૮માં રાજકોટ મુકામે 'સમ્યગ્દર્શન' ઉપર મનનીય પ્રવચન થયા તેનું આ પુસ્તક રૂપે સંકલન શ્રી હર્ષવદનભાઈ શાહે ખૂબ પ્રેમપરિશ્રમ લઈને કર્યું છે. તેમાં સાધ્વીશ્રી પ્રિયદર્શનાજી તથા અનેકનો સહકાર મળ્યો છે.

દીપ પ્રાગટ્ય પછી શ્રી રાજસોભાગ આશ્રમના અધિષ્ઠાતાના શુભહસ્તે 'સમ્યગ્દર્શન' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આદ.શ્રી હર્ષવદનભાઈએ પણ પોતાના વક્તવ્યમાં પુસ્તકના સંકલન વિષેની સુંદર છણાવટ કરી હતી.

પૂજ્ય ભાઈશ્રીએ આ જ પુસ્તકનો તા. ૨૫ થી ૩૦ ડિસેમ્બરની શિબિરમાં સૌને સ્વાધ્યાય કરાવ્યો હતો. તેનો સૌને ખૂબ આનંદ હતો. તેઓએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે સર્વ ધર્મનો સાર તે 'સમ્યક્ત્વ' છે. તેઓએ જણાવ્યું કે પૂજ્ય બાપુજીએ સૌને સમ્યગ્‌દર્શનનું લક્ષ કરાવ્યું હતું.

પૂજ્યશ્રી આત્માનંદજીએ પોતાના સંક્ષિપ્ત ઉદ્‌બોધનમાં સમ્યગ્‌દષ્ટિ મહાત્માનું સ્વરૂપ અધ્યાત્મ કવિવર શ્રી બનારસીદાસના કવિત્ત 'સ્વારથ કે સાંચે...'ના આધારે સમજાવ્યું હતું. પરમકૃપાળુદેવે શ્રી પુષ્પમાળાથી શરૂ કરી અપૂર્વ અવસર સુધીમાં સમ્યગ્દર્શનનું સંપૂર્ણ સ્વરૂપ સમજાવી દીધું છે.

પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજે પોતાની આગવીશૈલીમાં ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે સમ્યગ્દષ્ટિ જીવ સુખમાં લેપાતો નથી અને દુઃખમાં શોક કરતો નથી. દર્શનમોહ જાય તો સમ્યગ્‌દર્શન આવે અને સમ્યગ્‌દર્શન આવે તો શુદ્ધતા પ્રગટે. સમ્યગ્‌દર્શન સહિત જ સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર પ્રગટે. આ કાળમાં વિવેકી મનુષ્યો મળવા દુર્લભ છે.

આદ.ડૉ. મહેન્દ્રભાઈ શાહે આભારદર્શન કર્યું હતું. કાર્યક્રમ બાદ સૌએ ભોજનપ્રસાદી લીધી હતી અને સૌ ત્રણ વાગ્યે સૌની ભાવભીની વિદાય લઈ સાયલા ગામમાં પૂજ્યશ્રી નાનચંદ્ર મહારાજશ્રીની ગાદીના દર્શન કરી, લીંબડીના હાઈવે પાસે સેનેટોરિયમમાં (ખંધાર પરિવારે જેમાં દાન આપેલ છે) અલ્પાહાર લઈ સુખરૂપ કોબા આવી ગયા હતા. લીંબડીમાં શ્રી નરેન્દ્રભાઈએ અલ્પાહારની ખૂબ સુંદર વ્યવસ્થા કરી હતી. તેમને ખૂબ ખૂબ ધન્યવાદ. આવા સુંદર આયોજન માટે શ્રી રાજ-સોભાગ આશ્રમના સર્વ સંચાલકોનું ખૂબ અભિવાદન કરી આભાર વ્યક્ત કરીએ છીએ.

## કાનપુર મુકામે પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ સત્સંગ સમારોહ સાનંદ સંપન્ન

તા. ૧૧-૧૨-૨૦૧૫ના રોજ આદ. મુમુક્ષુ શ્રી શિવાભાઈ હરિભાઈ ચૌધરી પરિવારની શુભભાવનાથી કાનપુર મુકામે પૂજ્યશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

પૂજ્યશ્રીએ ભક્તકવિ નરસિંહ મહેતાના 'વૈષ્ણવજન' પદની પહેલી તથા છેલ્લે કડીનું વિશ્લેષણ કરી સુંદર જીવન જીવવાનો બોધ આપ્યો હતો. બા. બ્ર. આદ. બહેનશ્રી અલકાબેને 'પ્રેમીજન આવો રે' શ્રી ભક્તકવિ છોટમનું ભાવવાહી પદ ઝીલાવ્યું હતું.

પૂ.બહેનશ્રીએ પૂજ્યશ્રીએ કરેલી પ્રેમની વ્યાખ્યા "Total (સંપૂર્ણ) Unilateral (એકતરફી) unconditional (બિનશરતી) Enlightened (સમજણપૂર્વક) Surrender (શરણાગતિ)" ઉપર વિચારણા કરી હતી.

બા. બ્ર. આદ. ચંદ્રિકાબહેન પંચાલીએ ભાવવાહી ઉદ્‌બોધન કર્યું હતું; જેમાં સંતોનું માહાત્મ્ય દર્શાવી, તેમના જીવનમાંથી પ્રેરણા લેવાનો બોધ આપ્યો હતો. બા. બ્ર. આદ. શ્રી સુરેશજીએ 'પ્રભુનું નામ રસાયણ સેવે' પદના એક કડીના આધારે ભવરોગ મટાડવા માટે પ્રભુભક્તિરૂપ રસાયણ અને તે સાથે પથ્યરૂપ ચરી (સદ્‌ગુણસંપન્નતા)ની આવશ્યકતા સમજાવી હતી.સત્સંગ, આરતી પછી સૌએ ભોજનપ્રસાદી લીધી હતી. આશરે ૫૦૦ ભાવિકોએ સત્સંગનો લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રખિયાલના મુમુક્ષુ આદ. શ્રી રામજીભાઈ પટેલે સુપેરે કર્યું હતું. આવા સુંદર આયોજન માટે સંસ્થા તરફથી તેમને ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ.


## ધ્યાનકક્ષમાં ભક્તિ સાનંદ-સંપન્ન

આદ. સ્વ. બહેનશ્રી જયશ્રીબેન અરુણભાઈ બગડિયાની જન્મતિથિ નિમિત્તે તા. ૨૩-૧૧-૧૫ના રોજ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ તથા રાત્રે ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌએ ભાવવાહી ભક્તિ કરાવી હતી. આ પ્રસંગે શ્રી બગડિયા પરિવાર તરફથી તા. ૨૩-૧૧-૧૫ની કાયમી ભોજનાલયની તિથિ નોંધાવેલ છે. તે માટે સંસ્થા તેમનો આભાર વ્યક્ત કરે છે. સ્વ. બહેનશ્રી જયશ્રીબેનની પ્રથમ પુણ્યતિથિ (તા. ૧૦-૧૨-૧૫)ના રોજ આદ. શ્રી અરૂણભાઈ બગડિયાની સાધનાકુટિરના ભોંયરામાં પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં સાંજે ૭ વાગ્યે ધ્યાનકક્ષનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ધ્યાનકક્ષમાં સૌએ ખૂબ ઉલ્લાસભાવથી ભક્તિ કરી હતી. સૌને ખજૂર તથા ફ્રૂટની પ્રભાવના કરવામાં આવી હતી. પૂજ્યશ્રીએ આદ.શ્રી અરૂણભાઈને વિશેષ ધર્મ-આરાધના માટે શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

## સંસ્થાની મુલાકાતે પધારેલા આશ્રમશાળાના વિદ્યાર્થીઓ

આપણી સંસ્થાના ટ્રસ્ટી આદ.શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ દ્વારા ધરમપુર વિસ્તારના પિંડવળ ગામમાં સર્વોદય પરિવાર ટ્રસ્ટ સંચાલિત આશ્રમશાળાના લગભગ સિત્તેર જેટલા વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓ પ્રવાસ અર્થે સંસ્થામાં આવ્યા હતા. બાળકોએ સંસ્થાદર્શન કર્યું હતું તથા મંદિરજીમાં અભિષેક-પૂજા જોવાનો લાભ લીધો હતો. આપણા ગુરુકુળના બાળકો સાથે મુલાકાત કરી હતી. બાળકોનું શિસ્તપાલન ઘણું જ સારું હતું. સંસ્થાની મુલાકાત માટે લાવવા બદલ વ્યવસ્થાપકોને ધન્યવાદ આપીએ છીએ.

## વૈરાગ્ય સમાચાર



(૧) **અમદાવાદ :** આપણી સંસ્થાના ભૂતપૂર્વ ટ્રસ્ટી તથા સિનિયર મુમુક્ષુ આદ.શ્રી મનહરભાઈ જશવાણીના બનેવી **શ્રી રસિકલાલ રતિલાલ શાહ**નું ૮૨ વર્ષની વયે ફ્લોરિડા (યુ.એસ.એ.) મુકામે દેહાવસાન થયું છે.

તેઓ આપણી સંસ્થામાં પ્રસંગોપાત પધારીને સત્સંગનો લાભ લેતા હતા. તેઓ પૂજ્યશ્રી આત્માનંદજીની કેસેટો ભાવપૂર્વક સાંભળતા હતા. પરમકૃપાળુદેવ રચિત 'અપૂર્વ અવસર' અને 'અમૂલ્ય તત્ત્વવિચાર' તેઓના પ્રિય કાવ્યો હતા. તેઓ 'દિવ્યધ્વનિ'ના આજીવન સભ્ય હતા. તેઓ ધર્મપ્રેમી અને મિલનસાર સ્વભાવના હતા. આપણી સંસ્થામાં બે મિનિટનું મૌન પાળીને તેઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૨) મુંબઈ : આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા આદ. મુમુક્ષુ ભાઈશ્રી અનુપમભાઈ શાહના શ્વસુર **શ્રી પુનમચંદ અંબાલાલ વખારિયા**નું તા. ૧૩-૧૨-૨૦૧૫ના રોજ ૯૨ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ નિખાલસ, સરળ અને અધ્યાત્મપ્રેમી વ્યક્તિત્વ ધરાવતા હતા. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ કરવું તેમને અત્યંત પ્રિય હતું. તેઓ પ્રસંગોપાત આપણી સંસ્થામાં પધારીને સત્સંગનો લાભ લેતા હતા. પૂજ્યશ્રી આત્માનંદજીએ તેઓના નિવાસસ્થાને પગલાં કરીને તેઓને ધર્મમાર્ગે આગળ વધવાની પ્રેરણા આપી હતી. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

# હિતકારી વચનો

- હે ભવ્ય ! લોકમાં નમન કરવા યોગ્ય પુરુષો તે પણ જેને નમે છે, ધ્યાવવા યોગ્ય પુરુષો પણ જેનું નિરંત ધ્યાન કરે છે તથા સ્તુતિ કરવા યોગ્ય પુરુષો તે પણ જેની સ્તુતિ કરે છે એવા પરમાત્મા આ દેહમાં જ બિરાજે છે, તેને ગમે તેમ કરીને જાણ. - શ્રી કુંદકુંદાચાર્ય 'મોક્ષપાહુડ' - ૧૦૩

- જે પુરુષો (સમ્યગ્) દર્શનથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે. જે દર્શનથી ભ્રષ્ટ છે તેનું નિર્વાણ નથી. ચારિત્રભ્રષ્ટ સિદ્ધિને પ્રાપ્ત થાય છે. દર્શનભ્રષ્ટની સિદ્ધિ નથી. - શ્રી કુંદકુંદાચાર્ય 'દર્શનપાહુડ' - ૪

- જે મુનિ, આ અપવિત્ર શરીરથી પોતાના આત્માને ભિન્ન જ્ઞાયકસ્વરૂપ જાણે છે તેમાં તેણે સર્વ શાસ્ત્રો જાણ્યાં. - શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા - ૪૬૩

- હે જીવ ! 'હું અકિંચન છું' અર્થાત્ મારું કાંઇ પણ નથી એવી સમ્યક્ભાવનાપૂર્વક તું નિરંતર રહે, કારણ કે એ જ ભાવનાના સતત ચિંતવનથી તું ત્રૈલોક્યનો સ્વામી થઇશ. આ વાત માત્ર યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું.
  - શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન - ૧૧

- જે જાણે છે તે જ દેખે છે અને તે નિરંતર ચૈતન્ય સ્વરૂપને છોડતો નથી, તે જ હું છું, એનાથી ભિન્ન બીજું મારું કોઈ સ્વરૂપ નથી. આ સમીચીન ઉત્કૃષ્ટ તત્વ છે. ચૈતન્યસ્વરૂપથી ભિન્ન ક્રોધાદિ વિભાવભાવ અથવા શરીર આદિ છે તે સર્વ અન્ય અર્થાત્ કર્મથી ઉત્પન્ન થયા છે. સેંકડો શાસ્ત્રો સાંભળીને અત્યારે મારા મનમાં આ જ એક શાસ્ત્ર (અદ્વૈત તત્વ) વર્તમાન છે.
  - શ્રી પદ્મનંદિપંચવિંશતિ, પરમાર્થવિંશતિ - ૫

- વિનય વગરની જીવની સર્વ શિક્ષા નિરર્થક હોય છે. શિક્ષાનું ફળ વિનય છે અને વિનયનું ફળ સર્વકલ્યાણ છે. વિનય મોક્ષનું દ્વાર છે, વિનય વડે સંયમ, તપ અને જ્ઞાન થાય છે તથા આચાર્યની અને સર્વ સંઘની આરાધના પણ વિનય વડે થાય છે.
  - શ્રી શિવકોટિ આચાર્ય 'ભગવતી આરાધના' - ૧૩૩, ૧૩૪

- મોહથી અંધ જીવોના હૃદયમાં બાહ્ય સ્ત્રી, પુત્ર, શરીર આદિ પદાર્થો પોતાપણે ભાસે છે. મોહરહિત પુરુષોના હૃદયમાં કર્મમલથી રહિત અવિનાશી આત્મા જ સદા પોતાપણે ભાસે છે. હે જીવ ! જો તું આ બે ભેદને સમજી ગયો છે તો તું આ સ્ત્રી, પુત્રાદિ કે જેને તેં પોતાના માની લીધા છે તેમાં એકત્વબુદ્ધિરૂપ દુષ્ટ મોહનો ક્ષણ માત્રમાં નાશ કેમ કરતો નથી ? - શ્રી અમિતગતિઆચાર્ય 'તત્ત્વભાવના' - ૮૮

- ભવ્ય જીવોને શ્રી ગુરુ ઉપદેશ કરે છે કે શીઘ્ર મોહનું બંધન તોડી નાખો, પોતાનો સમ્યક્ત્વ ગુણ ગ્રહણ કરો અને શુદ્ધ અનુભવમાં મસ્ત થઈ જાઓ. પુદ્ગલ દ્રવ્ય અને રાગાદિક ભાવો સાથે તમારે કોઈ સંબંધ નથી. એ સ્પષ્ટ અચેતન છે અને તમે અરૂપી ચૈતન્ય છો તથા પાણીથી ભિન્ન તેલની પેઠે તેમનાથી તમે જુદાં છો. - શ્રી બનારસીદાસજી 'નાટક સમયસાર'

- 'શરીરાદિથી આત્મા ભિન્ન છે' એ વાત ઘણી વાર ગુરુમુખેથી સાંભળે તથા બીજાઓને તેવો ઉપદેશ પણ વારંવાર આપે, છતાં જ્યાં સુધી આત્માને શરીરાદિથી દૃઢપણે ભિન્ન અનુભવે નહિ અર્થાત્ જ્યાં સુધી સ્વસન્મુખતાપૂર્વક તેનું તેને ભાવભાસન થાય નહિ ત્યાં સુધી જીવ મુક્તિ (મોક્ષ)ને લાયક બની શકે નહીં. - આચાર્ય શ્રી પૂજ્યપાદ સ્વામી 'સમાધિશતક'-૮૧

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## સંસ્થાની મુલાકાતે પધારેલા સર્વોદય પરિવાર ટ્રસ્ટ સંચાલિત આશ્રમશાળાના વિદ્યાર્થીઓ (પિંડવળ)



### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' જાન્યુઆરી - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

૧ **સ્વ. શ્રી પ્રવીણચંદ્ર જે. વીપાણીના આત્મશ્રેયાર્થે**

હસ્તે : આદ. શ્રી ચંદ્રિકાબેન વિપાણી પરિવાર, CA (USA)

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' જાન્યુઆરી - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

૨ **આદ. શ્રી પુષ્પાબેન તથા આદ. શ્રી જયંતિભાઈ વી. શાહ પરિવાર,** લંડન (યુ.કે.)

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007,
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah